gujaratvandan.com

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

સાપ્તાહિક

# ગુજરાત વંદન

ગુરૂવાર 30 જૂન 2022

અષાઢ સુદ -01, વિક્રમ સંવત 2078 | કિંમત : રૂા. 5 | વાર્ષિક : રૂા. 250 | વર્ષ : 06 | અંક : 08 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12



'સ્ત્રી' બનીને ફરી ડરાવશે શ્રદ્ધા કપૂર

પેજ 11

**સુવિચાર**

હૃદયથી સાફ રહેશો તો ઘણા બધાના ખાસ રહેશો, સુવિચારો મહત્વના નથી પરંતુ શું વિચારો છો તે મહત્વનું છે.

### મોડી રાત્રે રાજકીય સમીકરણો બદલાયા, સુપ્રીમ કોર્ટે ફ્લોર ટેસ્ટ રોકવા કર્યો ઈન્કાર અને ઠાકરે પહોંચ્યા ફેસબુક પર..

# ફ્લોર ટેસ્ટ પહેલા ઠાકરેનું (ના)રાજીનામુ

Open a Free Demat A/c* with mastertrust

**બજાર અપડેટ**

| સેન્સેક્સ | નિફ્ટી |
| --- | --- |
| 53,026.97 | 15,799.10 |

**ટોપ ગેનર્સ**

| | |
| --- | --- |
| ઓએનજીસી | + 3.21 |
| એનટીપીસી | + 2.27 |
| રિલાયન્સ ઇન્ડ. | + 2.08 |

**ટોપ લુઝર્સ**

| | |
| --- | --- |
| HDFC લાઈફ ઇન્સ્યો. | -4.36 |
| હિન્દુસ્તાન યુનિલિવર | -3.63 |
| એપોલો હોસ્પિટલ | -3.24 |

mastertrust®
BROKING & INVESTMENTS

| સોનું | ચાંદી |
| --- | --- |
| 52,715 | 59,400 |

## હમે તો અપનોને લુંટા ગૈરોમે કહાં ઈતના દમ થા, મેરી કસ્તી વહાં ડુબી જહાં પાની કમ થા..

ગુજરાત | વંદન

મહારાષ્ટ્રના રાજકારણમાં મોડી રાત્રે સુપ્રીમ કોર્ટના આદેશના પગલે નવા સમીકરણો રચાયા હતા. સુપ્રીમ કોર્ટે 30મી જૂને વિધાનસભામાં ફ્લોર ટેસ્ટ એટલે કે વિશ્વાસનો મત લેવા પર કોઈ રોક લગાવી નથી. કોર્ટે જાહેર કર્યુ કે તેઓ આ રીટ મામલે ચોક્કસ સુનાવણી હાથ ધરશે અને તેના મેરિટ્સ ઉપર પણ સાભળશે પરંતુ હાલમાં તેવો ફ્લોર ટેસ્ટને રોકી સકતા નથી, આમ મોડી રાત્રે આ ચુકાદાના પગલે હવે 30 જૂને ફ્લોર ટેસ્ટ રોકવા મામલે કોઈ કાયદાકીય બંધન નથી. જોકે આવતી કાલે સવારે 11વાગે ફ્લોર ટેસ્ટ યોજાય તે પહેલા ઉદ્ધવ ઠાકરે મુખ્યમંત્રી પદેથી રાજીનામુ આપી દે તેવી પ્રબલ શક્યતાઓની વચ્ચે ઠાકરેએ ફેસબુક માધ્યમથી મોડી રાત્રે પ્રજાજોગ સંબોધન કરીને રાજીનામુ આપવાની જાહેરાત કરી હતી આજે સાંજે મળેલી મંત્રીમંડળની બેઠકમાં





તેમણે સાથી પક્ષો એનસીપી અને કોંગ્રેસનો ખુબ ખુબ આભાર માનીને લાગણીવશ થઈને કહ્યું હતુ કે તેમની સાથે તેમના જ માણસોએ દગો કર્યો છે. આ છેલ્લી કેબિનેટમા ઠાકરે સરકારે ઓરંગાબાદનુ નામ બદલીને સંભાજીનગર અને ઉસ્માનાબાદનુ નામ બદલીને ધારાશિવ કરવાનો નિર્ણય પણ કર્યો હતો. આમ 21 જૂનથી મહારાષ્ટ્રના રાજકારણમા અને સરકારમા શરુ થયેલી ઉથલપાથલનો આજે દેખીતી રીતે અંત આવ્યો હતો, જો આવતી કાલે ફ્લોર ટેસ્ટના યોજાય તો શિંદે ભાજપના ટેકાથી સરકાર રચવાનો દાવો કરી શકે તેમ છે.

દરમિયાનમાં ઠાકરે જુથ દ્વારા રાજ્યપાલના ફ્લોર ટેસ્ટના આદેશના સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. તેના ઉપર આજે 29મીએ કોર્ટે પોતાનો ચુકાદો આપ્યો હતો.

બીજી તરફ મોડી રાત્રે સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ વિદાયમાન મુખ્યમંત્રી ઠાકરેએ સોશલ મીડિયાના માધ્યમથી મહારાષ્ટ્રની પ્રજાજોગ સંબોધન કર્યુ હતુ અને તેમણે ક્યા સંજોગોમાં રાજીનામુ આપવુ પડ્યુ તેની હકીકતો રજુ કરીને ખરી શિવસેના બાલા સાહેબની છે અને શિવસેનાએ હિંદુતત્વનો માર્ગ છોડ્યુ નથી એમ કહીને બળવાખોરો સત્તાની લાલચમાં આવી ગયા અને શિવસેના સાથે વિશ્વાસઘાત કર્યો હતો તેમણે અઢી વર્ષ દરમિયાન અઘાડી સરકાર દ્વારા કરાયેલી કામગીરીનુ વર્ણન કરીને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પદે કોણ હોય તે બાલા સાહેબનુ સ્વપ્ન પણ પૂર્ણ થયુ છે. તેમણે સાથી પક્ષો એનસીપીના શરદ પવાર, કોંગ્રેસના સોનિયા ગાંધી સહિત સૌ કોઈનો આભાર માન્યો હતો અને 2 શહરોના બદલેલા નામ અંગે ખુલાસો પણ કર્યો હતો. હિંદુત્વની લડ઼ાઈ ચાલૂ રહેશે તેમા કોઈ બાંધછોડ નહી થાય તેની ખાતરી પણ આપી હતી. અમે પ્રજા માટે સારુ કરી રહ્યા હતા.

...અનુસંધાન પાના નં. 06

## બિહારમાં ઓવૈસીને મોટો ઝટકો, 4 ધારાસભ્યો RJDમાં જોડાઈ ગયા

**તેજસ્વી યાદવનું વધ્યું કદ, RJD બની સૌથી મોટી પાર્ટી**

ગુજરાત | વંદન

મહારાષ્ટ્ર બાદ બિહારમાં મોટુ રાજકીય સંકટ શરૂ થયું છે. ઓવૈસી પાર્ટીના 4 ધારાસભ્યોએ RJDમાં જોડાયા છે. બિહારમાં AIMIMના 5 ધારાસભ્યોએ ચૂંટણી જીતી હતી. જેમાંથી 4 ધારાસભ્યો રાજદમાં જોડાયા છે. AIMIM પાર્ટીના જે ધારાસભ્યો રાજદમાં જોડાયા છે, તેમાં નામ કોચાધામન સીટથી ધારાસભ્ય મુહમ્મદ ઈઝહાર અસ્ફી, જોકીહાટથી શાહનવાઝ આલમ, બાયસીથી રુકનુદ્દીન અહમદ અને બહાદુરગંજથી ધારાસભ્ય અનઝાર નઈમી છે. ગત વિધાનસભા ચૂંટણીમાં RJD સૌથી મોટી પાર્ટી બનીને



...અનુસંધાન પાના નં. 06

## પૂરના પાણી...એક લાચાર પિતા...ત્રણ માસૂમ સંતાનોની જીંદગી, અને ફાધર્સ ડે..!



દેશના પૂર્વોત્તર રાજ્ય આસામમાં ચોમાસા દરમિયાન ભારે પૂર આવ્યું છે. ખેતરોમાં અને ગ્રામીણ ક્ષેત્રમાં ચારેય તરફ પાણી જ પાણી ફેલાઇ ગયેલું છે. આવા જ એક ભારે પૂરના પાણીમાંથી પોતાના ત્રણ સંતાનોને ઉંચકીને તેમને સુરક્ષિત સ્થળે લઇ જવાની મથામણમાં હોય તેવી એક તસવીર અખબારોમાં અને સોશિયલ મીડિયામાં વાયરલ થઇ છે. તસવીર બોલે છે તે મુજબ જો જોઇએ તો એક પિતાના ખભે એક બાળક છે અને બંન્ને હાથથી બીજા બે સંતાનોને ઉંચક્યા છે. એટલે એક પિતા ભારે પૂરના પાણીમાંથી પોતાના ત્રણ સંતાનોને બચાવવા માટે જે પ્રયાસ કરી રહ્યો છે. તે તસવીર ફાધર્સ ડેની ઉજવણીથી કમ નથી...! ખરેખર તો આ તસવીર જ ફાધર્સ ડે એટલે કે પિતાનો દિવસ સમાન છે. કારણ કે એક લાચાર મજબૂર પિતા પૂરના પાણીમાં અડધો ડૂબેલો અને પોતાના ત્રણ સંતાનોને બચાવવાની જે જહેમત ઉઠાવી રહ્યો છે, તે ખરેખર કાબિલ-એ-તારીફ છે. આ તસવીર તે તમામ પિતાઓને અર્પણ છે કે જેઓ સંતાનો માટે પોતાના જીવનું જોખમ લેતાં ખચકાતા નથી. સલામ...!

## CM ભૂપેન્દ્ર પટેલ કોરોના સંક્રમિત, થયા હોમ આઈસોલેટ

■ કોવિડના લક્ષણ જણાયા બાદ કરાવ્યો હતો ટેસ્ટ



ગુજરાત | વંદન

રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ કોરોનાની ઝપટમાં આવ્યા છે. મુખ્ય પ્રધાન કોરોના સંક્રમિત થતા હોમ આઈસોલેટ થયા છે. ઉલ્લેખનીય છે કે ગઈકાલે મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં રાજ્યમાં કાયદા અને વ્યવસ્થા મુદ્દે ચર્ચા થવાની હતી. બેઠકમાં રથયાત્રામાં સુરક્ષા સંબંધિત ચર્ચાઓ આ બેઠકમાં થવાની હતી. જોકે ભૂપેન્દ્ર પટેલ કોરોના સંક્રમિત થતા બેઠક રદ કરવામાં આવી છે. હાલ સીએ સંપૂર્ણ સ્વસ્થ છે. હળવા લક્ષણો જોવા મળતા પોતાના નિવાસસ્થાને આઈસોલેટ થયા છે. ગુજરાતના

...અનુસંધાન પાના નં. 06

### કોણ કરશે પહિંદ વિધિ..

અમદાવાદની ઐતિહાસિક રથયાત્રા સામે એક મોટુ ધાર્મિક સંકટ સર્જાયુ છે. સામાન્ય રીતે વર્ષોથી રાજ્યના મુખ્યમંત્રી રથયાત્રાને સોનાની સાવરણીથી પહિંદ વિધિ કર્યા બાદ પ્રસ્થાન કરાવતા આવ્યાં છે. પરંતુ આ વખતે વર્તમાન સીએમ ભૂપેન્દ્ર પટેલ રથયાત્રા પહેલાંજ કોરોનાગ્રસ્ત થતાં તેઓ મંદિરમાં આવી શકે તેમ નથી ત્યારે સવાલ એ ચર્ચાઇ રહ્યો છે કે હવે આ પહિન્દ વિધિ કોણ કરશે..મહેસુલમંત્રી રાજેન્દ્ર ત્રિવેદી, ગૃહમંત્રી હર્ષ સંઘવી, ભાજપના અધ્યક્ષ સીઆર પાટિલ કે કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ..?




### ઘટનામાં ભોગ બનનારાઓ માટે 4 લાખની સહાયની CM દ્વારા જાહેરાત

# બિહારમાં વીજળી પડવાથી 1 દિવસમાં 22 લોકોના મોત

ગુજરાત | વંદન



બિહારમાં ચોમાસાની સિઝન દરમિયાન આકાશમાંથી આફતનો વરસાદ થઈ રહ્યો છે. રાજ્યના અલગ-અલગ જિલ્લાઓમાં છેલ્લા 24 કલાકમાં વીજળીના કહેરથી 22 લોકોના મોત થયા છે. સૌથી વધારે સારણમાં 5 લોકોના મોત થયા છે. ભોજપુરમાં 4 લોકોના મોત થયા છે. આ ઉપરાંત બક્સર, નવાદા, પશ્ચિમી ચંપારણ, પૂર્વી ચંપારણ, મુઝફ્ફરપુર, અરરિયા, અને બાંકા જિલ્લામાં પણ વીજળીની લપેટમાં આવવાથી લોકોના મેત થયા છે. સારણમાં મૃતક 5 લોકોમાં માતા-પુત્રી પણ સામેલ છે. ભોજપુર જિલ્લાના મુફસ્સિલ, ટાઉન, પીરો અને સંદેશ વિસ્તારમાં મંગળવારે વીજળીનો કહેર જોવા મળ્યો હતો. ત્યાં કુલ 4 લોકોના વીજળીની લપેટમાં આવવાથી મોત થઈ ગયા હતા. બક્સર અને નવાદા જિલ્લામાં પણ અલગ-અલગ સ્થળો પર એક-એક વ્યક્તિનું મૃત્યુ થયું છે.

પૂર્વી ચંપારણ જિલ્લાના પલનવા, છૌડદાનો અને સુગૌલીમાં પણ વીજળી પડી હતી. આ બંને જિલ્લાઓમાં 2 બાળકો સહિત 6 લોકોના મોત થયા હતા. મુઝફ્ફરપુર જિલ્લામાં વીજળીની લપેટમાં આવવાથી 2 લોકોના મોત થઈ ગયા હતા. અરરિયા જિલ્લાના નરપતગંજ અને પલાસીમાં એક-એક વ્યક્તિનું મોત થયું છે. બાંકા જિલ્લાના શંભુગંજમાં વીજળી

...અનુસંધાન પાના નં. 06

### વાંકી નજરે...




સૌજન્યથી..

## રોહિત શર્મા છેલ્લી ટેસ્ટમાંથી બહાર, બુમરાહ કેપ્ટન

ગુજરાત | વંદન

ઈન્ડિયા આગામી મહિનાની પહેલી તારીખથી ઈંગ્લેન્ડ સામે 5 મેચની ટેસ્ટ સીરિઝની છેલ્લી મેચ રમવાની છે. પરંતુ આ ટેસ્ટ મેચ પહેલા જ ભારતીય ટીમને એક મોટો ઝટકો લાગ્યો જ્યારે ટીમનો કેપ્ટન રોહિત શર્મા કોરોના સંક્રમિત થયો છે. સમગ્ર દુનિયા રાહ જોઈ રહી હતી કે રોહિત પાંચમી ટેસ્ટમાં રમી શકશે કે નહીં. જોકે, હવે રોહિત રમશે કે નહીં રમે તેના પર અપડેટ આવી ગયા છે. રોહિત શર્માને લઈને એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. ખરેખરમાં રોહિત શર્મા ઈંગ્લેન્ડ સામે છેલ્લી ટેસ્ટથી પહેલા સ્વસ્થ થઈ શક્યો નથી અને હવે તેને આ મોટી મેચથી બહાર રહેવું પડશે. રોહિતની ગેરહાજરીમાં જસપ્રીત બુમરાહ ટીમનો કેપ્ટન બનશે.

## TET પાસ ઉમેદવારોએ શિક્ષણ મંત્રી તથા મુખ્યમંત્રીને કરી રજૂઆત

# પ્રવાસી શિક્ષકોની શરૂ થયેલી ભરતી પ્રક્રિયા સામે વિરોધ



ગુજરાત | વંદન

ગુજરાત રાજ્યમાં વિદ્યા સહાયકોની ભરતીના મુદ્દે મંગળવારે મોટી સંખ્યામાં ઉમેદવારો ગાંધીનગર ખાતે એકત્રિત થયા હતા. આ ઉમેદવારોના અલગ-અલગ પ્રતિનિધિમંડળ દ્વારા ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવી હતી.

ગુજરાત રાજ્યની અલગ અલગ શાળાઓમાં મળીને કુલ ૧૯ હજારથી વધુ જગ્યાઓ ખાલી હોવાનું જણાવતા વિદ્યા સહાયકોના પ્રતિનિધિ જસ્મીનભાઈ પટેલે ઉમેર્યું હતું કે છેલ્લા ચાર વર્ષમાં 60% મુજબ ઓછામાં ઓછી ૧૨૫૦૦ જગ્યાઓ ભરવી જોઈએ. જેના બદલે માત્ર 3,300 ની જ જાહેરાત આપીને ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જેમાં ઉત્તીર્ણ થયેલા કુલ ઉમેદવારો પૈકી આશરે 700 જેટલા ઉમેદવારોને અન્યત્ર નોકરી ચાલુ હોવાને કારણે હાજર થયા નથી. તો બીજી બાજુ ગત મહિને આશરે 1500 જેટલા લોકો નિવૃત્ત થયા છે. આમ 3,300 ની ભરતી માંથી 2200 જેટલી જગ્યાઓ તો પુનઃ ખાલી થઈ જવા પામી હોવાનું તેઓએ જણાવ્યું હતું.

અન્ય એક પ્રતિનિધિ હરીશભાઈ ચાવડાએ પોતાનો આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ગ્રામ્ય વિસ્તારમાં ગરીબોના બાળકો ભણતા હોય છે, ધારાસભ્યો કે પ્રધાનોના બાળકો આવા ગ્રામ્ય વિસ્તારમાં આવેલી શાળાઓને અવગણતા હોય છે. જેથી ખરેખર સાચા અર્થમાં ગામડાઓનો અને ગુજરાતનો વિકાસ કરવો હોય તો દરેક શાળાઓમાં શિક્ષકોનું પૂરતું મહેકમ હોવું અત્યંત આવશ્યક છે.

આ તબક્કે વિદ્યા સહાયકો દ્વારા જણાવાયા મુજબ રાજ્યમાં આશરે એક લાખ એંસી હજારથી વધુ TET પાસ ઉમેદવારો હોવા છતાં લાયકાત ધરાવતા ન હોય એવા, પ્રવાસી શિક્ષકોની દસ હજાર જેટલી જગ્યાઓ બહાર પાડવા સામે અમારો ઉગ્ર વિરોધ છે. અમારા આટલા ઉચ્ચ અભ્યાસ પછી જો લાયકાતવાળા ઉમેદવારો લેવાને બદલે સરકાર માન્ય એવી TET ની લાયકાત વગરના ઉમેદવારોને લેવામાં આવશે તો ભારતના ભાવિ સમાન નાના બાળકોનું ભવિષ્ય અંધકારમય બની રહેશે.

આ બાબતે ગાંધીનગર ખાતે પ્રાથમિક શિક્ષણ નિયામક, શિક્ષણ મંત્રી તથા મુખ્યમંત્રી સહિત ઉચ્ચ સ્તરે રજૂઆતો કરવામાં આવી છે.

# રશિયા-યુક્રેનની લડાઈમાં બેરોજગાર થયા સુરતના 25 હજાર રત્ન કલાકાર

ગુજરાત | વંદન



રશિયા અને યુક્રેન વચ્ચે ફેબ્રુઆરીથી ચાલી રહેલા યુદ્ધ નું પરિણામ હવે ભારતને પણ ભોગવવું પડી રહ્યું છે. અહેવાલો અનુસાર, આ યુદ્ધની અસર ભારતીય શહેર સુરત ના હીરાના વ્યવસાય પર પણ પડી છે. અહેવાલો અનુસાર, રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને કારણે રફ હીરાની આયાતમાં ઘટાડો થયો છે. જેના કારણે માર્કેટમાં હીરાના ધંધામાં પણ મંદી જોવા મળી રહી છે. આ મંદીના કારણે સુરતમાં 25000 જેટલા હીરાના કારીગરો બેરોજગાર બન્યા છે.

ઉલ્લેખનીય છે કે દેશમાં 65 ટકા રફ હીરા રશિયાથી આયાત કરવામાં આવે છે. અહીં હીરાનો વ્યવસાય 100% આયાત પર આધારિત છે. રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ શરૂ થયા બાદ હવે સ્થાનિક બજારમાં હીરાની અછત સર્જાઈ છે. દેશમાં રફ હીરાની આવકમાં 29 ટકાનો ઘટાડો થયો છે. હીરાની આયાતમાં ઘટાડાની સીધી અસર બિઝનેસ પર પડી છે. જેના કારણે ગુજરાતના સુરતમાં 25 હજાર કારીગરો બેરોજગાર બન્યા છે. જ્યાં કામ ચાલી રહ્યું છે ત્યાં કામના કલાકો પણ ઘટીને 8થી 6 પર આવી ગયા છે. હીરાના વેપારીઓએ કારીગરોને એકને બદલે બે દિવસની રજા આપવાનું શરૂ કરી દીધું છે. તમને જણાવી દઈએ કે ભારત રશિયાથી વાર્ષિક 75,000 કરોડ રૂપિયાના હીરાની આયાત કરે છે, પરંતુ રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ શરૂ થયા બાદ તેમાં ઘટાડો થયો છે.

## ગાંધીનગરના ખ - માર્ગ પર સર્જાયેલા અકસ્માતમા બેના મોત

ગુજરાત | વંદન

ગાંધીનગરના ખ - માર્ગ ઉપર મધરાતે સર્જાયેલા અકસ્માતમાં બે યુવાનોના કરૂણ મોત થતાં સનસનાટી મચી જવા પામી હતી. ગાંધીનગરનો ખ - માર્ગ એટલે એક પણ સ્પીડ બ્રેકર વગરનો માર્ગ કહી શકાય. મહાત્મા મંદિરથી ખ - ૦ સુધી જતા વાહનચાલકો પૂર ઝડપે બેરોકટોક જતા હોય છે. એમાં જો કોઈ દ્વિચક્રી વાહન અડફેટે આવી જાય તો પણ મોટા વાહન ચાલકો પોતાના વાહનને બ્રેક મારવાની દરકાર લેતા નથી. થોડા સમય પહેલા એક કારચાલકે એક પુરુષને ટક્કર મારીને મોત નિપજાવ્યાની ઘટના બનવા પામી હતી. જ્યારે શનિવાર મધરાતે આશરે અઢી વાગ્યાના સુમારે દ્વિચક્રી વાહનને અકસ્માત થતા બે યુવાનોના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતા. આ અંગે સેક્ટર - ૭ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

## દર્દી દેશમાં ક્યાંયથી પણ ડાયાલીસીસ કરાવી શકશે

# હવે દેશમાં ટુંક સમયમાં 'વન નેશન વન ડાયાલીસીસ' કાર્યક્રમ અમલી

ગુજરાત | વંદન

વન નેશન વન રેશન કાર્યક્રમની જેમ હવે દેશમાં ટુંક સમયમાં વન નેશન વન ડાયાલીસીસ કાર્યક્રમ દેશમાં લાગુ પડશે. આ જાહેરાત કેન્દ્રીય આરોગ્યમંત્રી મનસુખ માંડવીયાએ કરી હતી.



તેમણે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર ટુંક સમયમાં જ પ્રધાનમંત્રી રાષ્ટ્રીય ડાયાલીસીસ કાર્યક્રમ અંતર્ગત એક રાષ્ટ્ર એક ડાયાલીસીસ કાર્યક્રમ શરૂ કરશે. આ યોજનાના માધ્યમથી કોઈપણ દર્દી દેશમાં કયાંયથી પણ ડાયાલીસીસની સુવિધા પ્રાપ્ત કરી શકે છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રી હાલ તામિલનાડુ અને પુડુચેરીના બે દિવસીય પ્રવાસે છે. તેમણે ચેન્નાઈમાં તામિલનાડુ સરકારના મલ્ટી સુપર સ્પેશ્યાલીટી હોસ્પીટલમાં સ્થાપિત રોબોટીક મશીનનું અવલોકન કર્યું હતું.આ તકે તેમણે જણાવ્યું હતું કે સરકાર દેશમાં સ્વાસ્થ્ય સેવાઓને મજબૂત કરવા માટે સતત કાર્ય કરી રહી છે, જેથી એ નિશ્ચિત થાય છે. આજે દરેક નાગરિકને ગુણવતાપૂર્ણ સ્વાસ્થ્ય સુવિધા મળે.

બીમારી અગાઉથી જાણ કરીને નથી આવતી: માંડવીયાએ જણાવ્યું હતું કે બીમારી બોલીને નથી આવતી. તેને આશા વ્યક્ત કરી હતી કે સીજીએચએસ કેન્દ્ર આવનારા સમયમાં બધાને લાભાન્વિત કરશે. તેમણે જણાવ્યું હતું કે કેન્દ્ર એક મોટી પોલી કલીનીક હોસ્પીટલની સાથે સ્વાસ્થ્ય સુવિધાના ક્ષેત્રનો વિસ્તાર કરશે અને સીજીએચએસ સેવાઓની પહોંચમાં સુધારો કરશે તથા કેન્દ્ર સરકારના સેવારત અને સેવા નિવૃત કર્મચારીઓને લાભાન્વિત કરશે.

## ગાંધીનગર શહેર કોંગ્રેસ પ્રમુખ તરીકે શૈલેન્દ્રસિંહ બિહોલાની નિમણૂંક

ગુજરાત | વંદન

ગાંધીનગર શહેર કોંગ્રેસના પ્રમુખપદે શૈલેન્દ્રસિંહ બિહોલાની વરણી કરવામાં આવી છે. ગાંધીનગર અને આસપાસના વિસ્તારમાં લોકપ્રિય બની રહેલા શૈલેન્દ્રસિંહ બિહોલાનું નામ શહેર પ્રમુખ તરીકે નક્કી થતાં તેઓના ઉપર શુભેચ્છાઓની વર્ષા થવા પામી છે.



ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીના જનરલ સેક્રેટરી કે. સી. વેણુગોપાલ દ્વારા કરવામાં આવેલી જાહેરાત મુજબ ગાંધીનગર શહેર કોંગ્રેસ પ્રમુખપદે શૈલેન્દ્રસિંહ બિહોલાનું નામ નક્કી કરવામાં આવ્યું છે. મહાનગરપાલિકામાં વિરોધ પક્ષના નેતાની સફળ કામગીરીને ધ્યાને લઈને મોવડી મંડળ દ્વારા શૈલેન્દ્રસિંહ બિહોલાને ગાંધીનગર શહેરની જવાબદારી સોંપવામાં આવી હોવાનું રાજકીય તજજ્ઞો માની રહ્યા છે. નજીકના ભવિષ્યમાં એટલે કે ચાલુ વર્ષના અંતમાં આવી રહેલી ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ સમયે ગાંધીનગર બેઠક અત્યંત મહત્વ ધરાવનારી બેઠક બની રહેશે એવું પણ તજજ્ઞોનું માનવું છે. ગાંધીનગરના મતદારોને કોંગ્રેસ પ્રત્યે કુણુ વલણ ઉદભવે એવા પ્રયત્નો કરવામાં આવે તે માટે, આ યુવા શૈલેન્દ્રસિંહ બિહોલા ઉપર પસંદગીનો કળશ ઢોળવામાં આવ્યો છે. શૈલેન્દ્રસિંહ બિહોલાની ગાંધીનગર શહેર કોંગ્રેસ પ્રમુખપદે પસંદગી થતા કોંગીજનોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે. શૈલેન્દ્રસિંહ બિહોલા ઉપર તેમના શુભેચ્છકો દ્વારા અભિનંદનની વર્ષા પણ થઈ રહી છે.

## દર વર્ષની પરંપરા પ્રમાણે પંચદેવ મંદિરથી રથયાત્રા પ્રસ્થાન કરશે

# 2 વર્ષ બાદ ગાંધીનગરમાં ઉલ્લાસમય વાતારણની વચ્ચે 38મી ભવ્ય રથયાત્રા



ગુજરાત | વંદન



કોરોનાના બે વર્ષના ગ્રહણ બાદ આ વર્ષે પાટનગરમાં અષાઢી બીજે ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રા કાઢવાનું આયોજન કરાયુ છે. રથયાત્રા સમિતી દ્વારા આ મામલે તડામાર તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો છે. પંચદેવ મંદિર ખાતે ભગવાન જગન્નાથજીનો રથને શણગારી દેવામાં આવ્યો છે. આ વખતની રથયાત્રામાં મોટી સંખ્યામાં ભક્તો જોડાય તેવી સંભાવના છે. જોકે, દરવર્ષની માફક આ વર્ષે પણ ન્યુ ગાંધીનગર વિસ્તારના લોકોને ભગવાન જગન્નાથજીના દર્શન માટે છેક ગાંધીનગર સુધી લાંબા થવુ પડશે. રથયાત્રાના રૂટમાં ન્યુ ગાંધીનગર વિસ્તારનો સમાવેશ કરાયો નથી.

૧૯૮૫ના વર્ષમાં અમદાવાદ ખાતે રથયાત્રા નીકળવા બાબતે અનિર્ણાયક સ્થિતિ પ્રવર્તી રહી હતી. આવા સંજોગોમાં ગાંધીનગર સેક્ટર 22 સ્થિત પંચદેવ મંદિરના આચાર્ય ફૂલશંકર શાસ્ત્રી દ્વારા ગાંધીનગર ખાતે રથયાત્રા કાઢવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જેમાં ગીરીશભાઈ શર્મા, લાલભાઈ પટેલ, ડૉ. દિનેશ કાપડિયા, નિમેશ ભટ્ટ, ભરત ગોર, રજનીભાઈ શર્મા, શ્રીકાંત અખાણી, જગદીશભાઈ નાયી, અતુલ નાયક, મુકેશ પંડ્યા, મિલન વ્યાસ, પરેશ પટેલ સહિતના યુવાનોએ એક ઊંટ ગાડી ઉપર માંડવી બનાવીને ભગવાન જગન્નાથજીની રથયાત્રા કાઢવાનું બીડું ઝડપ્યું હતું. જો કે અત્યંત કપરી પરિસ્થિતિ હોવા છતાં ગાંધીનગરના આ યુવાનો દ્વારા જરાપણ પીછેહઠ કરવામાં આવી ન હતી. બીજી બાજુ પોલીસ અને મુસ્લિમ બિરાદરોનો પણ રથયાત્રાને સહયોગ મળતા ગાંધીનગરમાં 1985ની સાલમાં પ્રથમ વખત રથયાત્રા નીકળી.! આ પછી તો દર વર્ષે રથયાત્રા એક પરંપરા બની રહી. અત્યારના સમયે ગાંધીનગરના લોકો અષાઢી બીજની રાહ જોતા હોય છે. એ અષાઢી બીજ આવતીકાલે શુક્રવારે આવી રહી છે ત્યારે ગાંધીનગરમાં યુવાનો, મહિલાઓ સહિત સેંકડો લોકો રથયાત્રાની તડામાર તૈયારીમાં લાગી ગયા છે. જ્યારે બીજી બાજુ પ્રસાદ માટે મગ, કાકડી સહિત જાંબુ પણ પંચદેવ મંદિર ખાતે મોટી માત્રામાં આવી રહ્યા છે.

પોતાનો માનીતો કાનુડો ક્યારે દર્શન આપવા આવે એની ઘેલછાપૂર્વક રાહ જોતા ગાંધીનગરવાસીઓ રથયાત્રામાં અત્યંત ઉલ્લાસ અને આનંદપૂર્વક ભાગ લે છે. રથયાત્રા દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના બને નહી તે માટે પોલીસનો પણ ચુસ્ત બંદોબસ્ત રહેશે. ઉલ્લેખનીય છેકે, છેલ્લા બે વર્ષથી કોરોનાના કારણે માત્ર પ્રતિકાત્મક રથયાત્રા કાઢવામાં આવતી હતી. પરંતુ આ વખતે કોરોના હળવો પડયો હોવાથી રથયાત્રાનું ભવ્ય આયોજન કરાયુ છે.

# અસ્થિર મગજના બિનવારસી યુવાનને વાલી સુધી પહોંચાડાયો

## સેક્ટર ૭ પોલીસની સરાહનીય કામગીરી

ગુજરાત | વંદન

ગાંધીનગર નજીક સરગાસણ ખાતે આવેલા વાસણા હડમતિયાના નીલકંઠ મહાદેવ પાસે ગઈ મોડીરાત્રે મળી આવેલા, એક બિનવારસી સામાન્ય અસ્થિર મગજના યુવાનને સેક્ટર-૭ પોલીસ દ્વારા, ત્વરિત કામગીરી કરી, તેના વાલીવારસોને શોધી કાઢી પરત સોંપવામાં આવતા પરિવારજનો ગદગદિત થઈ ગયા હતા.નીલકંઠ મહાદેવના મંદિર પાસેથી મળી આવેલા આ યુવાનને તેનું નામ-સરનામું પૂછતા દરેક વખતે તે અલગ અલગ વિગતો આપતો હોવાથી પોલીસને તે સામાન્ય અસ્થિર મગજનો હોવાની પ્રતીતિ થઇ હતી.

## મુખ્ય સાત માંગણીઓ અનુસંધાને ઉપવાસ આંદોલન પર ઉતર્યા

# પોતાની માંગણીઓ બાબતે કોળી ઠાકોર સમાજના ગાંધીનગરમાં ધરણાં

ગુજરાત | વંદન




કોળી ઠાકોર સમાજના મુખ્ય કન્વિનર અને રાષ્ટ્રીય અધ્યક્ષ કોળી રણજીતભાઈ સોલંકી અને તેમના સાથીઓ દ્વારા મંગળવારે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા કરવામાં આવ્યા હતા. તેઓની માંગણીના અનુસંધાને સરકાર પાસે રજૂઆત અર્થે કરાયેલા આ ધરણામાં કોળી અને ઠાકોર સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કોળી-ઠાકોર સમાજની મુખ્ય માંગણીઓમાં (૧) કોળી-ઠાકોર સમાજને વસ્તી મુજબ અનામત, (૨) ઠાકોર - કોળી વિકાસ નિગમમાં ૫,૦૦૦ કરોડથી વધુ બજેટ ફાળવો, (૩) ઠાકોર અને કોળી સમાજના દિકરા-દિકરીઓના ભવિષ્યના ઉત્થાન માટે દરેક જીલ્લામાં શિક્ષણ ભવન બનાવવા જગ્યા ફાળવો, (૪) માંધાતા ધામ, વેલનાથ બાપુનું ધામ અને ચામુંડામાંનું ધામ બનાવવા માટે જગ્યા ફાળવો, (૫) રાજકીય સત્તામાં વસ્તી મુજબ ભાગીદારી ફાળવો, (૬) કોળી-ઠાકોર સમાજના કેસો ખેંચવામાં આવે અને (૭) ઠાકોર કોળી વિકાસ નિગમમાં આવેલ અરજીઓને તાત્કાલીક ધોરણે નિકાલ કરવા જેવા મુદ્દાઓનો સમાવેશ થાય છે.

KAAVYARATNA™ GROUP
Crafting Landmarks



શાંતિ, સમૃદ્ધિ
અને પ્રગતિના રંગે,
2,100થી વધુ ખુશહાલ
પરિવારના સંગે

સૃષ્ટિ BY KAAVYARATNA
2 & 3 BHK BLISSFULL LIVING
NR. PDPU CROSS ROAD, GANDHINAGAR
RERA: RAA09353/221121

SPIRITUAL LIVING Sanskruti BY KAAVYARATNA
2, 3 & 4 BHK SPIRITUAL LIVING
GIFT CITY ROAD, GANDHINAGAR
RERA: MAA07224/210620

NAKSHATRA BY KAAVYARATNA
FOR THOSE WHO AIM FOR THE STARS
SHOWROOMS & OFFICES
SARGASAN CROSS ROAD, GANDHINAGAR
RERA: CAA06841/050320

PALATIAL VERTICAL LIVING THE BOUGAINVILLEA BY KAAVYARATNA
4 BHK DUPLEX VERTICAL VILLA
GIFT CITY ROAD, GANDHINAGAR
RERA: RN29AA09929/170522

90999 19068, 90999 19027 | www.gujrera.gujarat.gov.in | kaavyaratna.com

**પીજીની સમસ્યા ગુજરાત વંદનનો પડઘો**

# અમદાવાદમાં એક સોસાયટીએ પીજીના છાત્રોને રોકવા બાઉન્સર મૂક્યા

ગુજરાત | વંદન

અમદાવાદમાં પીજી એટલે કે પેઈંગ ગેસ્ટ તરીકે રાજ્યના અન્ય શહેરોના અને અન્ય રાજ્યોના છાત્ર-છાત્રાઓ ઉચ્ચ અભ્યાસ માટે કે નોકરી વગેરે.માટે આવે ત્યારે પીજીમાં રહેતા હોય છે. પીજીના વિકસી રહેલા કલ્ચરની સામે સ્થાનિક વિરોધની ઘટના પણ બને છે અને પીજીના છાત્ર-છાત્રો કે નોકરિયાતોને રોકવામાં આવે છે એવો એક વિસ્તૃત અહેવાલ ગુજરાત વંદન અખબારમાં પ્રસિધ્ધ થયો હતો. તેના પડઘારૂપે શહેરમાં એક સોસાયચીના સંચાલકોએ પીજીની સામે બાઉન્સરો બેસાડ્યા હોવાના સમાચાર છે. જેની વિગત જોઈએ તો..

શહેરની રહેણાંક સોસાયટીઓમાં પેઈંગ ગેસ્ટ્સ કલ્ચરને આવકારવામાં આવતું ન હોવાનું આ આંકડા પોતે જ બોલે છે. અમદાવાદમાં ડિસ્ટ્રિક્ટ રજિસ્ટ્રાર ઓફ કો-ઓપરેટિવ સોસાયટીને દર મહિને પેઈંગ ગેસ્ટ વિશે હાઉસિંગ સોસાયટીઓ તરફથી ઓછામાં ઓછી 10 અરજીઓ મળે છે. પેઈંગ ગેસ્ટ તરીકે એકોમોડેશન લેતા વિદ્યાર્થીઓ, સ્નાતકો અને છોકરીઓ પ્રત્યેનો તિરસ્કાર વ્યાપક છે, જેના કારણે અમદાવાદની મોટાભાગની સોસાયટીઓ પીજી શરું થતા અટકાવવા માટે ઠરાવો પસાર કરી રહી છે. તો કેટલીક સોસાયટીઓ ચોક્કસ પ્રકારના ભાડા કરાર પર નિયંત્રણો પણ મૂકે છે. અમદાવાદમાં આશરે 6,750 કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીઓ અને 3,500 થી વધુ સર્વિસ સોસાયટીઓ છે. ડિસ્ટ્રિક્ટ રજિસ્ટ્રાર ઓફ કો-ઓપરેટિવ્સ ડૉ. સ્તુતિ રાવલે જણાવ્યું હતું કે તેઓને દર મહિને શહેરની સોસાયટીમાં પીજી અંગેની ફરિયાદો સંબંધિત 10 જેટલી અરજીઓ મળે છે. જાણકારોએ જણાવ્યું હતું કે કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીઓ એવા ઠરાવો અપનાવી શકે છે જે સભ્યોને તેમના એપાર્ટમેન્ટ્સ PG અને ચોક્કસ જૂથને ભાડા પર આપવાથી પ્રતિબંધિત કરે. જો આવો ઠરાવ સામાન્ય સભામાં બહુમતી સાથે પસાર કરવામાં આવે અને અપનાવવામાં આવે. જો કે, કોઓપરેટિવ હાઉસિંગ સર્વિસ સોસાયટીના કિસ્સામાં, સોસાયટી



શરતો નક્કી કરી શકતી નથી અને માલિક તેના ફ્લેટ PG પર અથવા જેને તે ઈચ્છે તેને આપી શકે છે. કોન્સેપ્ટને સમજાવતા ડૉ. રાવલે જણાવ્યું કે, કોઓપરેટિવ હાઉસિંગ સોસાયટીમાં સોસાયટી એ એપાર્ટમેન્ટની માલિક છે જેમાં કોમન એરિયા જેમ કે પાર્કિંગ, બગીચો અને અન્ય વિસ્તારોનો સમાવેશ થાય છે. "જો કે, સર્વિસ સોસાયટીમાં માલિકી એપાર્ટમેન્ટ ધારકની હોય છે અને મેન્ટેનન્સ ફક્ત બગીચા અથવા સફાઈ જેવા કોમન વિસ્તારો માટે જ નક્કી કરવામાં આવે છે."

તેમણે કહ્યું કે આનો અર્થ એ છે કે જો કોઈ વ્યક્તિ સર્વિસ સોસાયટીમાં રહેતી હોય, તો તેઓ મકાનને પીજી તરીકે આપી શકે છે પરંતુ જો તમે સહકારી હાઉસિંગ સોસાયટીમાં રહેતા હોવ અને જો સોસાયટીએ તેની વિરુદ્ધ બહુમતીથી ઠરાવ પસાર કર્યો હોય તો તમે તેને પીજી અથવા અન્યને આપી શકતા નથી. આવા વિવાદો વારંવાર નોમિની બોર્ડને મોકલવામાં આવે છે. ગાંધીનગર ડિસ્ટ્રિક્ટ રજીસ્ટ્રાર ઓફ કો-ઓપરેટિવ્સ ચેતન પરમારે જણાવ્યું હતું કે સહકારી હાઉસિંગ સોસાયટીમાં માલિકનો દરજ્જો ભાડૂઆત જેવો હોય છે અને સોસાયટી 'વાસ્તવિક માલિક' હોય છે. જ્યારે સર્વિસ સોસાયટીમાં ખરીદનાર ફ્લેટનો માલિક હોય છે અને તમામ માલિકો સાથે મળીને કોમન એમેનિટિઝ માટે મેન્ટેનન્સની રકમ એકત્ર કરવાનું નક્કી કરે છે. આવી સોસાયટી તેમના બાયલો મુજબ ઠરાવો અપનાવી શકે છે." તેમ પરમારે જણાવ્યું હતું.

તાજેતરમાં રત્ના પેરેડાઈઝ નામની સર્વિસ સોસાયટીના એક એપાર્ટમેન્ટમાં પીજી તરીકે રહેતી નિરમા કોલેજની ગર્લ સ્ટુડન્ટ્સને સોસાયટી પરિસરમાં પ્રવેશતા અટકાવવા માટે સોસાયટી દ્વારા બાઉન્સર રાખવામાં આવ્યા હતા. આ પીજી એપાર્ટમેન્ટ યોગેશ પટેલની માલિકીનું હતું. પાછળથી સોસાયટીના મોટાભાગના માલિકોએ એક ઠરાવ પસાર કર્યો હતો જેમાં માલિકોએ તેમનો ફ્લેટ પીજી, સ્નાતક અને સિંગલ મહિલાઓને ભાડે આપવા પર પ્રતિબંધ રાખવાનું નક્કી કર્યું હતું.

જોકે પટેલે એ સુનિશ્ચિત કરવા માટે કાનૂની પગલાં લીધા છે કે તેઓ તેમનો ફ્લેટ સિંગલ મહિલાઓને ભાડે આપી શકે, તેમણે જણાવ્યું હતું કે સોસાયટી ઈચ્છે છે કે માલિકો ફક્ત પરિવારોને જ એપાર્ટમેન્ટ ભાડે આપે. જ્યારે આવા જ એક કિસ્સામાં રામદેવનગરમાં આવેલ સાર્થક ટાવર નામની હાઉસિંગ સોસાયટીમાં ફોર બીએચકેના માલિક રક્ષિકા ધવને તેમનો ફ્લેટ ચાર અલગ-અલગ લોકોને ભાડે આપ્યો છે. "અમે પીજીને અમારું ઘર આપ્યું નથી. ફ્લેટ ચાર નોકરિયાત બેચરલ્સને ભાડે આપવામાં આવ્યો છે જેઓ ઘણા વર્ષોથી ત્યાં રહે છે. અમારી પાસે તેમના ભાડા કરાર, પોલીસ વેરિફિકેશન અને આધાર કાર્ડ છે, જે સોસાયટીને સબમિટ કરવામાં આવ્યા છે." તેમ ધવને કહ્યું હતું.

## રથયાત્રાના પગલે ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ

**સવારે 4થી રાતે 12 સુધી નો ડ્રોન ફ્લાય ઝોન**



ગુજરાત | વંદન

રથયાત્રાની સુરક્ષાને ધ્યાનમાં રાખીને પહેલી જુલાઈએ સવારે 4 વાગ્યાથી રાતે 12 વાગ્યા સુધી સમગ્ર અમદાવાદ શહેરમાં ડ્રોન ઉડાવવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે.

જગન્નાથજીની રથયાત્રા નિર્ધારિત રૂટ પર ગાયકવાડ હવેલી, ખાડિયા, કાલુપુર, શહેરકોટડા, માધુપુરા, દરિયાપુર, શાહપુર, કારંજ પોલીસ સ્ટેશનના વિસ્તારમાંથી નીકળે છે. આ ઉપરાંત ઘાટલોડિયા, નારણપુરા, સોલા, વસ્ત્રાપુર, આનંદનગર, સેટેલાઈટ, નિકોલ, ઓઢવ અને સાબરમતી પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પણ મિની રથયાત્રા નીકળે છે. જગન્નાથ મંદિરે તેમ જ રથયાત્રાના રૂટ પર મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ ઊમટી પડતાં, ભીડવાળી જગ્યાએ આતંકવાદી હુમલાની દહેશતને પગલે રથયાત્રાના દિવસે અમદાવાદમાં ડ્રોન ઉડાવવા પર પ્રતિબંધ લદાયો છે. આથી 1 જુલાઈએ સવારે 4 વાગ્યાથી રાતે 12 વાગ્યા સુધી સમગ્ર અમદાવાદ શહેરને નો-ડ્રોન ફ્લાય ઝોન જાહેર કરવામાં આવ્યો છે.

## સખી ગ્લોબલ વુમન સંસ્થા દ્વારા બે દિવસના પ્રદર્શન કમ -સેલનું આયોજન...



ગુજરાત | વંદન

સખી -ગ્લોબલવુમન ની સ્થાપના સોનલ શાહ દ્વારા જુલાઈ 2020માં કરવામાં આવી. સંસ્થા માં ૨૯૨+ ઉદ્યોગસાહસિક મહિલા છે. તેમનું ઓન લાઈન પ્લેટફોર્મ છે. જેમા 4400 મેમ્બર્સ છે. તેમના મેમ્બર્સ નો બિઝનેસ વધે એ માટે સંસ્થા પબ્લિક પ્લેટફોર્મ પૂરું પાડે છે. જેના ભાગ રૂપે તા. ૨૫-૨૬ જૂન 2022 ના રોજ સવારે ૧૧ થી સાંજે ૮ સુધી પ્રદર્શન -કમ -સેલ નું આયોજન થયું હતું , જેમાં ૩૫+ સ્ટોલ્સ સાથે 40 મહિલાઓએ તેમના ધંધા ના વેચાણ માટે લાભ ઉત્સાહપૂર્વક લીધો હતો.

## કર્ણાવતી ક્લબ નજીક હિટ એન્ડ રનની ઘટના, 2 બાઈક ચાલકોનાં ઘટના સ્થળે જ મોત

ગુજરાત | વંદન

શહેરની કર્ણાવતી ક્લબ નજીક થાર જીપ અને બાઈક વચ્ચે સર્જાયેલા ગંભીર અકસ્માતમાં બંન્ને બાઈક સવારોનાં મોત નિપજ્યાં છે. કુલ 5 લોકોના અકસ્માત કરીને ભાગી ગયા હોવાની આશંકા છે. થારે ટક્કર મારતા બાઈક પર સવાર બન્ને યુવાનોના ઘટના સ્થળે જ મોત થયા છે. પોલીસ દ્વારા પણ સમગ્ર મામલે તપાસ ચલાવવામાં આવી રહી છે. જો કે થાર ગાડીનો ચાલક ફરાર થઈ ગયો હોવાનું પ્રાથમિક રીતે સામે આવી રહ્યું છે. પોલીસ દ્વારા આ અકસ્માતનો કેસ દાખલ કરવામાં આવ્યો છે અને બંન્ને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે પોલીસ દ્વારા ખસેડવામાં આવ્યા છે. જ્યારે થાર કારની નંબર પ્લેટનાં આધારે પોલીસે હીટ એન્ડ રન કરીને ફરાર થઈ જનારા આરોપીને ઝડપી લેવા માટે તજવીજ હાથ ધરી હતી.

**હોસ્પિટલમાં દરેક માળ પર બાઉન્સરો રાખવામાં આવ્યા છે જેને દૂર કરવામાં આવે : વિપક્ષ**

## SVP હોસ્પિટલમાં દર્દીઓ નહીં આવતા 80 ટકા બેડ ખાલી પડ્યા રહે છે, દર્દીના સગા ડોક્ટરોને નથી મળી શકતા

ગુજરાત | વંદન

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન મેડિકલ એજ્યુકેશન ટ્રસ્ટની મળેલી બેઠકમાં SVP હોસ્પિટલ સામે સવાલ ઉઠાવવામાં આવ્યાં હતાં. 700 કરોડથી વધુના ખર્ચે તૈયાર થયેલી 18 માળની મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલમાં દર્દીઓ નહીં આવતાં હોવાનો વિપક્ષના સભ્યોએ આક્ષેપ કર્યો હતો. હોસ્પિટલમાં અદ્યતન સાધનો તેમજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર હોવા છતાં દૈનિક સરેરાશ 200 ઈન્ડોર પેશન્ટ જ છે. જેને કારણે બાકીના બેડ ખાલી પડ્યાં રહે છે. હોસ્પિટલમાં સરેરાશ 80 ટકા બેડ ખાલી રહે છે. તેના કારણો જાણીને આ હોસ્પિટલ લોકોપયોગી કેવી રીતે બને તે માટે જરૂરી કાર્યવાહી કરવા માંગ કરવામાં આવી છે.

એટલું જ નહીં SVP હોસ્પિટલમાં બાઉન્સરો મુદ્દે પણ વિપક્ષે આક્રોશ વ્યક્ત કર્યો હતો. હોસ્પિટલ તે હોસ્પિટાલીટી સેવા સાથે સંકળાયેલી છે તેમાં દરેક માળે બાઉન્સરો રાખવામાં આવ્યા છે. જે યોગ્ય અને સુસંગત નથી દર્દીના સગા માનસિક રીતે ડીસ્ટર્બ હોય ત્યારે બાઉન્સરો દર્દીના સગાઓ સાથે અસભ્ય વર્તન કરે છે. ICU કે વોર્ડમાં દર્દીના સગાને ડોકટરોને મળવા માટે જવા પણ દેતા નથી. SVP હોસ્પિટલ હોસ્પિટાલીટી સેવા હોવાથી બાઉનસરોને તાકીદે દુર કરવા તેની જગ્યાએ સારી સિક્યુરીટી સેવા આપતી હોય તેવી સંસ્થાને રાખવા માંગણી કરવામાં આવી હતી. SVP હોસ્પિટલમાં 873 જનરલ બેડસ અને 427 આઈ.સી.યુ.બેડ મળી કુલ 1500 બેડની સુવિધા ઉપલબ્ધ છે.




### એર એમ્બ્યુલન્સ માટે હેલીપેડ બનાવવામાં આવ્યું

હોસ્પિટલના 18મા માળે એર એમ્બ્યુલન્સ માટે હેલીપેડ બનાવવામાં આવ્યું છે. પરંતુ દુઃખજનક બાબત એ છે કે હજુ સુધી તે હોસ્પિટલ પાસે એર એમ્બ્યુલન્સની સુવિધા માટે જેની પ્રાથમિક જરૂરિયાત છે તે હેલીકોપ્ટર જ નથી. કોરોનાની વૈશ્વિક મહામારીના સમયે સમગ્ર દેશ તથા શહેરમાં અફરાતફરી મચી જવા પામી હતી. કટોકટીના સમયમાં પણ તે હેલીપેડનો ઉપયોગ થઈ શક્યો નહોતો જેથી તેની પાછળ કરેલો તમામ ખર્ચ વ્યર્થ ગયેલ છે તે બાબતે જરૂરી વ્યવસ્થા કરવા બાબતે સત્તાધીશો નિષ્ફળ ગયા છે જેથી તે સુવિધા તાકીદે ચાલુ કરવા કાર્યવાહી કરવા માંગણી કરવામાં આવી હતી.

## દૂધેશ્વર રોડ ઉપર રૂપિયાની લેવડમાં મહિલાની હત્યા

ગુજરાત | વંદન

અમદાવાદના માધુપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં દૂધેશ્વર રોડ નજીક મોહનલોધાની ચાલીમાં રહેતા શાહરુખ નજીરભાઈ મોવરે પાંચ-છ મહિના અગાઉ એકલાખ ઉછીના લીધા હતા તેમજ અબ્બાસ અલ્લારખા ભટ્ટી પાસેથી પણ એક લાખ ઉછીના લીધા હતા. અકરમ ઉમરભાઈ મોવર અને આરીફ ઉમરભાઈ મોવરને લેવાના થતા 1 લાખ રૂપિયા શાહરૂખ મોવરે પાછા આપી દીધા હતા. પરંતુ અબ્બાસ અલ્લારખા ભટ્ટી પાસેથી લીધેલા લાખ પૈકી 60,000 આપવાના બાકી હતા. દરમિયાન આજે ત્રણેય આરોપીઓ ચાકુ સાથે શાહરુખ મોવરના ઘરે ઉઘરાણી કરવા ગયા હતા જ્યાં મારામારી થઈ હતી. જેમાં શાહરુખ મોવરની બહેન રેહાના ઉ.વ. 22 છોડાવવા વચ્ચે પડતા તેની અકરમ મોવરએ ચાકુના ઘા મારી હત્યા કરી દીધી હતી.

## આઈ.ટી.આઈ. કુબેરનગર, નરોડામાં પ્રવેશ ફોર્મ ભરવાની આજે છેલ્લી તારીખ

ગુજરાત | વંદન

આઈ.ટી.આઈ. કુબેરનગર, નરોડા, અમદાવાદમાં પ્રવેશ ફોર્મ ભરવાની છેલ્લી તા. ૩૦/૦૬/૨૦૨૨ છે. ધો.૮, ૯, ૧૦, ૧૨ કે તેનાથી વધારે ભણેલા ઉમેદવારો સંસ્થામાં ચાલતા ૪૧ જેટલા ટ્રેડમાં ઓન-લાઈન પ્રવેશ મેળવી શકે છે. પ્રવેશ ફોર્મ ઓન-લાઈન સંસ્થા ખાતે સવારે ૮થી સાંજે ૮ વાગ્યા સુધી ભરી અપાશે છે. અથવા અમારી વેબસાઈટ: itiadmission.gujarat.gov.in ઉપર જઈ સાયબર કાફે અથવા આપના મોબાઈલ ઉપરથી પણ પ્રવેશ ફોર્મ ભરી શકાય છે. વધુ માહિતી માટે ૦૭૯-૨૨૮૧૦૬૩૮ ઉપર સંપર્ક કરવો.

**એક સમયે ગુજરાતના પોલીસ વડા રહેલા શ્રીકુમારે અમદાવાદ ક્રાઈમ બ્રાંચમાં હાથમાં સ્લેટ પકડીને ફોટા પડાવ્યાં**

## પૂર્વ DGP હાથમાં સ્લેટ પકડી ફોટા પડાવી બોલ્યા, '...વો મેં ગુનેગાર કે સાથ કર ચૂકા હું'



ગુજરાત | વંદન

ગુજરાતના 2002ના રમખાણોના કેસમાં તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને આપવામાં આવેલી ક્લીનચીટને સુપ્રીમ કોર્ટે માન્ય રાખ્યાના એક દિવસ પછી ગુજરાત ATSએ એક્ટિવિસ્ટ તિસ્તા સેતલવાડની મુંબઈમાંથી ધરપકડ કરી અમદાવાદ લાવ્યા હતા. આ સિવાય ક્રાઈમબ્રાંચે પૂર્વ IPS આર.બી. શ્રીકુમાર સામે પણ ગુનો દાખલ કરીને ધરપકડ કરી હતી. જ્યારે જેલમાં બંધ પૂર્વ IPS સંજીવ ભટ્ટ સામે પણ ગુનો નોંધવામાં આવ્યો છે. ત્યારે એક





સમયે ગુજરાતના ડીજીપી રહેલા આર.બી. શ્રીકુમારે અમદાવાદ ક્રાઈમ બ્રાંચમાં હાથમાં સ્લેટ પકડીને ફોટા પડાવ્યા હતા. આ સમયે તેમના મોંઢામાં એવા શબ્દો નીકળી પડ્યા હતા કે, એક સમય થા જો તુમ આજ કર રહે હો વો મેં ગુનેગાર કે સાથ કર ચૂકા હૂ. આવુ કહ્યા બાદ તેઓએ પોલીસકર્મીઓને કામગીરીમાં મદદ કરી હતી.

તિસ્તા સેતલવાડ અને પૂર્વ IPS શ્રી કુમારને મેટ્રો કોર્ટમાં રજૂ કરાયા હતા. કોર્ટે 1 જુલાઈ સુધી જ બન્નેના રિમાન્ડ મંજૂર કર્યા છે. આ સમગ્ર મામલે પોલીસે SIT બનાવી છે જે આગળની તપાસ કરવામાં કરશે. આ સિવાય અમદાવાદ ક્રાઈમ બ્રાંચમાં તિસ્તા સેતલવાડ અને તેની સાથે સંકળાયેલા લોકોના નિવેદન લેવામાં આવી રહ્યા છે. 2002થી આત્યાર સુધીમાં તિસ્તા સેતલવાડે કોઈના નામે કંઈ ખોટુ કર્યુ છે કે નહીં એ જાણવા માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તિસ્તા સેતલવાડે વિદેશમાંથી જે ફંડ ઊઘરાવ્યું હતું તે શું કહીને ઊઘરાવ્યું હતું એ દિશામાં પણ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. સાથે જ આ ફંડનો ક્યાં ક્યાં દુરઉપયોગ કરવામાં આવ્યો છે કે નહીં એ જાણવા માટે SITની ટીમે સેન્ટ્રલ એજન્સીની મદદ લઈ શકે છે.

મહત્ત્વપૂર્ણ છે કે ગુજરાત રમખાણ મામલે SITના રિપોર્ટ વિરુદ્ધની ઝકિયા જાફરીની અરજી નકારી દેતાં સુપ્રીમ કોર્ટે એવાં અવલોકન કર્યાં હતાં કે આ કેસ 'અન્ય દ્વારા પ્રેરિત' હતો, તેમજ તેમાં ભૂમિકા ભજવનાર તમામ પર કાયદાકીય કાર્યવાહી થવી જોઈએ. જે બાદ અમિત શાહ અને રવિશંકર પ્રસાદે સંબંધિત મામલે તિસ્તાનો હાથ હોવાનાં નિવેદનો આપ્યાં હતાં અને અમુક કલાકોમાં જ ગુજરાત પોલીસે આ કાર્યવાહી કરી હતી.

## રથયાત્રાના દિવસે શહેરમાં નિકળો તો જાણો કયા રસ્તા ચાલું, કયા બંધ ?

ગુજરાત | વંદન

અમદાવાદમાં નિકળનારી ગુજરાતની સૌથી મોટી રથયાત્રામાં રૂટ પર ટ્રાફિક ડાયવર્ઝન આપવામાં આવ્યો છે. વાહનચાલકોને અને લાખોની સંખ્યામાં આવતા દર્શનાર્થીઓને અગવડતા ન પડે તે માટે વાહનોનાં ખાસ પાર્કિંગની વ્યવસ્થા શહેર ટ્રાફિક પોલીસ દ્વારા કરવામાં આવી છે.

સવારના 7 વાગે રથયાત્રામાં જમાલપુરથી ખમાસા આસ્ટોડિયા થઈને રાયપુર ચકલા, ખાડિયા, પાંચકુવા, કાલુપુર થઈને સરસપુર ભગવાનનાં મોસાળમાં જતી હોય છે. જ્યારે પરત ફરતી વખતે સરસપુરથી કાલુપુર, દરિયાપુર, શાહપુર રંગીલા ચોકી, દિલ્હી ચકલા, ઘી કાંટા પાનકોર નાકા, સાંકડી શેરીનાં નાકે થઈ માણેકચોક, દાણાપીઠથી ખમાસા થઈને જગન્નાથ મંદિરે પરત ફરતી હોય છે. એવામાં આ રૂટ પર વાહનોની અવરજવર રથયાત્રાનાં સમયગાળા માટે બંધ રાખવામાં આવે છે. જે રૂટને બદલે વાહનચાલકોને અન્ય રૂટ પરથી પસાર થવાનું રહેશે. આ રૂટ પર 'નો પાર્કિંગ ઝોન' પણ જાહેર કરવામાં આવ્યો છે. કાલુપુર રેલવે સ્ટેશન પર ટ્રેનમાં આવતા જતા મુસાફરોને અગવડતા ન પડે તે માટે શહેર પોલીસે કોર્પોરેશન સાથે મળીને AMTS-BRTS બસો અને ઈ રીક્ષાની વ્યવસ્થા કરી છે. તો બીજી બાજુ રથયાત્રા જ્યારે પ્રેમદરવાજા તેમજ કાલુપુરથી પસાર થતી હોય ત્યારે દરિયાપુર દરવાજાથી કાલુપુર રેલવે સ્ટેશનનો રસ્તો બંધ હોવાથી 8 AMTS બસોની વ્યવસ્થા કરાઈ છે.

## તસ્વીર સમાચાર

(તસ્વીરો-મૌર્ય ભાગ્યવાન)



**રથયાત્રા :** જગતના નાથ ભગવાન જગન્નાથજીની અમદાવાદમાં અષાઢી બીજે નિકળનાર 145મી રથયાત્રા માટે ગજરાજોને ટ્રકમાં બેસાડીને લાવવામાં આવ્યા છે. નોંધનિય છે કે, ગજરાજોને સુશોભિત કરીને રથયાત્રાની સૌથી મોખરે રાખવામાં આવે છે.



**ઉંચે આકાશમાં :** મોટી ભીડભાડ, રેલી, પ્રદર્શન, ધરણા, દેખાવો વગેરે પર કાયદો-વ્યવસ્થાની રીતે નજર રાખવા ગુજરાત પોલીસ દ્વારા પેરામોટરીંગ સાધનનો ઉપયોગ શરૂ થયો છે. જેમાં પેરાશૂટની સાથે એક પોલીસકર્મી બેસીને નજર રાખશે.



**યોગ કરો, રોગ ભગાવો :** 21મી જૂને આંતરાષ્ટ્રીય યોગાદીનની ભવ્ય ઉજવણીના પગલે શહેરમાં સરસપુર વિસ્તારમાં યોગાની થીમ પર મૂર્તિઓ બનાવવામાં આવી છે.



**સ્વચ્છતા રાખો :** ખોખરા પોલીસ સ્ટેશનની ઠીક આગળ જ કચરાપેટી બનાવવામાં આવી છે અને રોડ ઉપર કચરાના ઢગલા અને રખડતા ઢોરથી આવા જવાના રસ્તો પણ અડધો બંધ થઈ ગયો છે.

**લતીફના પુત્રનાં મૃત્યુ બાદ તેની પત્ની અને બે દીકરીએ પક્ષકાર બનવા માગ કરેલી**

## રઈસ ફિલ્મ મુદ્દે હાઈકોર્ટે શાહરૂખ ખાન, ગૌરી ખાન, ફરહાન અખ્તરને રાહત આપી

ગુજરાત | વંદન

ડોન લતીફના પુત્રએ વર્ષ 2016માં રઈસ ફિલ્મના અભિનેતા શાહરૂખખાન, નિર્માતા ગૌરીખાન અને ફરહાન અખ્તર સામે અમદાવાદ સિવિલ કોર્ટમાં રૂ. 101 કરોડનો માનહાનિનો દાવો કરેલો છે. જેમાં નીચલી અદાલતે લતીફના વારસદારોને પક્ષકાર તરીકે જોડાવા માટે મંજૂરી આપેલી. જેની સામે શાહરૂખ ખાન, ગૌરીખાન, ફરહાન અખ્તર અને રાહુલ ધોળકિયાએ કરેલી અરજીમાં હાઈકોર્ટે તેમને વીસ જુલાઈ સુધી રાહત આપી છે. હાઈકોર્ટે વચગાળાનો આદેશ કર્યો છે કે, નીચલી અદાલતના હુકમ પર વીસ જુલાઈ સુધી રોક લગાવવામાં આવે છે. આ ઉપરાંત, હાઈકોર્ટે લતીફના વારસદારોને નોટિસ પાઠવી છે. આ કેસની વધુ સુનાવણી 20 જુલાઈએ હાથ ધરાશે. શાહરૂખ ખાનની હાઈકોર્ટમાં રજૂઆત શાહરૂખ અને અન્ય અરજદારોના વકીલની રજૂઆત હતી કે, ફરિયાદીના નિધન બાદ



દાવાની અરજી ટકવાપાત્ર રહેતી નથી. જેથી આ અરજીમાં ફરિયાદીના વારસદારને પક્ષકાર બનવાની મંજૂરી આપતો નીચલી અદાલતનો હુકમ અયોગ્ય છે.

અમદાવાદ સિવિલ કોર્ટનો હુકમ લતીફનો પુત્ર મુસ્તાક આ કેસમાં મૂળ અરજદાર છે. જો કે, છ જુલાઈ-2020ના રોજ તેનુ નિધન થયેલુ છે. આ પછી, તેની વિધવા અને બે દિકરીઓએ આ અરજીમાં પક્ષકાર બનવા માટે અરજી કરેલી. જેમાં, ચાલુ વર્ષે એપ્રિલ માસમાં સિવિલ કોર્ટે આ અરજીને સ્વીકારેલી છે. કેસની વિગત ડોન લતીફના પુત્ર મુસ્તાકે રઈસ ફિલ્મના અભિનેતા, નિર્માતા સામે વર્ષ 2016માં અમદાવાદ સિવિલ કોર્ટમાં રૂ. 101 કરોડના માનહાનિના દાવાની અરજી કરેલી.

જેમાં, અરજદારનો દાવો હતો કે, આ ફિલ્મ તેના પિતા લતીફના જીવન પર આધારિત છે અને તેમાં તેના પિતાને પાત્રને ખોટી રીતે દર્શાવવામાં આવેલુ છે. જેના લીધે, તેમની સામાજિક શાખને ભારે નુકસાન પહોંચ્યું છે. જેથી, વળતર પેટે 18 ટકા વ્યાજ સાથે દાવાની આ રકમ અરજી ફાઈલ કર્યાની તારીખથી ચુકવવામાં આવે. આ દાવા બાદ, છ જુલાઈ-2020ના રોજ અરજદાર મુસ્તાકનુ નિધન થયેલુ છે. વર્ષ 1997માં લતીફનુ એન્કાઉન્ટર થયેલુ વર્ષ 1997માં ગુજરાત પોલીસ દ્વારા લતીફનુ એન્કાઉન્ટર કરાયેલુ. લતીફ સામે બુટલેગિંગ સંદર્ભના 97 જેટલા ક્રિમિનલ કેસ નોંધાયેલા હતા. આ ઉપરાંત, ટાડાના કાયદા હેઠળ પર તેની સામે ગંભીર ગુનાઓ નોંધાયેલા.

સાપ્તાહિક ગુજરાત વંદન **સંપાદકીય....**

# ભાવિ મહામહિમ વિષે આવી ટીપ્પણી..? આવી નિમ્ન સ્તરની સોચ-વિચાર રાખનારે બોલીવુડમાં પણ આવુ જ કર્યું હશે..?

21 જુલાઈના રોજ દેશને પ્રથમ આદિવાસી સમુદાયના મહિલા રાષ્ટ્રપતિ મળશે. ઓરિસ્સાના મૂળ સંથાલ પ્રદેશના દ્રૌપદી મુર્મૂને ભાજપે એનડીએના મેદવાર જાહેર કર્યા છે અને તેમણે ઉમેદવારી પણ નોંધાવી છે. 18 જુલાઈના રોજ યોજાનાર ચૂંટણીમાં મુર્મૂ અને વિપક્ષના સંયુક્ત ઉમેદવાર યશવંતસિંહા વચ્ચે સ્પર્ધા યોજાશે. જેમાં દ્રૌપદી મુર્મૂની જીત નક્કી છે. કેમ કે એનડીએ પાસે બહુમતિ છે. આ અગાઉ યુપીએ સરકારે દેશને પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ તરીકે પ્રતિભા પાટિલની



ભેટ આપી હતી. દ્રૌપદી મુર્મૂ બીજા મહિલા રાષ્ટ્રપતિ બનશે. તેઓ દલિત સમુદાયના પ્રથમ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના અનુગામી બનશે.

ભારતે વ્યક્તિ સ્વાતંત્યનો, વાણીનો, બોલવાનો, બોલવાની છૂટ આપી છે. પણ તેનો અર્થ એવો નથી કે કોઈની સામે ગમે તેમ બોલવુ. કોઈને ઉતારી પાડતુ બોલવુ અને આજના યુગમાં સોશ્યલ મિડિયામાં મનફાવે તેમ લખવુ તે બંધારણીય અધિકારનું ઉલ્લંઘન છે. મામલો બોલીવુડના ફિલ્મ નિર્માતા રામગોપાલ વર્માનો છે. તેમણે રાષ્ટ્રપતિપદના ઉમેદવાર દ્રૌપદી મુર્મૂના નામને લઈને અશોભનીય ટીપ્પણી કરી છે. રાષ્ટ્રપતિપદના ઉમેદવારનું નામ દ્રૌપદીને લઈને તેમણે ખરાબ ટીપ્પણી ટ્વીટ દ્વારા કરી. તેમણે મહાભારતના દ્રૌપદીના સંદર્ભમાં લખ્યું કે દ્રૌપદી તો નક્કી થઈ ગયા પણ પાંડવો કોણ છે અને ખાસ તો કૌરવો કોણ છે..?

સ્વાભાવિક રીતે જ તેમની આ ટીપ્પણી મહાભારતના દ્રૌપદીને લઈને હતી કે જેમના પાંચ પતિઓ હતા અને પાંડવો હતા. બની શકે કે દ્રૌપદી મુર્મૂના માતાપિતાએ મહાભારતના દ્રૌપદીના નામ પરથી તેમનુ નામ પાડ્યુ હશે અને આપણે જોઈ છીએ કે આપણાં દેશમાં નામકરણ માટે રામાયણ, મહાભારતના પાત્રો પરથી નામ રાખવાની પરંપરા રહેલી છે. એટલે વર્ષો પહેલાં મુર્મૂના માતા-પિતાઓ પણ મહાભારતની અસરમાં દિકરીનું નામ દ્રૌપદી રાખ્યું હશે. રામગોપાલ વર્મા આ અગાઉ ઘણીવાર આવી વિવાદાસ્પદ ટીપ્પણીમાં વગોવાયા છે. પણ તેમણે રાષ્ટ્રપતિપદના મહિલા ઉમેદવાર કે જેમનુ નામ માત્ર દ્રૌપદી છે, તેમને પાંચ પાંડવો અને કૌરવોની સાથે જોડીને તેમને વિવાદમાં ઢસડવાની ક્યાં જરૂર છે..? વર્માનો છુપો બદઈરાદો એવો છે કે રાષ્ટ્રપતિપદના મહિલા ઉમેદવારના પાંચ પતિ છે અને સામે 100 કૌરવો છે..?! આવા છુપા અર્થઘટન કે બીટવીન ધ લાઈન્ની જેમ ટ્વીટ કરીને વર્માએ માત્ર મહિલા ઉમેદવારનું જ નહીં પણ સમસ્ત મહિલા સમાજનું ઘોર અપમાન કર્યું છે.

દ્રૌપદી નામધારી દરેક મહિલાના કાંઈ પાંચ પતિઓ ના હોય. અને ભારતની એ પરંપરા કે રિવાજ પણ નથી. મહાભારતકાળમાં પણ તે કોઈ પરંપરા નહોતી પણ મહાભારતમાં ઉલ્લેખ છે તેમ, માતા કુંતીએ પાંચેય પાંડવપુત્રોને રાબેતા મુજબ ક્યું હતું કે જે લાવ્યાં છો તે પાંચેય સરખા ભાગ કરીને વહેંચી લેજો. કુંતીને ખબર નહોતી કે અર્જુન સ્વયંવરમાં દ્રૌપદીને જીતીને લાવ્યો છે. અને જ્યારે કુંતીએ દ્રૌપદીને જોઈ ત્યારે પસ્તાયા હશે. પણ તીર છૂટી ગયું હતું. તેથી દ્રૌપદીને પાંચ સાથે સંસાર માંડવો પડ્યો હતો. દ્રૌપદી મુર્મૂને તેની સાથે શું લેવાદેવા..?

જેઓ આ દેશના બંધારણીય વડા થવા જઈ રહ્યાં છે અને તેમના હાથમાં સેનાની ત્રણેય પાંખની કમાન્ડ રહેશે એવા ભાવિ મહામહિમ વિષે આવી નિમ્ન સ્તરની ટીપ્પણી બદલ વર્માની સામે કામ ચલાવીને શિક્ષા થવી જોઈએ જેથી કોઈ વ્યક્તિ નામને લઈને આવી અશોભનીય ટીપ્પણી ન કરે. આવી નિમ્ન સ્તરની સોચ-વિચાર રાખનારે બોલીવુડમાં પણ આવુ જ કર્યું હશે..?

**ધર્મ**

# અષાઢી બીજ એટલે રથયાત્રા અને કચ્છીઓ માટે નવું વર્ષ

ભારતમાં અષાઢી બીજના મહાપર્વે ગુજરાતમાં અમદાવાદ અને જગન્નાથપુરીમાં અભૂતપૂર્વ રથયાત્રાના દર્શન પ્રતિવર્ષ લાખો-કરોડો લોકો પ્રત્યક્ષ અને દૂરદર્શન પર કરી ધન્યતા અનુભવતા હોય છે. આ પ્રણાલી અનેક વર્ષોથી ચાલી આવે છે. જ્યારે કચ્છ જેવા ભારતના છેવાડાના પ્રદેશનું નવું વર્ષ અષાઢી બીજથી શરૃ થવા પામે છે. જેમાં અનેક નૂતન અને ભાતીગળ પરંપરા દ્રશ્યમાન થયા વિના રહેતી નથી. ખેંગારજી પહેલાએ કચ્છ રાજ્યની સ્થાપના સંવત ૧૬૦૫માં માગસર સુદ-૫ના રોજ કચ્છ રાજ્યની સ્થાપના કરી. કચ્છી નવું વર્ષ અષાઢી બીજથી શરૃ તેમ થયું તેના એકબે કથાનકો ઈતિહાસકારોએ જાળવી રાખ્યા છે.'

કચ્છીમાંનાં કરાકોટ ગામમાં પાટનગર બદલનાર જામલાખો ફલાણી એક દિર્ઘદ્દષ્ટ્રા, વિચારવંત રાજવી હતા. તેમના મનમાં હંમેશા પોતાના રાજ્યનાં વિકાસ અને પ્રસાર માટે અનેક વિચારો ઘૂમતા રહેતા હતા. એટલે જ પોતાના રાજયની સીમા નક્કી કરવા રાજ્યનાં



કેટલાક યુવાનો સાથે નીકળી પડયા, પણ તેઓએ કાર્ય પૂરેપુરું કરી ન શક્યા. એટલે જામ લાખાને પરત થવું પડયું. પરંતુ એ દરમ્યાન અષાઢ માસનો પ્રારંભ થઈ ગયેલો. એ વર્ષે કચ્છમાં વરસાદ પણ સારો થઈ ગયેલો. ચારે તરફ ખૂબ હરિયાળી થઈ ગયેલી. જેને જોઈને રાજવી જામ લાખો ફૂલાણી ખુશ થઈ ગયા. એજ વખતે એમણે પોતાનાં સમગ્ર રાજ્યમાં ફરમાન છોડયું કે કચ્છનું નવુ વર્ષ અષાઢી બીજથી શરૂ કરવામાં આવે. આ રીતે રાજવી લાખા ફૂલાણીએ કચ્છનાં ઈતિહાસમાં પોતાનું નામ રોશન કરી દીધું. આ પ્રમાણે લગભગ છેલ્લા આઠસો વર્ષથી આ અષાઢીબીજનું પર્વ સમગ્ર કચ્છ રાજયમાં ધામધૂમથી ઉત્સાહપૂર્વક 'નૂતન વર્ષારંભ તરીકે ઉજવવામાં આવે છે.

**47 વર્ષ પહેલા માહિતી ખાતાના અધિકારીઓ અખબારોની ઓફિસમાં બેસીને સમાચારો ચકાસતા હતા..**

# શું ભારતમાં કટોકટી છે..? એવું કોણ કહે છે..? સાવ ખોટું...!


**તો રાહુલ ગાંધી અને ઔવૈસી ક્યારના ય જેલમાં ધકેલાઈ ગયા હોત..**

ગુજરાત | વંદન

25 જૂન, 1975માં જ્યારે તત્કાલિન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ પોતાની સત્તા બચાવવા સમગ્ર દેશમાં આંતરિક કટોકટી-ઈમર્જન્સી- લાદી ત્યારે તે વખતે એવો ખૌફ અને ડરનો માહોલ હતો કે તે વખતે રજૂ થયેલી ફિલ્મ શોલેના અંતિમ દ્રશ્યમાં ગબ્બરને મરતો નહીં પણ અધમૂવો કર્યા બાદ જીવતો પોલીસને સોંપી દેવો એવુ ફરમાન સત્તાધીશો તરફથી કરવામાં આવ્યું હતું. દલીલ એવી હતી કે ફિલ્મમાં ઠાકૂર દ્વારા ગબ્બરની હત્યા બતાવવી એ કાયદો હાથમાં લેવા સમાન છે અને સમાજ ઉપર તેની અસર પડે તેથી ગબ્બરને જીવતો રાખવો..!

47 વર્ષ થયા ભારતની એ આંતરિક કટોકટીને જ્યારે અખબારોના દફતરમાં માહિતી ખાતાના અધિકારીઓ આવીને બેસતા અને દરેક સમાચારો જોઈ તપાસીને છાપવા માટે આપતા. જેને પ્રિસેન્સરશીપ કહેવામાં આવી હતી. તે વખતે આજની જેમ ટીવી મિડિયાનો જમાનો નહોતો પણ અખબારોની બોલબાલા હતી અને આજે પણ અખબારોની બોલબોલા છે જ. આખો દિવસ ટીવી જોયા બાદ સવાર પડે ત્યારે અખબાર તો જોઈએ જ. તેના વગર ચા સાવ ફીકી ફીકી લાગે...!

આજના સમયમાં મુઠ્ઠીભર ટીવી મિડિયાએ દાટ વાળ્યો છે. લોભ-લાલચ-પદ-પૈસો વગેરેને ધ્યાનમાં રાખીને મિડિયાની પ્રતિષ્ઠાને ત્રાજવે મૂકી છે. તોલ મોલ કે બોલ...બોલ તેરા કિતના મોલ..ચલ ઉઠા ઔર ઘૂમા કેમેરા...



અને પછી શું થાય છે એ તો ડિબેટના વિષય અને વસ્તુ પરથી લોકો સમજી રહ્યાં છે. અને સમજી રહ્યાં હશે. દરેકની જેવી જરૂરીયાત અને સંબંધો...પણ કટોકટીમાં અખબારોનું ગળુ ઘોંટવાનો પ્રયાસ થયો, જબરજસ્ત થયો તે વખતે મિડિયાએ સરકારને શરણે થવાનું મંજૂર નહોતુ. જેલમાં ગયા પણ ચરણમ શરણમ ગચ્છામિ...ના સ્વીકારી. તે વખતે આજની વિરોધપક્ષોને નહીં પણ સત્તાપક્ષને અને તેમના પ્યાદાઓને સવાલો કરવામાં આવતા હતા.કેટલાક અખબારોએ ભૂગર્ભમાં રહીને પ્રકાશન ચાલુ રાખ્યું હતું.

12 જૂનના રોજ અલ્હાબાદ હાઈકોર્ટે વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની રાયબરેલીની લોકસભાની ચૂંટણીને ગેરલાયક ઠેરવી અને જેમતેમ કરીને તેના પર મનાઈ હુકમ મેળવીને ઈન્દિરાની આસપાસના લોકોએ અને તેમના પુત્ર સંજય ગાંધીએ રાજીનામુ નહીં આપવા અને કટોકટી લાદવા કહ્યું. આંતરિક કટોકટી લાદવાનું સરકારને કારણ આપ્યું હતું જેપી તરીકે ઓળખાતા લોકનાયક જયપ્રકાશ નારાયણે. તેમણે ગુજરાતના નવનિર્માણ આંદોલનમાંથી પ્રેરણા લઈને સરકાર સામે ચળવળ શરૂ કરી હતી પણ એક તબક્કે તેમણે લશ્કરના જવાનોને સંબોધીને કહ્યું કે જવાનો બેરેકમાંથી બહાર આવીને સરકારની




સામે બળવો પોકારે...! લશ્કરને બળવા માટે ઉશ્કેરણીનું કારણ આગળ ધરીને 25 જૂનની અડધી રાત્રે ઈમરજન્સી લગાવી દેવાઈ અને 1977માં કટોકટી ઉઠાવ્યાં બાદ રચાયેલી નવી જનતા પાર્ટી સરકારનું પતન અને વડાપ્રધાન બનવા માંગતા ચૌધરી ચરણસિંગની અધૂરી ઈચ્છા પૂરી કરવા ઈન્દિરાનો ટેકો આપી વડાપ્રધાન બનાવવા, ચૌધરીનું વડાપ્રધાન થવુ અને 6 મહિનામાં સંસદમાં વિશ્વાસનો મત લેવાને બદલે સંસદ જ ભંગ કરવી, અને 1980માં લોકસભાની ચૂંટણીઓમાં એ જ ઈન્દિરા ગાંધીની જીત થઈ...!

જો કે તે પછી કોઈ સરકારે, ઈન્દિરા ગાંધીએ પણ નહીં, ભારતમાં આંતરિક કટોકટીનો "ક" ઉચ્ચારવાની પણ હિંમત કરી નથી. આજે કેટલાક વિરોધીઓ અને વિરોધ પક્ષો અઘોષિત કટોકટીનો આરોપ અને આક્ષેપ કરે છે.પણ શું ખરેખર એવુ છે..? તેનો જવાબ સરકાર તરફી એ રીતે આપે છે કે જો ખરેખર એવુ હોત તો સરકારની આકરી અને તીખી ટીકા, આલોચના, ટીપ્પણી કરવા બદલ રાહુલ ગાંધી અને મીમ પાર્ટીના આખા બોલા ઔવૈસી ક્યારના ય જેલમાં ધકેલાઈ ગયા હોત.., કેજરીવાલ પણ જેલમાં હોત...! પણ એવુ નથી એટલે માની લેવુ પડે કે ભારતમાં ઘોષિત કે અઘોષિત કોઈ પણ કટોકટી નથી..પ્રતિ વર્ષની જે 25-26 જૂનની કટોકટીને યાદ કરીએ અને પ્રાર્થના કરીએ કે ઈતની શક્તિ હમે દેના દાતા કી કટોકટીના કા સામના કર શકે..! જો કે આવવાની નથી પણએ બહાને ભગવાનને પ્રાર્થના કરવામાં શું વાંધો છે...!

**145 વર્ષના ઈતિહાસમાં ત્રણ વાર કોમી તોફાનો હોવા છતાં રથયાત્રા નીકળી હતી, હાથીએ બેરિકેડ તોડી રથ બહાર કાઢ્યો હતો**

# ઐતિહાસિક અમદાવાદની રથયાત્રા નગરચર્યા માટે આજ સુધી ક્યારેય અટકી નથી...

ગુજરાત | વંદન

1876માં મહામંડળેશ્વર નૃસિંહદાસજીએ સ્વપ્નમાં સ્વયં ભગવાને આપેલા આદેશને માથે ચડાવીને રથયાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો એ પછી દર વર્ષે અષાઢી બીજે અમદાવાદમાં જગન્નાથ ભગવાનની રથયાત્રા યોજાતી રહી છે, આટલા વર્ષો પછી આજેય રથયાત્રામાં ભક્તિ અને શ્રદ્ધાનું ઘોડાપૂર યથાવત રહ્યું છે. દરેક ધર્મના લોકો ભક્તિભાવપૂર્વક અને રંગેચંગે ભગવાનને આવકારતા રહ્યા છે. વર્ષમાં માત્ર આ એક દિવસે ભક્તોને દર્શન આપવા માટે ભગવાન સામે ચાલીને આવે છે. 145 વર્ષથી ચાલી આવતી આ પરપંરાના અતિતની ઝાંખી કરાવતો અમારો વિશેષ અહેવાલ.

લગભગ ચારસો વર્ષ પહેલાં રામાનંદી સંત શ્રી હનુમાનજીદાસજીએ આજના જગન્નાથજીના મંદિરમાં પોતાની ગાદીની સ્થાપના કરી હતી. એમના પછી ગાદીએ આવેલા સારંગદાસજીએ જગન્નાથજી, બળદેવજી અને દેવી સુભદ્રાજીની મૂર્તિઓ મંગાવીને સ્થાપના કરાવી ત્યારથી જ આ મંદિર 'જગન્નાથજીની મંદિર' તરીકે જગપ્રસિદ્ધ થયું. એમના પછી બાલમુકુંદદાસજી આવ્યા અને તે પછી નરસિંહદાસજી આવ્યા. નરસિંહદાસજીને સ્વપ્નમાં ભગવાન જગન્નાથજી આવ્યા અને તેમણે રથયાત્રા શરૂ કરી. લોકવાયકાઓ અનુસાર ભરૂચમાં રહેતા ખલાસ કોમના



ભક્તોએ પણ રથયાત્રાની પોતાની જવાબદારી સ્વીકારી લીધી. તેમણે તાબડતોબ નારિયેળના ઝાડમાંથી ત્રણે ભગવાનના રથ તૈયાર કરીને અમદાવાદ પહોંચાડી દીધા.

આમ 1876થી શરૂ થયેલી રથયાત્રામાં પરંપરા મુજબ રથ ખેંચવાનું કાર્ય ખલાસ કોમના ભાઈઓ સાચી શ્રદ્ધાથી દર વર્ષે કરે છે. 145 વર્ષ પહેલા શરૂ થયેલી રથયાત્રામાં ઉત્તરોત્તર મોટી થતી ગઈ. શરૂઆતમાં માત્ર સાધુ-સંતો જ રથયાત્રામાં ભાગ લેતા હતા અને તેમનું રસોડું સરસપુરના રણછોડજી મંદિરમાં રાખવામાં આવતું, ભક્તજનોની ભીડ વધતા સરસપુરમાં ઠેર ઠેર રસોડાંઓ ઊભાં કરવામાં આવ્યાં. દર વર્ષે મામેરું પણ અહીંયા જ કરાય છે નરસિંહદાસજી મહારાજે પ્રથમવાર કાઢેલી રથયાત્રા વખતે ભગવાનને બળદગાડામાં બિરાજમાન કરવામાં આવ્યા હતાં. ત્યારથી લઈને આજ સુધીમાં રથયાત્રા ઐતિહાસીકથી મોર્ડન બની ગઈ છે.

માત્ર રથયાત્રા જ નહી પણ જે રથમાં ભગવાન બિરાજીને નગરચર્યાએ નીકળે છે તેણે પણ હવે નવા રૂપરંગ હાંસલ કરી લીધા છે. રથ નવા રૂપ રંગ ધારણ કર્યા છે સાથોસાથ તેમાં મોર્ડન પૈડા અને સ્ટીયરીંગ પણ લગાડવામાં આવે છે. શરૂઆતની યાત્રામાં ગણ્યાગાંઠ્યા પોલિસ કર્મીઓ હતા હવે રથયાત્રામાં શ્રદ્ધાળુઓ કરતા પોલીસ વધારે હોય તેવી લોકોમાં ચર્ચા હોય છે. જગન્નાથ ભગવાનની રથયાત્રા પ્રાચીન પરંપરા કોમી એખલાસનું પ્રતીક છે. લાખો શ્રદ્ધાળુઓ જગન્નાથના દર્શન કરીને ધન્યતા અનુભવે છે. તેમના આશીર્વાદ મેળવીને પોતાની જાતને પાવન માને છે.

રથયાત્રા દરમ્યાન અને પહેલા કોમી રમખાણો થયા હતા. કેટલાક લોકોના જીવ ગયા હતા. તંગદિલી ભર્યા વાતાવરણ વચ્ચે પણ રથયાત્રા યોજવામાં આવી હતી. 1985માં ગુજરાત સરકારે રથયાત્રા પર પ્રતિબંધ મૂક્યો હતો. આમ છતાં સરજુપ્રસાદ નામના હાથીએ બેરિકેડ તોડી ભગવાનના રથ મંદિર બહાર કાઢ્યા હતાં. વર્ષ 1946, 1969 અને 1985ની રથયાત્રા ઐતિહાસિક હતી. ત્રણેય વર્ષે અમદાવાદ શહેરમાં કોમી રમખાણો ફાટી નીકળ્યા હતા. 1946 અને 1969ના વર્ષમાં રથયાત્રા સમયે બે કોમ વચ્ચે ખૂબ જ તંગદિલીભર્યો માહોલ હતો. જેને કારણે હુલ્લડો ફાટી નીકળ્યાં હતા. રથયાત્રાનો પરંપરાગત રૂટ મોટાભાગે મુસ્લિમ વિસ્તારમાં હોવાથી ખૂબ જ તંગદિલી હતી છતાં બંને વચ્ચે ભગવાનની રથયાત્રા નીકળી હતી અને ભગવાને નગરજનોને દર્શન આપ્યા હતા.

1985માં પણ બે કોમ વચ્ચે તોફાનો ફાટી નીકળ્યા હતાં. બે વાર હુલ્લડો અને તોફાનો વચ્ચે રથયાત્રા નીકળી હતી, જેથી 1985માં ગુજરાત સરકારે રથયાત્રા પર પ્રતિબંધ મૂક્યો હતો. આમ છતાં સરજુપ્રસાદ નામના હાથીએ રથ ખેંચી અને મંદિરમાં દરવાજા પાસે બેરિકેડ તોડી ભગવાનના રથ મંદિર બહાર કાઢ્યા હતાં અને ભગવાનને નગરચર્યા પર જાય તેવી ઈચ્છા છે એમ માની છેવટે રથયાત્રા કાઢવામાં આવી હતી.

વર્ષ 1993માં બાબરી ધ્વંસ બાદ રથયાત્રા યોજાવવા જઈ રહી હતી. રથયાત્રા પર હુમલો થાય તેવી શકયતા જણાઈ રહી હતી. જેથી રથયાત્રાની સુરક્ષાના હેતુથી ભગવાન જગન્નાથના ત્રણ રથોને બુલેટપ્રૂફ કાચથી સુરક્ષિત કરાયા હતા. રથયાત્રામાં તોફાન થયા હતા છતાં રથ સલામત રીતે નિજ મંદિર પરત ફર્યા હતા. જો કે આ વર્ષે પહેલી વાર ના તો કોમી રમખાણો કે ના તોફાનો છે પરંતુ એક રોગના કારણે પરંપરા તૂટશે અને ભગવાન જગન્નાથ નગરચર્યા પર નહિં જાય.

**"ખાલી ગંજુ"**

સાપ્તાહિક ગુજરાત વંદન

# '..આ વરહે વરસાદ ઓછો છે એટલે આ બધા વૈતરા કરવા પડે છે, નકર હું તો દસ વીઘા જમીનનો ખાતેદાર ખેડૂત છું'

**જીવન વહેણ**
**અશોકસિંહ એ. ટાંક**

હું મારી બાઈક લઈને નીકળ્યો. રોડ પર એક ગામડાનો માણસ ઊભો હતો. વધી ગયેલા અને અડધો અડધ સફેદ થઈ ગયેલાં વાળ, જે ઉંમર કરતા ઉપાધિના વધારે લાગતા હતા. થોડા દિવસની ચડી ગયેલી દાઢી. ચોળાઈ ગયેલા કપડા પહેર્યા હતા. હાથમાં મેલી થઈ ગયેલી થેલીમાં ટિફિન હતું. હું જે તરફ જતો હતો તે તરફ જ તેને જવું હતું. એવું મને લાગ્યું તેને લિફ્ટ જોઈતી હતી પણ આવા માણસોએ કોઈ પાસે ક્યારેય કહી માગ્યું ના હોય એટલે તેમને સંકોચ થતો હોય, તેની નજરથી મને આ વાત સમજાઈ ગઈ. મેં મારી બાઈક ઉભી રાખીને કહ્યું, "કઈ બાજુ જવું છે ભાઈ?" તે થોથવાતા બોલ્યા, "ડેરી બાજુ જવું છે" મેં તેને બેસાડી લીધા.

તેને જોઈને મને યાદ આવ્યું, હું જ્યાં નોકરી કરવા જાવ છું તેની બાજુના જ ગામના તે હતા. તેમનું ખેતર રોડની બાજુમાં આવેલું છે. મેં તેને ઘણી વખત ખેતરમાં સાંતિ હાકતા, નિંદામણ કરતા, પાણી વાળતા જોયેલા, વળી ક્યારેક શેઢે ભેંસો, ને બળદ ચરાવતા પણ જોયેલા.


બાઈક પર રસ્તામાં મેં તેને પૂછ્યું, " મને ઓળખ્યો?" "ના.... ભાઈ" તેણે કહ્યું,

પછી મેં કહ્યું, " હું તમારા બાજુના ગામમાં નોકરી કરું છું. મેં તમારું ખેતર જોયું છે, તમને પણ ત્યાં રોજ કામ કરતા જોઉં છું. એટલે જ તો ઓળખી ગયો" તે કહેવા લાગ્યા, "સારું થયું ભાઈ ઓળખી ગયા હું ટેમે પોગી તો હકીશ. તમે ન મળ્યા હોત તો હું હાલવામાંડેત. ભાઈ.. આ વરહે વરસાદ ઓછો છે એટલે આ બધા વૈતરા કરવા પડે છે. નકર હું તો દસ વીઘા જમીનનો ખાતેદાર ખેડૂત છું. મારે બે ભેંસો અને બે બળદો છે. પણ કુવે પાણી આ વર્ષે નથી રહ્યું.

મારે સાત જીવનું પુરુ કરવું આ વર્ષે અઘરું પડે છે." મને નવાઈ લાગી, ને થોડી ચીડ પણ ચડી કે આ લોકો આટલા બધા છોકરાઓ શું કામ કરતા હશે? મેં કહ્યું, "ભાઈ તમારે સાત છોકરાઓ છે?" તે બાઈક પાછળ બેઠા બેઠા હસ્યા, ને કેહવા લાગ્યા, "ના ભાઈ... ના.. બે છોકરા, એક બૈરુ, બે ભેંસ, ને બે બળદો... થઈ ગયા ને સાત ?" મને તેમના પર માન થયું. ગામડા ગામનો એક ખેડૂત પોતાના પશુધનને પણ પરિવારના જ સભ્યો ગણે છે. તેણે આગળ વાત કરી, "મારા છોકરાઓ દૂધ છાશ વાટકા ભરી ભરીને ખાતા હોય, ને મારી ભેંસોને બળદની ગમાણ ખાલી હું કેમ જોઈ શકુ?

આ વરહે ખાતર બિયારણમાં બધી બચત વપરાઈ ગઈ. ખેતીમાં કાંઈ ઉપજ ના આવી એટલે આ બધા જીવના પેટ ભરવા આ ડેરીની નોકરીમાં લાગી ગયો છું. રાતે નોકરી ચાલુ થાય સવારે ચાર વાગ્યે પુરી."મેં પૂછ્યું, "ત્યાં કામ શું કરવાનું?" તેણે કહ્યું, "કામમાં તો દુધના ખાલી કેન ગરમ પાણીથી ધોવાના. સવારે ચાર વાગે છૂટો થઈ જાવ. હાલીને આયા ચોકડી સુધી આવી જાવ. એટલે કોક વાહન મળે એનાથી ઘરે પોગી જાવ. ઘડીક પોરો ખાઈને ખેતરે પાછો કામે લાગી જાવ. ડેરીવાળા રોજના બસો રૂપિયા આપે છે. એમાં હું સાત જીવનું ગુજરાન હકાવ્યે રાખું છું. આવતા ચોમાસે ભગવાન વરસાદ સારો આપશે. એટલે હે.....યને બધા સારા વાના થઈ જશે"

આટલી વાત કરી ત્યાં ડેરી આવી ગઈ. તે ઉતરી ગયા. ગામડાના માણસ એટલે આભાર વ્યક્ત કરતા નો આવડ્યો. ઉતરીને મારી સામે જોઈ રહ્યા. તેની આંખો પરથી હું તેનો આભારનો ભાવ સમજી ગયો. તેણે કહ્યું, "ભાઈ, સામે હોટલે તમને ચા તો પાવી છે, પણ.... ગંજુ ખાલી છે!!!"એમ કહી મારી સામે ફિક્કુ હસીને ટિફિન ઝુલાવતા તે ડેરીના ગેટ તરફ ચાલવા લાગ્યા.



Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

# ગોધરાકાંડ

## રમખાણો મુદ્દે જાકીયા જાફરીએ કરેલી અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી



ગુજરાત | વંદન

સુપ્રીમ કોર્ટ દ્વારા જાકીયા જાફરીની અરજી આખરે ફગાવી દેવામાં આવી હતી. પૂર્વ કોંગ્રેસી નેતા અહેસાન જાફરીના પત્ની જાકીયા જાફરી સીટ અને તત્કાલીન મુખ્યમંત્રી સહિત અનેક લોકોની આ તોફાનોમાં સંડોવણી હોવાની અને સીટ દ્વારા તેમને છાવરવામાં આવ્યા હોવાના મુદ્દે વર્ષોથી કોર્ટમાં લડત આપી રહ્યા હતા. જો કે ગત્ત સુનાવણી દરમિયાન તેમણે જ પોતાના નિવેદનમાં મોટુ પરિવર્તન કરતા આખરે સુપ્રીમ કોર્ટે અરજીને ડિસમિસ કરી દીધી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, સીટ દ્વારા પીએમ મોદીને અપાયેલ ક્લિનચીટને પડકારી હતી.

2002 ના ગુજરાતના તોફાનો દરમિયાન આ પૂર્વાયોજીત ષડયંત્ર અને કાંડ હોવાનો આરોપ લગાવનારા જાકિયા જાફરીએ સુપ્રીમ કોર્ટને અગાઉ પોતાના નિવેદનમાં મોટું પરિવર્તન કર્યું હતું. તેમણે રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રીને કોઇ પણ સ્તરે ફસાવવાનો પ્રયાસ નહી કર્યો હોવાનો દાવો કર્યો હતો. આ ઉપરાંત તેમણે કહ્યું કે, આ મુદ્દે તેમણે કોર્ટમાં ક્યારે રજુ પણ નથી કર્યો. 28 ફેબ્રુઆરી 2002 માં થયેલા ગોધરાકાંડ બાદ ફાટી નિકળેલા તોફાનોમાં અમદાવાદની ગુલબર્ગ સોસાયટીમાં થયેલી હિંસા દરમિયાન મૃત્યુ પામેલા કોંગ્રેસ નેતા એહસાન જાફરીની પત્ની જકિયા જાફરીએ SIT દ્વારા નરેન્દ્ર મોદી સહિત 64 લોકોને આપેલી ક્લીન ચીટના કેસને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. અત્રે નોંધનીય છે કે, ગોધરાકાંડ સમયે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી હતા.

જાકિયા જાફરી પહેલાથી જ નરેન્દ્ર મોદી સહિતના અનેક નેતાઓ વિરુદ્ધ કાયદાકીય લડાઇ લડે છે. નીચલી કોર્ટથી માંડીને સુપ્રીમ કોર્ટ સુધી તમામ સ્તરે લડત લડ્યા બાદ આખરે હવે તેમણે પોતાનાં નિવેદનમાં મોટું પરિવર્તન કર્યું હતું. જેની અસર તેમના વકીલના નિવેદન પર પણ જોવા મળી હતી. સુપ્રીમ કોર્ટમાં જાફરી તરફથી હાજર વરિષ્ઠ અધિવક્તા કપિલ સિબ્બલે ન્યાયમૂર્તિ એ.એમ ખાનવિલકરની અધ્યક્ષતાવાળી ત્રણ ન્યાયાધીશોની પેઠનેક હ્યું કે, તેમણે પૂર્વ મુખ્યમંત્રીની કોઇ પણ કથિત સંડોવણી અંગે ક્યારે પણ તર્ક નથી આપ્યો. અમારો પ્રયાસ તે વાત પર છે કે, કાવત્રાના અનેક મોટા મુદ્દાઓ છે તે ખાસ તપાસ દળ (સીટ) દ્વારા આ મુદ્દાઓની તપાસ પણ નથી કરવામાં આવી.

બેંચમાં જસ્ટિસ દિનેશ મહેશ્વર અને સીટી રવિકુમાર પણ હતા, જેમણે એસઆઇટી દ્વારા ઉચ્ચસ્તરીય તે લોકોની સંડોવણીના આરોપોની તપાસ કરી હતી. સામગ્રી પણ એખત્ર કરી હતી. જેના આધારે તપાસ અધિકારીએ મંતવ્યો રજુ કરતો એક અહેવાલ પણ રજુ કર્યો હતો. આ ટેપમાં તે દાવા સંબંધીત એસટઆઇટીના સમકાલીન અધિકારીક રેકોર્ડ તરફ ઇશારો કર્યો છે કે રાજ્યમાં કેવા પ્રકારની પ્રતિક્રિયા આપવામાં આવી અને શું કાર્યવાહી કરવામાં આવી અને કેવા પગલા ઉઠાવવામાં આવ્યા. જો કે સુપ્રીમ કોર્ટ અગાઉ પણ કહી ચુકી છે કે, કોઇ નક્કર પુરાવા વગર કોઇ પણ વ્યક્તિ વિરુદ્ધ આરોપ પત્ર દાખલ કરી શકાય નહી.

## વીરના વાવણીયે હીરલા જડ્યાં રે લોલ...



ફોટો સ્ટોરીઃ અશોકસિંહ એ.ટાંક

ઓતર દખણથી ચડી વાદળી રે લોલ,
ઝીણી ઝીણી ઝબૂકે છે વીજ જો..
ખેડૂના માથે લીલા મોળીયા રે લોલ,
ધોરીડાની કોટે ઘુઘરમાળ જો...
વીરના વાવણીયે હીરલા જડ્યાં રે લોલ,
વીરને લલાટ કુમકુમ ચાંદલો રે...
આજ આનંદ મારે આંગણે રે લોલ..

ચોમાસાના પહેલા સારા વરસાદથી પશુ, પંખી, ધરતી માતા અને ખેડૂત ખુશ ખુશાલ થઈ જાય છે. સારા વરસાદ પછી વરાપ નીકળતા ખેડૂત પોતાના દેશી ગોધલા (બળદ)ને કૂંધે કંકુ છાંટી કપાળે તિલક કરી, સારુ મૂહુર્ત જોઈને વાવણી કરવાના કામમાં લાગી જાય છે. આજના વિલાયતી ખાતર અને ટ્રેક્ટરના યુગમાં બળદો રાખતાં ખેડૂતો ખૂબ ઓછા થઈ ગયા છે. પરંતુ દેશી ખાતર અને ગાય આધારિત ખેતી ફરી પાછી લાવવા સિવાય કોઈ વિકલ્પ નથી. જાણીતા લેખક અને કેળવણીકાર સ્વ મનુદાદા પંચોળીને આજથી ૪૦ વર્ષ પહેલા સણોસરાના કોઈ વ્યક્તિએ સમાચાર આપ્યા કે દાદા આપણા ગામમાં પહેલું ટ્રેક્ટર આવ્યું. હવે બળદોની જરૂર નહીં રહે. ટ્રેક્ટર ખૂબ ઝડપથી ખેતર ખેડવાનું કામ કરશે. એ વખતે મનુ દાદાએ તે વ્યક્તિને પ્રશ્ન કર્યો, “શું ટ્રેક્ટર પોદળો કરશે?”તો સામે વ્યક્તિએ “ના”કહી. ત્યારે મનુ દાદાએ નિઃસાસો નાંખતા કહ્યું હતું, “તો બળદો વગર તમારી ખેતીનો સત્યાનાશ વળી જશે!!” આજે આપણે રાસાયણિક દવા અને રાસાયણિક ખાતરના બેફામ ઉપયોગથી ખેતીને ભાંગી નાખી અને આપણાં સ્વાસ્થ્ય પણ બગાડ્યા.તો ચાલો આપણે જાગી જઈએ.દેશી ગાય અને બળદો આધારિત ખેતી અપનાવીએ.ખેતીને જીવતી કરીએ.

## સાપ્તાહિક રાશિફળ

પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ) કોઈ નવો આર્થિક ફાયદો થશે. દેખાડાને કારણે ખોટા ખર્ચ અને સંબંધી સાથે મનમુટાવ થઈ શકે તેમ છે માટે સાવધાન રહેવું . કોઈ કામ ન થવાથી તમને નિરાશાઓ ઘેરી વળે. આ દુઃખદાયક ઘટનામાંથી બહાર આવી તમે પ્રવાસનું આયોજન કરશો, તો શાંતિ મલશે.

**વૃષભ** (બ.વ.ઉ) મહત્ત્વપૂર્ણ કામ પણ સંપન્ન થઈ શકે છે. મોટાભાગનો સમય ધાર્મિક અને અધ્યાત્મિક સંસ્થાઓમાં પસાર થશે.તમે વધુ માયાળુ બનો. આ સમયગાળામાં નોકરી કે વ્યવસાયમાંથી સંતોષકારક સફળતાનો સમયગાળો છે. કામ અને કામના આયોજનમાં તમારું ડહાપણ ઝળકશે.

**મિથુન** (ક.છ.ઘ) સપ્તાહ દરમિયાન, લાંબુ વિચારવા કે કોઈ સારી કે ખરાબ નિર્ણય લેવાનો સમય હોય નહીં. આપમેળે યોગ્ય મંઝિલ આવી જશે. તમારામાં ખીલેલાં આ નવાં પાસાંને કારણે તમારી પ્રતિબદ્ધતા, આત્મવિશ્વાસ અને જવાબદારીઓમાં વધારો થાય.

**કર્ક** (ડ.હ) આ સપ્તાહમાં, એ વાતનું પણ ધ્યાન રાખો કે કોઈપણ કામને કરતાં પહેલાં તેના સારાં ખરાબ સ્તર અંગે વિચાર કરવો જરૂરી છે, ઉતાવળમાં કોઇ નિર્ણય ન લો. પહેલાં કાર્યોને લગતી યોજનાઓની રૂપરેખા બનાવી લો. નજીકના સંબંધી સાથે મનમુટાવ થવાથી સંબંધમાં કડવાશ આવી શકે છે.

**સિંહ** (મ.ટ) વિખવાદ ઊભો નથાય, તે માટે તકેદારી રાખવી જરૂરી છે. બિનજરૂરી તર્ક ન લડાવવાની સલાહ છે. ચાલુ નાણાંકીય કામ ચાલવા દેવા. આપના માટે વ્યક્તિગત બાબતો મહત્ત્વની બની રહેશે. બુધવારે આપ પૂર્ણતાનો અનુભવ કરશો. ખોટા વિચારો અને વાતો પર ધ્યાન આપવું નહીં.

**કન્યા** (પ.ઠ.ણ) ધ્યાન રાખો કે કોઈપણ કામને કરતાં પહેલાં તેના સારાં ખરાબ સ્તર અંગે વિચાર કરવો જરૂરી છે. તમારી પોતીકી નાનકડી દુનિયાનું નિર્માણ કરવામાં તમને સફળતા મળે. પરિવાર અને કાર્યસ્થળ વચ્ચે સંવાદિતા જળવાઈ રહે. પર્યાવરણ અંગે તમે ઘણી નિસ્બત ધરાવો છો.

**તુલા** (ર.ત) ઉતાવળ ભર્યો સ્વભાવ તમારા માટે જ પરેશાનીનું કારણ બનશે. એટલે પોતાની ઉપર નિયંત્રણ રાખો. કોઈ બાબતે નિર્ણય લેતા પહેલાં તેનું તટસ્થ રીતે મૂલ્યાંકન કરવાનો સમય આવી ગયો છે. અત્યારે તમારા માટે કામ અને પ્રેમ બંને બાબતે સમજદારી અને ટીમવર્ક કેળવવાની શુભ તક છે.

**વૃશ્ચિક** (ન.ય) થોડા સમયથી જે કામમાં ‘ મુશ્કેલીઓ આવી રહી હતી, તે ખૂબ જ સહજ રીતે પાર પાડવા લાગશે. તમે વિચલિત થયા વગર તમારા પદ, પ્રતિષ્ઠાને અનુરૂપ રહીને એ સમસ્યાઓ સામે લડવા તમારી સમગ્ર શક્તિ એકત્રિત કરશો. અહીં વધુ પડતા આત્મવિશ્વાસમાં ન રહેવાની સલાહ છે.

**ધન** (ભ.ધ.ફ) સહુને પોતીકું લાગે તેવું કામ હાથમાં લેશો તો બધી જ ઘટનાઓ તમારી ફેવરમાં બનશે. કામના સ્થળે તમારી કાર્યક્ષમતામાં વધારો થાય અને તેને કારણે તમને આત્મસંતોષ મળે. લોકો સાથેનું તમારું બંધન વધુ મજબૂત થાય. તમે ઘણાં સામાજિક કાર્યો હાથ ધરશો.

**મકર** (ખ.જ) માંગલિક પ્રસંગો માટે પગરણ મંડાય, વ્યવહારિક સફળતા મળતી જણાય, રવિવારે મધ્યાહન બાદ કોઈ સારા સમાચાર મળી શકે છે. આર્થિક રોકાણમાં વડીલ વર્ગની સલાહ મહત્વપૂર્ણ બની રહે, કાર્યક્ષેત્રમાં નવી તકોનું નિર્માણ સંભવ તેમજ લુપ્ત થયેલા સંબંધ તાજા થતા જણાય.

**કુંભ** (ગ.સ.શ.ષ) ઘરની જરૂરિયાતોને પૂર્ણ કરવામાં તમારો સમય પસાર થશે. તમે જોઈ શકાય તેવો વિકાસ સાધશો. આનંદમાં અભિવૃદ્ધિ અને પરિવાર સાથેનું બંધન વધુ મજબૂત થાય. તમે પરિવારને આગળ લઈજવા માટે જરૂરી દરેક બાબતે લાગણીભરી નિસ્બત દાખવો છો.

**મીન** (દ.ચ.ઝ) જ્ઞાનને પ્રગટ કરતાં કાર્યો કે શોખ પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરશો. તમારીમાં ઊર્જા અને આત્મવિશ્વાસના પ્રમાણમાં ખૂબ જ વધારો થઈ રહ્યો છે. લોકો સાથેના સંપર્કો, સુમેળ અને સંવાદ એ ત્રણ બાબતો તમારા માટે ખાસ અગત્યની રહેશે. તમારા સંપર્કો તમારા માટે નવી તકો ઊભી કરનારા નીવડે. તમે સફળતા મેળવીને જ રહેશો. નેગેટિવિટીથી ભરેલા લોકો આસપાસ ઊભા રહી ગયાં છે.

## ખેડબ્રહ્માના પૂર્વ ધારાસભ્ય જેઠાભાઈ રાઠોડ બદતર હાલતમાં

ગુજરાત | વંદન



આપણા નજરમાં 21 મી સદીના નેતા, ધારાસભ્યો અને સાંસદો એટલે લાલ ગાડીમાં સફેદ કપડા પહેરીને ફરતા લોકો. જેમનો રુઆબ જનતા કરતા અલગ હોય છે, અને તેઓ જમીનથી ચાર વેંત ઉંચા ચાલતા હોય. નેતા એટલે રજવાડી ઠાઠ. આપણા મગજમાં નેતાની કંઈક આવી ઈમેજ છે. પરંતુ ધારાસભ્ય બનો એટલે વૈભવની છોળો ઉડે એ જરૂરી નથી. આજે વાત કરીએ ગુજરાતના એક એવા પૂર્વ ધારાસભ્યની જેઓ ગરીબો કરતા પણ બદતર હાલતમાં જીવે છે. બે ટંક ખાવાનુ મળે તો ભગવાનનો પાડ માને છે.

ભારતમાં હવે નેતા ચૂંટાઈ આવતા જ કરોડપતિ બની જતા હોય છે. ચાર-પાંચ વર્ષોમાં તો તેમની કરોડોની સંપત્તિ ઉભી થઈ જતી હોય છે. પરંતુ એક સમય એવો પણ હતો, જેમાં નેતાઓ હકીકતમાં જનતાની સેવા કરવા માટે ચૂંટણી લડતા હતા, અને ચૂંટણી જીત્યા બાદ લોકોના કામ કરીને તેમના આર્શીવાદ મેળવીને જ તેમનુ પેટ ભરાઈ જતું. ખેડબ્રહ્મા-વિજયનગર બેઠક પરથી સ્વતંત્ર પક્ષના ઉમેદવાર રહીને ધારાસભ્ય બનેલા જેઠાભાઈ રાઠોડ આજે પણ બીપીએલ કાર્ડ ધરાવે છે અને ગરીબીમાં જીવન વિતાવે છે.

ન તો જેઠાભાઈનુ ઘર વૈભવી છે, ન તો તેમના ઘરની બહાર ગાડી ઉભી છે. તેમનુ ઝૂંપડા જેવુ ઘર જોવુ હોય તો વિજયનગર તાલુકાના ટેબડા ગામમાં જવુ પડે. જ્યાં તેમને વડલાઓથી વારસામાં મળેલુ ઝૂંપડા જેવુ ઘર છે.

## બિન અનામત વર્ગના આયોગ અને નિગમ બંધ કરવા માંગ, મુખ્યમંત્રીને કરાઈ રજુઆત

ગુજરાત | વંદન

પાટીદાર અનામત આંદોલન સમિતિના નેતા દિનેશ બાંભણીયાએ મુખ્યમંત્રીને પત્ર લખીને બિન અનામત વર્ગના આયોગ અને નિગમ બંધ કરવા માંગ કરી છે. તેમણે આ પત્રમાં વિદ્યાર્થીઓના પ્રશ્નોનું નિરાકરણ ન આવતુ હોવાની વાત કરી છે. પત્રમાં લખ્યુ કે, એક વર્ષ પહેલાની અરજીનું પણ નિરાકરણ નથી આવ્યું. વિદ્યાર્થીઓ લોનની આશાએ દેવામાં ફસાવ્યા. તેથી પ્રશ્નોનું નિરાકરણ લાવવા બાંભણીયાએ અપીલ કરી છે.

તેમણે પત્રમાં વધુમાં લખ્યુ કે, નિગમ દ્વારા અપાતી આશા ઠગારી નિવડે છે. ઘણા વિદ્યાર્થીઓ અને પરિવારો થયા હેરાન પરેશાન થાય છે. બિનઅનામત વર્ગના આયોગ અને નિગમ બંધ કરવા જોઈએ.

## કસરા-દાંતીવાડા પાઈપલાઈન અને ડીંડરોલ-મુક્તેશ્વર પાઈપલાઈનને મંજૂરી

ગુજરાત | વંદન



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કસરા-દાંતીવાડા પાઈપલાઈન અને ડીંડરોલ-મુક્તેશ્વર પાઈપલાઈનના કામને મંજૂરી આપતા બનાસકાંઠા સહિત ઉત્તર ગુજરાતના ખેડૂતોને થયે મહત્વનો ફાયદો. મહત્વનું છે કે, કસરા-દાંતીવાડા પાઈપલાઈનથી બનાસકાંઠાના 156 તળાવ નર્મદાના નીરથી ભરાશે. પાટણના બે તાલુકાના 96 તળાવ પણ ભરવામાં આવશે. આશરે દોઢ લાખ હેક્ટર જમીનને સિંચાઈના પાણીનો લાભ મળશે. સરકારના આ નિર્ણયથી જિલ્લાના અંતરિયાળ વિસ્તારને પૂરતું પાણી મળશે. ડીંડરોલ-મુક્તેશ્વર પાઈપલાઈનથી 100 ક્યુસેક પાણીનું વહન થશે. નર્મદાના પાણીને મુક્તેશ્વર ડેમમાં રાખવામાં આવશે. બનાસકાંઠાના પૂર્વ વિસ્તારની 20 હજાર હેક્ટર જમીનને આનાથી ફાયદો થશે.


ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ બનાસકાંઠાના 125 ગામની મહિલા ખેડૂતોએ PMને પોસ્ટકાર્ડ લખ્યા હતાં. PMને પોસ્ટકાર્ડ લખીને મહિલા ખેડૂતોએ પાણી માટેની માંગ કરી હતી. મહિલા ખેડૂતો દ્વારા કરમાવાદ તળાવ અને મુક્તેશ્વર ડેમમાં પાણી ભરવા અંગેની રજૂઆત કરવામાં આવી હતી. મહિલાઓ દ્વારા પાણી માટે ‘પોસ્ટકાર્ડ આંદોલન’ ચલાવવામાં આવ્યું. તમને જણાવી દઈએ કે, બનાસકાંઠા જિલ્લામાં ચાલુ વર્ષે નહિવત વરસાદના કારણે ભૂગર્ભ જળ ઊંડા ગયા છે. તો બીજી તરફ વડગામનું કરમાવાદ તળાવ અને મુક્તેશ્વર ડેમ પણ તળિયા ઝાટક થતા વિસ્તારના ખેડૂતો સિંચાઈ માટેના પાણી માટે બૂમબરાડા કરી રહ્યાં હતાં.

## ખારા પાણીનો મીઠો ઉકેલ: સુરતના પાંચ યુવાનોએ સોલાર પાવરથી ખારા પાણીને શુદ્ધ કરતું ભારતનું પહેલું ડિવાઈસ બનાવ્યું

ગુજરાત | વંદન

રાજ્ય સરકાર પીવાના પાણીના પ્રશ્નોના નિવારણ માટે સતત પ્રયત્નશીલ છે. ‘નલ સે જલ યોજના’ થકી છેવાડાના અંતરિયાળ વિસ્તારોમાં પણ પાણીને ઘર ઘર સુધી પહોંચાડવાનું અવિરત કાર્ય થઈ રહ્યું છે. ત્યારે સરકારના આ ભગીરથ કાર્યને વધુ વેગ આપવા અને પાણીની અછતને પહોંચી વળવા તેમજ દરિયાના ખારા પાણીનો ઉપયોગ કરીને તેને પીવાલાયક બનાવવા માટે સુરતના પાંચ યુવા સાહસિકોએ ‘સોલેન્સ એનર્જી’ સ્ટાર્ટ અપ શરૂ કરીને ભારતના સૌપ્રથમ સૂર્ય ઉર્જાની સંચાલિત યંત્રનો આવિષ્કાર કર્યો છે.

આ સ્ટાર્ટ અપના યુવા સૂત્રધારો યશ તરવાડી, ભૂષણ પર્વતે, નિલેશ શાહ, ચિંતન શાહ અને જ્હાન્વી રાણાએ સાત વર્ષની મહેનત બાદ ખારા પાણીનો મીઠો ઉકેલ શોધ્યો છે. તેમણે સુરત જિલ્લાના ઓલપાડમાં ખાસ ઉપકરણની મદદથી દરિયાના ખારા પાણીને પીવાલાયક બનાવવાનો પ્લાન્ટ ઉભો કર્યો છે, જેમાં પ્રતિ લિટર માત્ર ૫૦ થી ૫૫ પૈસા ખર્ચથી પ્રતિદિન ૨૦૦૦ લિટર દરિયાના ખારા પાણીને શુદ્ધ કરી શકાય છે. ઉપરાંત પ્રતિ લીટર ૩૫ ગ્રામ સિંધવ લૂણ (મીઠું) પણ મળે છે. આ પ્લાન્ટ વિકસાવવા માટે કેન્દ્ર સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી અને રાજ્ય સરકારના સ્ટાર્ટ અપ ગુજરાત યોજના હેઠળ ઈન્ડસ્ટ્રીઝ કમિશનરેટ-ગાંધીનગર દ્વારા રૂ.૩૦ લાખની સહાય મળી છે. તેમણે આ ઉપકરણનું પેટન્ટ પણ કરાવ્યું છે. ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ હેઠળ સરકાર દ્વારા પેટન્ટ માટે રૂ.૨૫૦૦૦ની સહાય પણ આપવામાં આવી છે. મહત્વપૂર્ણ વાત એ છે કે, આ ઉપકરણના સંશોધન દરમિયાન યુવાનોને ૧૫ વાર નિષ્ફળતા મળી હતી, પરંતુ હિંમત હાર્યા વિના સતત પરિશ્રમ જારી રાખ્યો અને ૧૬મો પ્રયત્ન રંગ લાવ્યો અને સફળ સાબિત થયો. લગાતાર નિષ્ફળતા પછી લક્ષ્યસિદ્ધિ હાંસલ કરવામાં આખરે આ યુવાનોને સફળતા મળી છે. ડિવાઈસથી ખારા પાણીમાંથી બનતું પાણી મિનરલયુક્ત છે, તેમજ પાણીજન્ય રોગોમાં રાહતરૂપ છે. આ પ્રોજેક્ટની માહિતી આપતા સ્ટાર્ટ અપ ટીમના સભ્ય યશ



તરવાડીએ જણાવ્યું હતું કે, પૃથ્વીનો ૭૧ ટકા વિસ્તાર પાણીથી ઘેરાયેલો છે. આમ છતાં આજે દુનિયાના ઘણા દેશો પાણીની વિકટ સમસ્યાનો સામનો કરી રહ્યા છે. ભવિષ્યમાં પાણીની મોટી અછત ઉદ્દભવે તેવી શક્યતા વિશ્વના વૈજ્ઞાનિકો દર્શાવી રહ્યા છે. સમાચારપત્રો તેમજ ન્યુઝ ચેનલોમાં પાણીની સમસ્યા વિશે સમાચારો જોયા-વાંચ્યા પછી દૂષિત પાણીનું શુદ્ધિકરણ કરી પાણીનો પુનઃ ઉપયોગ થઈ શકે એવું સ્ટાર્ટ અપ શરૂ કરવાનો વિચાર આવ્યો હતો. જેથી અમારી પાંચ મિત્રોની ટીમ દ્વારા કોલેજકાળના એન્જિનિયરીંગના અભ્યાસ દરમિયાન જ પાણીને પીવાલાયક બનાવવા ‘સોલેન્સ એનર્જી’ નામથી સ્ટાર્ટઅપ શરૂ કર્યું હતું.

આ પ્રોજેક્ટમાં અમે સૌર ઉર્જાની મદદથી એવી ટેકનિકની શોધ કરી, જેમાં હાઈ ટીડીએસ સાથે દરિયાના પાણીને પીવાલાયક બનાવી શકાય છે. મહત્વની વાત એ છે કે,આ ટેક્નિકમાં એક્સર્ટનલ પાવર સપ્લાયની જરૂર રહેતી નથી, તેમજ ઓપરેશનલ અને મેન્ટેનન્સ ખર્ચ આવતો નથી. રાજ્ય અને કેન્દ્ર સરકારની સ્ટાર્ટ અપ યોજના હેઠળ ઉપયોગી સહાય મળતા અમને આ ક્ષેત્રમાં કામ કરવાનું નવું બળ મળ્યું છે. આ સોલાર પાવર્ડ ડિવાઈસ કઈ રીતે કામ કરે છે એમ પૂછતા યશ તરવાડીએ જણાવ્યું કે, સૂર્યના કિરણોને યંત્રના વોકલ પર કેન્દ્રિત કરી કોન્સન્ટ્રેટર નામના ડિવાઈસમાં એટલે કે, રિસીવરમાં ખારૂ પાણી લેવામાં આવે છે. તેમાં ખારા પાણીમાં રહેલું મીઠું અને અન્ય પાર્ટ્સ રિસીવરમાં રહી જાય છે, અને માત્ર સ્ટીમ આગળ વધે છે. સ્ટીમને હિટ એક્સચેન્જર નામની ડિવાઈસ પ્રવાહી સ્વરૂપમાં ફેરવે છે. ત્યારબાદ પ્રોસેસ થયેલું આ પાણી પીવાલાયક બને છે.

આ પ્રોજેક્ટ છેવાડાના દરિયાકિનારાના ગ્રામ્ય વિસ્તારમાં સ્થાપિત કરવામાં આવે તો ગામડાના લોકોને પીવાલાયક શુદ્ધ પાણી આસાનીથી મળી રહેશે. એટલે જ અમે શહેરોની સાથોસાથ ગામડાઓમાં આ પ્રોજેક્ટ હેઠળ પીવાનું પાણી મળી રહે તે માટે પ્રયત્નશીલ છીએ એમ ઉમેર્યું હતું. આમ, ગ્લોબલ વોર્મિંગથી વિશ્વના તાપમાનમાં વિકટ સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે, ત્યારે પાણીની સમસ્યા ઉકેલવા પાંચ યુવાનોની પહેલ દેશને પાણીના ક્ષેત્રમાં આત્મનિર્ભર બનાવવામાં અતિ મદદરૂપ બનશે.

ટેક્ષટાઈલ સેક્ટરમાં વોટર જેટ યુનિટમાં પણ આ ટેક્નોલોજી આશીર્વાદ સમાન બનશે. સુરતમાં વિશાળ ટર્નઓવર ધરાવતા ટેક્ષટાઈલ સેક્ટરમાં વોટર જેટ યુનિટો ધમધમે છે. આ યુનિટમાં બહોળા પ્રમાણમાં પાણીનો ઉપયોગ થાય છે. મશીનમાંથી નીકળતા દૂષિત પાણીને સોલર પાવરથી સંચાલિત આ ડિવાઈસની મદદથી શુદ્ધ કરી શકાય છે. આવા યુનિટોમાં પણ આ ‘સોલેન્સ એનર્જી’નું ઉપકરણ બેસાડી શકાય છે.

## શબ્દોની સંતાકૂકડી 16 — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | | 2 | ■ | 3 | | 4 |
| 5 | ■ | 4 | 6 | 7 | ■ | |
| ■ | 6 | ■ | | ■ | 9 | 9 |
| 8 | 10 | | ■ | 11 | 11 | |
| 12 | | ■ | 13 | 13 | | ■ |
| 14 | ■ | | 15 | ■ | | 15 |
| | | ■ | | | ■ | 17 |

### ઊભી ચાવી

(1) ન્યાયાલય [2]
(2) સૂંઘવાની ઈન્દ્રિય [2]
(3) કોઈ વાત કે મુકદ્દમાનો નિવેડો લાવવા બેસતી પાંચ માણસોની કે એનાથી વધારે યા ઓછા માણસોની મંડળી [2]
(4) મજબૂત અને ટકાઉ ન હોય તેવું [4]
(6) લક્ષ્મીદેવીનું એક નામ [2]
(7) બીના, બાબત [3]
(8) પંખીઓનો મધુર અવાજ [4]
(9) આમનેસામને [4]
(10) એક શિકારી પક્ષી [2]
(12) ગામડાને લગતું, ગામડિયું [3]
(15) એક જંતુ [2]

### આડી ચાવી

(1) હાલમાં આ મહામારી ચાલે છે [3]
(3) ભોજન કરવા બેસ-નારાઓની હાર [3]
(5) કાચનો નાનો અણીદાર કટકો [3]
(8) કસબ, આર્ટ [2]
(9) દરિયો, સમુદ્ર [3]
(10) ડોલ [3]
(11) વોટ, અભિપ્રાય [2]
(12) એક કંદ [3]
(13) એક કહેવત - ...., દામ દંડ ભેદ [2]
(14) ધારણા, સંભવ, શક્યતા [2]
(16) નકશાને અંગ્રેજીમાં કહેવાય [2]
(17) સારું, ભલે [2]

શબ્દોની સંતાકૂકડી-16 નો ઉકેલ આવતા અંકે

### શબ્દોની સંતાકૂકડી-15નો ઉકેલ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 વ | 2 ન | રા | 3 જી | ■ | 4 કા | ણ |
| 5 હા | થી | ■ | 6 વ | 7 જ | ન | ■ |
| ણ | ■ | 8 પા | ■ | વ | ■ | 9 ક |
| ■ | 10 ખ | મ | ણ | ■ | 11 મા | લ |
| 12 વા | ■ | ર | ■ | 13 ખા | ન | ગી |
| 14 મ | ણ | ■ | 15 હે | ■ | દ | ■ |
| ન | ■ | 16 ક | મ | ળ | ■ | 17 ખ |

## કોયડો નં. 18 સુડોકુ — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 3 | | | | 6 | | 9 |
| 1 | 8 | | | 2 | 5 | | | |
| | | | | | 4 | 1 | 5 | |
| 3 | | 6 | | | | | 4 | |
| | 9 | | 5 | 4 | | | | 2 |
| | | 4 | | | 1 | | 6 | |
| | 3 | | | | 9 | | | |
| | 1 | | | | | | 9 | |
| 9 | | | | 1 | 7 | | | |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

### સુડોકુ-18નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 4 | 3 | 1 | 7 | 8 | 6 | 2 | 9 |
| 1 | 8 | 9 | 6 | 2 | 5 | 4 | 7 | 3 |
| 6 | 7 | 2 | 3 | 9 | 4 | 1 | 5 | 8 |
| 3 | 5 | 6 | 7 | 8 | 2 | 9 | 4 | 1 |
| 7 | 9 | 1 | 5 | 4 | 6 | 8 | 3 | 2 |
| 8 | 2 | 4 | 9 | 3 | 1 | 7 | 6 | 5 |
| 2 | 3 | 8 | 4 | 6 | 9 | 5 | 1 | 7 |
| 4 | 1 | 7 | 8 | 5 | 3 | 2 | 9 | 6 |
| 9 | 6 | 5 | 2 | 1 | 7 | 3 | 8 | 4 |

## 19મી સદીમાં ટેક્સાસ સ્ટેટમાં ચાલતી ગુલામીની પ્રથાને દૂર કરવા વોશિંગ્ટન-ડીસીથી છૂટ્યો આદેશ પણ...

# રસપ્રદ કિસ્સો: જ્યારે હજારો ગુલામોને અઢી વર્ષ વધારે ગુલામી કરવી પડી..!

ગુજરાત | વંદન

પેટા-નદી-નાળા, પર્વતો અને અન્ય માનવીય અડચણો પાર કરતાં કરતાં ફરમાનના સમાચારની ટપાલ પહોંચી ત્યારે ચારેકોર આનંદની ચીચીયારીઓ સંભળાઇ.


સમાચારોની દુનિયામાં આજે ફેક ન્યૂઝ એક સમસ્યા બની ગઇ છે. કોના ઉપર વિશ્વાસ કરવો ન કરવો એવા વાતાવરણમાં ફેક ન્યૂઝના ઢગલામાંથી સાચા સમાચાર શોધવા પડે. પરંતુ 19મી સદીમાં જ્યારે દૂર સંપર્કના કોઇ સાધનો નહોતા અને ટપાલપત્ર પર જ સમગ્ર આધાર રાખવો પડે તેવા સમયકાળમાં એક રાજ્યમાં સમાચાર પહોંચવામાં મોડુ થતાં એ રાજ્યના હજારો ગુલામોને બેથી અઢી વર્ષ સુધી વધારે ગુલામી કરવાની ફરજ પડી હોવાનો એક રસપ્રદ કિસ્સો વિશેષ કરીને સમાચારના સંદર્ભમાં અમેરિકાના ઇતિહાસમાં નોંધાયેલો છે.

એક માણસ બીજા માણસને પોતાના ગુલામ તરીકે રાખે..? આ સવાલ આજના સમયમાં ભલે વાહિયાત લાગે પરંતુ ઇતિહાસના પાના ભરીને લખાયેલુ છે કે માણસે જ બીજા માણસને ગુલામ બનાવવાની ક્રૂર અને કૂપ્રથા 19મી સદીમાં શરૂ કરી અને શાકભાજી વેચનારાઓનું બજાર ભરાય તેમ પકડીને લાવેલા ગુલામો જેમાં મોટા ભાગના અશ્વેત એટલે કાળા રંગના હતા તેમના વેચાણ માટે બજારો ભરાતા અને ખરીદનારા ખેતીકામ, ઘરકામ માટે હટ્ટાકટ્ટા પુરૂષ ગુલામો અને ઐયાસી માટે મહિલા પસંદ કરીને પૈસા ચુકવી ખરીદીને જાનવરો રાખીએ તેમ તેમને ઘરમાં તરીકે રાખતા.

આ અમાનવીય અને ક્રૂર તથા સમસ્ત માનવ જાત માટે ધૃણાસ્પદ કૂપ્રથાના ગુલામોના કાળા વેપારમાં ગુજરાતીઓ પણ હતા. તેના વિષે હવે પછી અલગથી લખી શકાય પણ આ પ્રથા આજના સુપર પાવર અમેરિકામાં 150 વર્ષ પહેલા સુધી હતી. અમેરિકાના 16મા રાષ્ટ્રપતિ અબ્રાહ્મ લિંકનના પ્રયાસોથી આ ગુલામ પ્રથાને ગેરકાયદે જાહેર કરાઇ અને કડક અમલ કરાયો તે પછી અમેરિકા જેવા દેશમાં માનવીઓના વેચાણનો કાળો વેપાર બંધ થયો હતો. જો કે અશ્વેત પ્રત્યે રંગભેદનું વલણ હજુ પણ અમેરિકામાં જોવા મળે છે..

1 જાન્યુઆરી, 1863ના રોજ, ગુલામપ્રથામાં માનતા રાજ્યો અને ગુલામ પ્રથાને નાબૂદ કરવા માંગતા રાજ્યો વચ્ચે અમેરિકામાં ગૃહ યુદ્ધ ફાટી નિકળ્યું હતું. દરમિયાન , અમેરિકાના પ્રમુખ અબ્રાહ્મ લિંકને ગુલામોના મુક્તિની ઘોષણા જારી કરી. બંધારણના 13મા સુધારા પર હસ્તાક્ષર કર્યા. અને દરેક રાજ્યોને તેની જાણ કરવા વહીવટી તંત્રને આદેશ આપી દેવાયો.

તે વખતે કાંઇ આજની જેમ મોબાઇલ ફોન કે પરંપરાગત સામાન્ય ટેલિફોનની સુવિધા પણ ઉપલબ્ધ નહોતી. યાદ રહે કે ટેલિફોનના જુના ડબલાની શોધ ગ્રેહામ બેલે 1876માં કરી હતી. તે વખતે ટપાલની જુનીપુરાણી પ્રથા અમલમાં હતી. એક શહેરથી બીજા શહેરમાં કે એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં ટપાલના થેલા ઘોડાઓ અને તે



સમયની વિકટોરિયા ટાઇપ ઘોડાબગીમા લાદીને લઇ જવામાં આવતી હતી.

અમેરિકાના ઇતિહાસના પાને એક એવો રસપ્રદ કિસ્સો નોંધાયેલો છે કે જે એ દર્શાવે છે સમાચારનું શું મહત્વ છે. ગુલામીપ્રથા નાબૂદીના સમાચાર જલ્દી ન પહોંચતા હજારો ગુલામોને બે-અઢી વર્ષ વધારે કાળી મજૂરી કરવી પડી હતી. ઉલ્લેખ એવો છે કે અમેરિકાના તત્કાલિન રાષ્ટ્રપતિ લિંકનનો ગુલામી પ્રથા નાબૂદીનો રાજ્યોને આદેશ આપતા મંજૂરીના સમાચાર ટેકસાસ નામના એક રાજ્યમાં પહોંચતા બે અઢી વર્ષ લાગ્યા પરિણામે બીજા રાજ્યોમાં ગુલામો આઝાદીની નવી તાજી હવા ખાઇ રહ્યાં હતા, મુક્તિનો નવો અનુભવ કરી રહ્યાં હતા, તેમના હાથ અને પગમાંથી ગુલામી સાંકળો ટૂટી ગઇ હતી ત્યારે ટેક્સાસના ગુલામોને બે અઢી વર્ષ વધારે ગુલામી એટલા માટે કરવી પડી કેમ કે તેમના સુધી મુક્તિના સમાચાર પહોંચ્યા જ નહોતા...!

મૂળ ઘોષણાની જાણ કરતા સમાચાર બે અઢી વર્ષ પછી 19 જૂન, 1865ના રોજ મળ્યા અને દિવસે ટેક્સાસના ગુલામોને જાણ થઇ અને તેમને પણ મુક્ત કરી દેવાયા.

19મી સદીમાં સમાચાર ચોક્કસપણે ધીમે ધીમે મુસાફરી કરતા હતા. ખાસ કરીને ટેક્સાસ એક સમસ્યારૂપ વિસ્તાર હતોઃ 1865ના એક દાયકા પહેલા, યુએસ પોસ્ટમાસ્ટર જનરલે એ હકીકત પર શોક વ્યક્ત કર્યો હતો કે ટેકસાસ રાજ્ય (અમેરિકન દક્ષિણ-પશ્ચિમના મોટા ભાગની સાથે)માં સ્ટીમબોટ, રેલ અથવા ટર્નપાઈક દ્વારા પહોંચવું અશક્ય હતું. મેલ એટલે કે ટપાલ સ્ટેજકોચ (ઘોડાગાડી) અથવા વેગન દ્વારા વિતરિત કરવામાં આવતી હતી. પરિવહનનો એક ધીમો અને અવિશ્વસનીય મોડ જ્યાં સુધી યુએસ સરકાર દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવતું હતું ત્યાં સુધી ટપાલ સેવા ટેક્સાસના જીવનનો આવશ્યક ભાગ હતો, પરંતુ જ્યારે મેઇલટપાલ સિસ્ટમને ધ્યાનમાં લેવામાં આવે છે, ત્યારે પણ ઇતિહાસકારો આશ્ચર્યચકિત થાય છે કે આટલા લાંબા સમય સુધી ગુલામ ટેક્સન્સ તરફથી ઘોષણા કેવી રીતે છુપાવી રાખવામાં આવી..?. શું ગુલામધારક જમીનદારો-સામંતોએ તેમના ખેતીના વાવેતર પર નિયંત્રણ જાળવવા હેતુપૂર્વક સમાચાર છુપાવ્યા હતા? શું સંદેશવાહકોએ સમાચાર પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો..? શું તેઓને બળજબરીથી તેમની ફરજમાં રૂકાવટ કરીને ગુલામીપ્રથા નાબૂદીના સત્તાવાર સમાચાર ટેકસાસના સત્તાવાળાઓ સુધી ના પહોંચે તે માટે તેમને અધ્ધ વચ્ચે અટકાવવામાં આવ્યા હતા? શું ફેડરલ સરકારે ગુલામધારકો સાથે મળીને સમાચારને રોકવા માટે કાવતરું કર્યું હતું..? જેથી કરીને ખેતીકામ કરતાં ગુલામો પાસેથી કાળી મજૂરી કરાવીને પાકની એક અંતિમ સીઝન લણણી લેવાય તેવા કોઇ પ્રયાસો હતા?

સવાલ એ પણ છે કે આખરે ત્યારબાદ ટેકસાસને ગુલામોને મુક્ત કરી દેવાના સમાચાર આખરે કેવી રીતે પહોંચતા થયા, તો તેનો જવાબ એવો ઉલ્લેખાયેલો છે કે 19 જૂન, 1865ના રોજ, મેજર જનરલ ગોર્ડન ગ્રેન્જર લગભગ 2,000 યુનિયન ટુકડીઓ સાથે ગેલ્વેસ્ટન, ટેક્સાસ પહોંચ્યા અને હાથોહાથ સંદેશ આપ્યો કે રાજ્યમાં ગુલામીપ્રથાને હવે સહન કરવામાં આવશે નહીં. અને એ દિવસથી ટેકસાસમાંથી પણ ગુલામોને મુક્ત કરી દેવામાં આવવ્યાં અને એ તારીખ 19 અને મહિનો જૂન મળીને (JUNEENTH) જૂનટીન્થ તરીકે ઓળખાય છે અને તે અમેરિકન ગુલામીના પ્રતિકાત્મક અંત તરીકે દર વર્ષે ઉજવવામાં આવે છે. લેખનો આશય આજની નવી પેઢીને ગુલામીપ્રથાથી પરિચિત કરાવવાની સાથે સમાચાર, ન્યૂઝ, જાણકારી, માહિતી વગેરે.નું કેટલુ મહત્વ છે તે આશય છે. ન્યૂયોર્ક કે વ્હાઇટહાઉસથી નિકળેલો એક ફરમાનની સાથે ચેડાં કરાયા કે પછી સમાચાર પહોંચ્યા જ નહીં અને લાખો ગુલામોને પોતે મુક્ત થઇ ગયા છતાં બે-અઢી વર્ષ વધારે કાળી મજૂરી જમીનદારોના ખેતરોમાં કરવી પડી..? હાઇ પ્રોફાઇલ . શીના બોરા હત્યાકાંડમાં પાંચ વર્ષથી જેલમાં બંધ શીનાની માતા ઇન્દ્રાણી મુખર્જીને જામીન પર છોડવાનો આદેશ સમયસર ન પહોંચતાં અને તેમને એક દિવસ વધારે જેલમાં વિતાવવી પડી તે આરોપી ઇન્દ્રાણી અને આવા અન્ય આરોપીઓ જ કહી શકે કે જેલમુક્તિનો આદેશ છતાં તે એક દિવસ વધારે જેલમાં વિતાવવામાં તેમને કેટલી પીડા થઇ હશે....?

**ટેકસાસને ગુલામોને મુક્ત કરી દેવાના સમાચાર આખરે કેવી રીતે પહોંચતા થયા**

અનુસંધાન પેજ 10 પરથી...

### 10 લાખના...

7:59 વાગ્યે, ઇન્ડોનેશિયાના સુમાત્રા ટાપુના દરિયાકિનારે 9.1 ની તીવ્રતા સાથેનો ભૂકંપ આવ્યો. આગલા સાત કલાકમાં, ભૂકંપથી સર્જાયેલી સુનામી સમગ્ર હિંદ મહાસાગરમાં પહોંચી, પૂર્વ આફ્રિકા સુધીના દરિયાકાંઠાના વિસ્તારોને તબાહ કરી. કેટલાક સ્થળોએ અહેવાલ આપ્યો છે કે મોજા જ્યારે દરિયાકિનારે અથડાયા ત્યારે તે 30 ફૂટ (9 મીટર) કે તેથી વધુની ઉંચાઈએ પહોંચી ગયા હતા...! સુનામીમાં ડઝનેક દેશોમાં ઓછામાં ઓછા 225,000 લોકો માર્યા ગયા હતા, જેમાં ઈન્ડોનેશિયા, શ્રીલંકા, ભારત, માલદીવ્સ અને થાઈલેન્ડ ટકી રહ્યા હતા પણ જંગી નુકસાન પહોંચ્યું હતું.. ઈન્ડોનેશિયાના અધિકારીઓએ અનુમાન લગાવ્યું હતું કે ત્યાં એકલા મૃત્યુઆંક 200,000ને વટાવી ગયો હતો, ખાસ કરીને ઉત્તરી સુમાત્રાના આચે પ્રાંતમાં સૌથી વધુ જાનહાનિ થઈ હતી..

**મહાન તાંગશાન ધરતીકંપ (ઉત્તર પશ્ચિમ ચીન)-1976**

1976નો તાંગશાન ધરતીકંપ , જેને ગ્રેટ તાંગશાન ધરતીકંપ પણ કહેવામાં આવે છે, તે 28 જુલાઈ, 1976ના રોજ 7.5 ની તીવ્રતા સાથે આવ્યો હતો, જેણે બેઈજિંગથી લગભગ 68 માઈલ (110 કિમી) પૂર્વમાં સ્થિત ચાઈનીઝ કોલ-માઈનિંગ અને ઔદ્યોગિક શહેર તાંગશાનને લગભગ તોડી પાડ્યું હતું. . મૃત્યુઆંક, રેકોર્ડ કરેલ ઈતિહાસમાં સૌથી મોટો માનવામાં આવે છે, સત્તાવાર રીતે 242,000 વ્યક્તિઓ તરીકે નોંધવામાં આવ્યો હતો, પરંતુ તે 655,000 જેટલો ઊંચો હોઈ શકે. ઓછામાં ઓછા 700,000 વધુ લોકો ઘાયલ થયા હતા અને સંપત્તિનું નુકસાન વ્યાપક હતું, જે બૈજિંગ સુધી પણ પહોંચ્યું હતું. મોટાભાગની જાનહાનિઓ બિન-મજબુત ચણતર ઘરોના પતનને કારણે થઈ હતી જ્યાં લોકો સૂતા હતા અને તેમના ઉપર કાચા મકાનો પડી ગયા હતા.

**હૈતી ધરતીકંપ (હિસ્પેનિઓલા)-2010**

2010 ના હૈતીમાં આવેલા ભૂકંપે પોર્ટ-ઓ-પ્રિન્સના મેટ્રોપોલિટન વિસ્તારને તબાહ કરી નાખ્યો અને અંદાજિત 1.5 મિલિયન (15 લાખ) બચી ગયેલા લોકો બેઘર થઈ ગયા. ભૂકંપ 12 જાન્યુઆરીના રોજ સાંજે 4:53 વાગ્યે હૈતીની રાજધાની પોર્ટ-ઓ-પ્રિન્સથી આશરે 15 માઈલ (25 કિમી) દક્ષિણ-પશ્ચિમમાં આવ્યો હતો. પ્રારંભિક આંચકાએ 7.0 ની તીવ્રતા નોંધાવી હતી અને ટૂંક સમયમાં જ 5.9 અને 5.5ની તીવ્રતાના બે આફ્ટરશોક્સ આવ્યા. પછીના દિવસોમાં વધુ આફ્ટરશોક્સ આવ્યા, જેમાં પોર્ટ-ઓ-પ્રિન્સથી લગભગ 35 માઈલ (55 કિમી) પશ્ચિમમાં આવેલા નગર પેટિટ ગોવે ખાતે 20 જાન્યુઆરીએ ત્રાટકેલા 5.9ની તીવ્રતાનો બીજો એક પણ સમાવેશ થાય છે.

હૈતીને 18મી સદીથી આટલી પ્રચંડતાના ધરતીકંપનો આંચકો લાગ્યો નથી, જે 1984માં 6.9ની તીવ્રતાનો આંચકો હતો. 1946માં ડોમિનિકન રિપબ્લિકમાં 8.0ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ભકંપ સામે 21મી સદીમાં માનવી હજુ લાચાર છે કેમ કે હવામાનની જેમ તેની આગાબી થઈ શકતી નથી.

અનુસંધાન પેજ 01 પરથી...

### ફ્લોર ટેસ્ટ...

પરંતુ અમારી સરકાર પર કોઈની નજર લાગી ગઈ પરિણામે આ પરિસ્થિતિનુ નિર્માણ થયું. ઠાકરે એમ પણ કહ્યુ કે અમારા લોકો જ અમારાથી દૂર થઈ ગયા. લોકશાહીનુ સંપૂર્ણ પાલન થવુ જોઈએ જો કોઈને મારાથી નારાજગી હતી તો તેવો મને કહી શક્યા હોત. પરંતુ તેમ કરવાને બદલે શિવસેના સાથે દગો કરીને પીઠમા ખંજર ભોંકવાનુ કામ કર્યુ છે. જો મને કહ્યુ હોત તો હું મુખ્યમંત્રી પદેથી રાજીનામુ આપી દેત. દરમિયાનમાં સુપ્રીમ કોર્ટે એનસીપીના 2 ધારાસભ્યો કે જેઓ જેલમા બંધ છે તે નવાબ મલિક અને અનિલ દેશમુખને 30 જૂનના ફ્લોર ટેસ્ટ માટે વિધાનસભામા હાજર રહેવાની મંજૂરી આપી છે. નોધનીય છે રાજ્યસભાની ચુટણી વખતે કોર્ટ દ્વારા તેમને મંજુરી આપવામાં ન હતી.

નોંધનીય છે કે એકનાથ શિંદે પોતાના વિધાયકો સાથે ગોહાટીથી ગોવા પહોંચી ગયા છે. બીજી તરફ ઉદ્ધવ ઠાકરેના રાજીનામા બાદ ભાજપમાં ખુશીની લહેર જોવા મળી જેઓ મુખ્યમંત્રી બનવા જઈ રહ્યાં છે. તે દેવેન્દ્ર ફડણવીસનું મીઠાઈ ખવડાવીને મોઢુ મીઠુ કરાવવામાં આવ્યું હતું. છેલ્લા કેટલાક સમયથી ભાજપ દ્વારા ઠાકરે સરકારને ઉથલાવવાના અનેક પ્રયાસો કરવામાં આવ્યા હતા. પરંતુ તેઓ ફાવી શક્યા નહોતા પણ શિવસેનામાં વિભીષણ પાક્યો અને શિંદે દ્વારા શિવસેનામાં બળવો કરવામાં આવ્યો.

### બિહારમાં ઓવૈસીને...

આવી હતી. RJDના 75 ધારાસભ્યો અને ભાજપના 74 ધારાસભ્યો ચૂંટાયા હતા. આ ચૂંટણીમાં વીઆઈપી ટિકિટ પર 4 ઉમેદવારો જીતીને ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા, જેમાં એકનું મોત થયું હતું. આવી સ્થિતિમાં 3 ધારાસભ્યો ભાજપમાં જોડાયા. જેના કારણે ભાજપનો આંકડો 77 પર પહોંચી ગયો છે.

RJDના ધારાસભ્યોના આંકડાઓ પર નજર કરીએ, તો 2020 માં 75 ધારાસભ્યો જીત્યા હતા અને 2022 માં થયેલ પેટાચૂંટણીમાં RJDના ખાતામાં 1 સીટ આવી હતી. જેના કારણે તેનો આંકડો 76 પર પહોંચ્યો હતો. હવે ઓવૈસીની પાર્ટીના 4 ધારાસભ્યો RJDમાં જોડાયા છે તેથી RJDના 80 ધારાસભ્યો થઈ ગયા છે અને RJD રાજ્યની સૌથી મોટી પાર્ટી બની ગઈ છે.

### CM ભૂપેન્દ્ર પટેલ...

આરોગ્યમંત્રી કોરોનાને માત આપી પરત ફર્યા છે ત્યારે બીજી તરફ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કોરોના પોઝિટિવ આવ્યા છે. કોરોનાના હળવા લક્ષણ જણતા તેઓએ કોવિડનો રિપોર્ટ કરાવ્યો હતો. જે પોઝિટિવ આવતા મુખ્યમંત્રી પટેલની સંપર્કમાં આવેલા લોકોને સાવચેત રહેવા સૂચન કરવામા આવ્યું છે. હાલ CM ભૂપેન્દ્ર પટેલને હોમ આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે.

જણાવી દઈએ કે, ગુજરાતમાં કોરોનાના દૈનિક કેસમાં નિરંતર વધારો જોવા મળી રહ્યો છે. દૈનિક 500ની આસપાસ કોરોનાના કેસો નોંધાઈ રહ્યા છે. જે પૈકી સૌથી વધુ અમદાવાદ શહેરમાં દૈનિક કેસનો આંક 200ને આસપાસ થઈ ગયો છે. બીજી તરફ રથયાત્રા નીકળવાની છે, જેમાં ભક્તોની મોટી ભીડ જામશે અને તરફ કોરોનાના કેસમાં વધારો થતાં લોકોમાં ચિંતા પ્રસરી રહી છે.

### બિહારમાં વીજળી...

પડવાથી એક વ્યક્તિનું મોત થયું છે.મુખ્યમંત્રી નીતીશ કુમારે મૃતકોના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી તાત્કાલિક 4-4 લાખ રૂપિયાની આર્થિક સહાયતા આપવાનો નિર્દેશ આપ્યો હતો. આ સાથે જ તેમણે ખરાબ હવામાનમાં લોકોને સાવધાની રાખવાની વિનંતી કરી છે.

અનુસંધાન પેજ 12 પરથી...

### 145મી રથયાત્રા માટે

સોનાવેશ તેમજ શોડોષચાર પૂજન થશે. 10.45 વાગ્યે મંદિરના પ્રાંગણમાં ગજરાજોનું પૂજન કરવામાં આવશે. આ સમગ્ર કાર્યક્રમમાં જય અમિત શાહ હાજર રહેશે. બપોરે 12 વાગ્યે મંદિરના પ્રાંગણમાં ત્રણેય રથોની પ્રતિષ્ઠા કરવામાં આવશે. બપોરે ત્રણ વાગ્યે ત્રણેય રથ નું પૂજન અને આરતી કરવામાં આવશે જેમાં ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ જગદીશભાઈ ઠાકોર, વિપક્ષના નેતા સુખરામ રાઠવા સહિત કોંગ્રેસના નેતાઓ હાજર રહેશે. સાંજે 8 વાગ્યે મહાઆરતી કરવામાં આવશે જેમાં વિધાનસભા અધ્યક્ષ નીમાબેન આચાર્ય, ધારાસભ્યો સહિતના નેતાઓ હાજર રહેશે.

### તાલીબાની ખતરનાક...

સોચો, વિચારો અને લખી નાંખો તમારી કલ્પનાના વિચારો કે સુભાષબાબુ વડાપ્રધાન હોત તો..?! તેઓ શું કરી શક્યા હોત તેના પર વિચાર કરીને નિબંધ લખી નાંખો. સુભાષબાબુ ક્યાં તમને કહેવા આવવાના હતા કે શું હું આવુ કરવાનો હોત...!?

1944માં એક વિમાની અકસ્માતમાં માર્યા ગયેલા સુભાષબાબુના અસ્થિકુંભ હજુ પણ જાપાનમાં રેંકોજી મંદિરમાં મોજૂદ હોવાનો દાવો તેમના પરિવાર દ્વારા થાય છે. જો વિદેશથી ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણ વર્માની અસ્થિઓ ભારત લાવી શકાતા હોય તો જાપાનથી સુભાષબાબુની કેમ ના લાવી શકાય? તેમની અસ્થિઓ લાવીને દિલ્હીમાં એક ભવ્ય અને દિવ્ય સ્મારક સ્થાન બનાવી શકાય જે આપણાં સૌને તેમની યાદ અને પ્રેરણા આપે...!

**હે જગતના નાથ, ચલાવ સુદર્શન ચક્ર અને વાઢી નાંખો કોરોનાનું માથું, થાકી ગયા બાપ..કંઇક કરો..**

આનંદ, ઉલ્લાસ, ઉમંગ, ઉત્સાહ, ભજન-કિર્તન, નાચ-ગાન, પ્રસાદ માટે પડાપડી અને સૌથી વધુ પડાપડી તો જગતના નાથના દર્શન કરીને ધન્ય ધન્ય થઇ જવુ. કેમ કે વર્ષમાં એક જ દિવસ અષાઢી બીજે ભગવાન જગન્નાથજી, મોટાભાઇ બલરામ અને બહેન સુભદ્રાની સાથે અલગ અલગ રથોમાં સવાર થઇને અમદાવાદ શહેરની નગરચર્યાએ નિકળતા હોય ત્યારે ઘર આંગણે પધારતા ભગવાનના દર્શનનો મહિમા એટલે વાહ ભાઇ વાહ અનેરો..અનેરો..! ભગવાન પણ જમાલપુરથી લઇને તેમના રૂટમાં ક્યાં શું પરિવર્તન થયું તે નિહાળીને વિચારતા હશે-શહેર પ્રગતિના પંથે છે...

જગતના નાથને અમદાવાદની અને સમસ્ત ગુજરાત સહિત ભારતની કરજોડીને વિનંતી છે-હે પ્રભુ, હે રાજા રણછોડ..અમદાવાદ અને ભારત પ્રગતિના પંથે જ છે પણ આ કોરોનાએ પ્રગતિ આડે એવા એવા વિઘ્નો અને અડચણો નાંખ્યા કે છેલ્લાં બે અઢી વર્ષથી થાક્યા..કાઠુ પડી ગયું, ભારે પડી ગયું, માંડ માંડ બજાર ફરી ખુલ્યુ તો ફરીથી કોરોનાના કેસો વધ્યા..લોકોમાં ફફડાટ છે કે ચોથી લહેર તો નથી ને..?

પ્રભુ, દયા કરીને દર્શન આપવા પધારવાના છો ત્યારે સમસ્ત ભારત વર્ષમાં ફરી હરિયાળી, લીલાલહેર, ખેળખમ્મા અને વારે-ન્યારે થઇ જાય એમ યુગવીર ઉઠાવ સુદર્શન ચક્ર અને ચલાવ કોરોના પર...કર કોરોનાનું માથુ અલગ..કોરોના પણ શું યાદ રાખશે કે ક્યાં આવીને ફસાયો...! નગરચર્યા માટે ભલે પધાર્યા....સુની જો ઉન કે આને કી આહટ, ગરીબખાના સજાયા હમને..જય રણછોડ..!

પ્ર.ઘ.

# નૌસેનામાં અગ્નિવીરોની ભરતી માટે 1 જુલાઈથી શરૂ થશે અરજી

ગુજરાત | વંદન



અગ્નિપથ યોજના હેઠળ શરૂ થનારી અગ્નિવીર ભરતીનો કાર્યક્રમ જાહેર કરી દેવામાં આવ્યો છે. સૂચના અનુસાર 1 જુલાઈથી ઉમેદવાર બે કેટેગરીમાં રજીસ્ટ્રેશન કરી શકશે. તો ભરતી પ્રક્રિયાનું વાર્ષિક કેલેન્ડર 25 જૂન એટલે કે આજે પ્રકાશિત કરવામાં આવશે. જ્યારે 1 જુલાઈથી ઓનલાઈન રજીસ્ટ્રેશન શરૂ કરી દેવામાં આવશે. માહિતી અનુસાર 2022 બેચ માટે 9 જુલાઈએ નોટિફિકેશન જાહેર કરવામાં આવશે.

2022 અગ્નિવીર બેચ માટે અરજી 15થી 30 જુલાઈ સુધી કરી શકાશે. તો અગ્નિવીરની પસંદગી માટે પરીક્ષા અને શારીરિક સ્વાસ્થ્ય પરીક્ષણ ઓક્ટોબરના મધ્યમાં થશે. મહત્વનું છે કે નૌસેનામાં બે પ્રકારના અગ્નિવીરોની ભરતી કરવામાં આવશે. પ્રથમ છે અગ્નિવીર SSR (અગ્નિવીર સીનિયર સેકેન્ડરી રિક્રૂટમેન્ટ) તે હેઠળ 10+2 યુવાનોને લેવામાં આવશે. તો બીજી કેટેગરી MR છે, જેમાં ધોરણ 10 પાસ ઉમેદવારોને અરજી કરવાની તક મળશે. તો SSR પદ માટે માત્ર સાયન્સ સ્ટ્રીમમાં ધોરણ 12 પાસ લોકો અરજી કરી શકશે.

### અગ્નિપથ યોજના શું છે?

અગ્નિપથ યોજના ભારતીય સશસ્ત્ર દળો સાથે જોડાયેલી એક એવી યોજના છે જેમાં સિલેક્ટેડ ઉમેદવારને ચાર વર્ષના સમગાળા માટે અગ્નિવીરના રૂપમાં સેવા કરવા માટે લેવામાં આવશે. ચાર વર્ષ પૂરા થયા બાદ આ અગ્નિવીર એક અનુશાસિત, ગતિશીલ, પ્રેરિત અને કુશલ શ્રમશક્તિના રૂપમાં અન્ય ક્ષેત્રોમાં રોજગાર મેળવવાના ઉદ્દેશ્યથી પોતાની પસંદગીના ક્ષેત્રમાં પોતાનું કરિયર બનાવવાના હેતુથી સમાજમાં પરત ફરશે.

# પૂણેના કિલ્લા પર ટ્રેકિંગ દરમિયાન ગુજરાતી યુવકનું મોત

ગુજરાત | વંદન

પૂણેના સિંહગઢ ખાતે એક મેરેથોન દોડ આયોજિત કરાઈ હતી, જેમાં ગુજરાતી યુવક હેમાંગ ગાલાનુ મોત નિપજ્યુ હતું. પહાડી ચઢતા સમયે ભેખડ ધસી પડતા હેમાંગ નીચે પટકાયો હતો. ભારે શોધખોળ બાદ 150 ફીટ નીચેથી હેમાંગનો મૃતદેહ મળી આવ્યો હતો. મૂળ કચ્છનો હેમાંગ ગાલાએ પૂણેમાંથી જ બીઈ ઈન્ડસ્ટ્રીયલ એન્જિનિયરિંગ કર્યુ હતું. તે વર્ષોથી ટ્રેકિંગ એક્ટિવિટી સાથે જોડાયેલો હતો. શનિવારે પૂણેના ફેમસ સિંહગઢ ખાતે વિવિધ કિલોમીટરની મેરેથોન દોડનુ આયોજન કરાયુ હતું. જેમાં હેમાંગ ગાલા સહિત 300 લોકોએ ભાગ લીધો હતો. હેમાંગે 21 કિમી દોડમાં ભાગ લીધો હતો. સવારે શરૂ થયેલી મેરેથોન દોડ સાંજે 5 વાગ્યે પૂરી થઈ હતી. કાઉન્ટિંગમાં હેમાંગ ન હતો. તેના બાદ હેમાંગની પૂછપરછ શરૂ કરાઈ હતી. હેમાંગને પહાડી પર શોધવા સર્ચ ઓપરેશન શરૂ કરાયુ હતું. વન અધિકારીઓ અને સ્થાનિક રહેવાસીઓ તાનાજી ભોસલે અને રમેશ ખામકરને રાત્રે 11.30 વાગ્યે ભેખડના પથ્થરોની નીચેથી હેમાંગની લાશ મળી આવી હતી.

## બ્રાઝિલિયન મોડલ આર્થર એકસાથે 9 મહિલાઓ સાથે લગ્ન કર્યા

# કરતા તો કર્યા નવ લગ્ન, પણ હવે થાય છે પસ્તાવો, કઇ રીતે સંભાળવી..!

ગુજરાત | વંદન

લગ્નજીવનની જિંદગીમાં ખૂબ જ જવાબદારી હોય છે. બે વ્યક્તિઓ એકસાથે જિંદગી પસાર કરવાનો નિર્ણય કરે છે. જોકે, લગ્નજીવન જેટલું સરળ લાગે છે તેટલું સરળ નથી હોતું. એક અજાણ્યા વ્યક્તિ સાથે આખું જીવન પસાર કરવા માટે ખૂબ જ સેક્રિફાઈસ કરવું પડે છે. માત્ર એક પાર્ટનર સાથે લગ્નમાં વ્યક્તિને આંટા આવી જાય છે અને દિવસે તારા દેખાવા લાગે છે. ત્યારે બ્રાઝીલના એક વ્યક્તિએ એકસાથે 9 મહિલાઓ સાથે લગ્ન કર્યા હોવાનું સામે આવ્યું છે! એક સમારોહમાં તેણે 9 મહિલાઓ સાથે લગ્ન કર્યા હતા. હવે આ વ્યક્તિએ પોતાની પરિસ્થિતિ અંગે પોસ્ટ શેર કરી છે.

બ્રાઝિલિયન મોડલ આર્થર એકસાથે 9 મહિલાઓ સાથે લગ્ન કરીને લાઈમલાઈટમાં આવી ગયો હતો. આર્થરે આ 9 મહિલાઓમાંથી એક મહિલાને તલાક આપી દીધો છે. આર્થર અન્ય મહિલાઓ સાથે રહે તે મહિલાને પસંદ ન હતું. આ કારણોસર મહિલા છૂટી થઈ ગઈ હતી. આર્થર તેની પત્નીઓ સાથે શોપિંગ મોલમાં જોવા મળ્યો હતો. આર્થરે બાકી રહેલ આઠ મહિલાઓ માટે ગિફ્ટ ખરીદવાનો નિર્ણય કર્યો હતો. આ ગિફ્ટ્સ બ્રાઝિલિયન વેલેન્ટાઈન્સ ડે માટે ખરીદવામાં આવી હતી.

બ્રાઝિલમાં 12 જૂનના રોજ વેલેન્ટાઈન્સ ડે ઊજવવામાં આવે છે. આર્થરે આ ફોટો સોશિયલ મીડિયા પર શેર કર્યો હતો.

લગ્નના થોડા મહિના બાદ જ એક પત્ની સાથે તલાક થઈ જવાને કારણે તે ખૂબ જ સતર્ક થઈ ગયો છે. તેણે પોતાની તમામ પત્નીઓ માટે વેલેટાઈન્સ ડે ગિફ્ટ ખરીદી છે. ગિફ્ટ ખરીદવામાં આર્થરના સાડા આઠ લાખ રૂપિયા ખર્ચાઈ ગયા હતા. આર્થરે ખાસ ઓકેશન માટે ખાસ પ્રકારની ગિફ્ટની ખરીદી કરી છે. તમામ પત્નીઓ માટે આર્થરે એક જેવી જ ગિફ્ટ લીધી છે, જેથી તમામ પત્નીઓ વચ્ચે ઝઘડો ના થાય. શોપિંગ સમયે આર્થરની છ પત્નીઓ પણ આર્થર સાથે ગઈ હતી.

આર્થરે જણાવ્યું કે, આઠ પત્નીઓને મેનેજ કરવી સરળ નથી. કોઈપણ પત્નીને કોઈ પ્રકારની કમી ના લાગે તે માટેની તમામ પ્રયત્નો કરે છે. આર્થરે જણાવ્યું કે, તે સારી કમાણી કરે છે. આ કારણોસર પત્નીઓને જે જોઈએ તે તમામ વસ્તુઓ ખરીદી શકે છે.

તમામ પત્નીઓ માટે એક જેવી જ ગિફ્ટ લાવે છે, કલર અલગ અલગ હોય છે. જો ગિફ્ટ અલગ અલગ હોય તો ઝઘડા થવાના ચાન્સીસ વધી જાય છે. આર્થર અને તેની તમામ પત્નીઓને ખ્યાલ પણ નહોતો કે, તેમના અંગત જીવનની આટલી હદે ચર્ચા કરવામાં આવશે. હવે તો શોપિંગ કરવા જાય તો પણ તેઓની ચર્ચા થવા લાગે છે.



# કેન્દ્ર સરકાર 8000 મેગા વોટ વિજળી પાવર પરચેઝ એગ્રીમેન્ટ વગર વેચશે



ગુજરાત | વંદન

સરકાર 8000 મેગા વોટ થર્મલ ઈલેક્ટ્રીકસીટીનું 8000 મેગા વોટ વિજળી પાવર પરચેઝ એગ્રીમેન્ટ વગર વેચવાનો ઈરાદો ધરાવે છે. આ ઈલેક્ટ્રીસીટી રીન્યુઅલ એનરજ્ની મારફતે ઉપલબ્ધ થવાની શક્યતા વિચારાઈ છે. અને તેનું વેચાણ કેન્દ્ર સરકાર કરશે તેમ કેન્દ્રના પાવર મિનિસ્ટર શ્રી આર.કે.સિંઘે જણાવ્યું હતું.

થર્મલ પાવર પ્લાન્ટમાંથી થર્મલ ઈલેક્ટ્રીકસીટીનું વેચાણ કરવા સરકાર મહત્વની નીતિ અપનાવનાર છે. પાવર પરચેઝ એગ્રીસમેન્ટ વગરનો આ થર્મલ ઈલેક્ટ્રીકસીટીનો સપ્લાય માટેના બીડની માંગણી કરવામાં આવી છે. જે ઈલેક્ટ્રીક પાવરનું બીડ નીચા દરમાં રજુ થશે તેની પાસેથી ઈલેક્ટ્રીસીટી પાવર ખરીદવામાં આવશે.

દેશના કેટલાક થર્મલ પ્લાન્ટોની ઈલેક્સીટીસી ઉપલબ્ધ છે. પણ આ માટેના કેટલાક પાવર જનરેટીંગ કંપનીઓની બાબત નેશનલ કંપની લો ટ્રિબ્યુનલની પક્રિયામાં સંકળાયેલી છે. જે કંપનીઓની બાબત એન.સી.એલ.ટી. સમક્ષ પડી છે. તે કંપનીઓના બેંકરો સાથે વાટાઘાટો કરી સમજુતી સાધીને આ પાવર પ્લાન્ટો પુનઃ ઈલેક્ટ્રીસીટીનું જનરેટીંગ શરુ કરે તે માટેની કાર્યવાહી સરકાર હાથ ધરનાર છે.

દેશમાં 17500 મેગાવોટની ક્ષણતા ધરાવતાપાવર પ્લાન્ટો માત્ર આયાતી કોલસાની મદદથી ચાલી રહ્યા છે. તેમાનાં 2500 મેગા વોટના પ્લાન્ટો એન.સી. એલ.ટી. સમક્ષ અટકેલા છે. આ સંબંધમાં તેના બેંકરો સાથે વાટાઘાટોની સમજુતી કરીને આ પ્લાન્ટોને પુનઃ પાવર જનરેશનનાં કામમા સરકાર ઉચ્ચધોરણે વાટાઘાટો કરનાર છે.

## બજારોનાં અંતરંગ

### ઝોમેટોએ રૂ. 4447 કરોડમાં બ્લીનકીટ હસ્તગત કરી

ઝોમેટોના બોર્ડ ઓફ ડાયરેક્ટર દ્વારા તાજેતરમાં બ્લીનકીટ (અગાઉ ગ્રોપર્સ તરીકે ઓળખાતી) કંપનીને રૂ. 4447 કરોડમાં હસ્તગત કરવાનો નિર્ણય કરાયો છે. આ અંગેની માહિતી કંપનીએ બોમ્બે સ્ટોક એક્સચેન્જને જણાવી છે. આ કંપનીની ખરીદીથી ઝોમેટો સઘન પણે ફુડ બિઝનેસમાં વધુ સારી કામગીરી બજાવી શકશે તેમ કંપનીના ફાઉન્ડરર અને સીઈએ દિપેન્દર ગોયેલ દ્વારા ઝણાવાયું હતું. હકિકતમાં આ હસ્તગત કરવામાં આવેલી કંપની અંગેની પ્રક્રિયા વિચાણાનાં તબક્કામાં હતીં. પંરતુ તેનો નિણય તાજેતરમાં લેવાયો છે. સુપર બ્રાન્ડની આ કપની ભારતમાં મહત્વપુર્ણ કામગીરી બજાવશે. ઝોમેટોથી બ્લીનકીટને પણ ફાયદો થશે, ઓનલાઈન ગ્રોસરીનું ગ્રોસ મર્કેન્ડાઈઝ વેલ્યુ નફાકારક પુરવાર થશે.

### જીંદાલ પાવર 300 કરોડના ખર્ચે સીમાપુરીનો પાવર પ્લાન્ટ ખરીદશે

જીંદાલ સ્ટીલની સબસીડરી કંપની જીંદાલ પાવર લિમિટેડે સીમાપુરી એનર્જીનો 600 મેગા વોટનો પ્લાન્ટ કે જે આંધ્રપ્રદેશમાં આવેલો છે તે રૂ. 300 કરોડામં ખરીદવાનો નિર્ણય કર્યો છે.આ સોદો એક સપ્તાહ પહેલાં પરિપુર્ણ થશે. હકિકતમાં સીમાપુરીનો પાવર પ્લાન્ટ લિક્વિડેશનમાં ગયેલી છે. આ પ્લાન્ટ આયાતી કોલસો ઈન્ડોનેશિયા અને આફ્રિકાથી આયાત કરીને પાવર જનરેશનં કકાર્યું કરતું હતું. આ પ્લાન્ટ ચાલુ વર્,ના ત્રીજા ત્રિમાસિક સમયગાળામાં કાયરત બનશે. હકીકતમાં કંપનીએ 2474 કરોડની સિક્યોર્ડ 19 બેંકોના કોન્સોર્ટીયમ પાસેથી મેળવેલી હતી. આ કોન્સોર્ટીયમમાં એસબીઆઈ અને કેનેરા બેંક અગ્રણી હતી. 636 કરોડનું દેવું અને તેના ઉપર ચઢેલા 308 કરોડના વ્યાજનો બોજો પડવાથી કંપની ફસાઈ જવા પામી. તેની નાણાંકીય પરિસ્થિતિ બગડવાથી આ પ્લાન્ટ બંધ થતવાની સ્થિતિમાં છે. ઉલ્લેખનીય છે કે જીંદાલ પાવર લિમિટેડથી 3400 મેગા વોટની ક્ષમતાવાળા પાવર પ્લાન્ટો ધરાવે છે.

### વિશ્વ બેંકે ગુજરાતના શિક્ષણના પ્રોજેક્ટ માટે 25 કરોડ લોન આપી

તાજેતરમાં વિશ્વ બેંકે ગુજરાતના શિક્ષણ ક્ષેત્ર માટે એક્સીલરેટેડ લર્નિંગ (ગોલ) માટે લોન આપવાની જાહેરાત કરી છે. આ યોજના હેઠળ શિક્ષણના પરિણમોમાં સુધારો લાવવાની બાબતને વધુ પ્રાધાન્ય આપવામાં આવશે. ગુજરાતની 3000 શાળાઓને આનાથી ફાયદો થશે. કોરોનાના કારણે અને લોક ડાઉનથી જે શાળાઓને માઠી અસર થઈ હતી તેને પુનઃવિકાસ માટે લોનના પ્રતાપે સારી તક સાંપડશે.

### રેમન્ડ લીમીટેડે દેવુ ઘટાડવા મહત્વપૂર્ણ ઝુંબેશ હાથ ધરી


ટેક્ષટાઈલ ફેબ્રિક્સ ઉપરાંત એન્જીનીયરીંગ ક્ષેત્રે કાર્યરત વિખ્યાત રેમન્ડ લિમિટેડ મેનેજમેન્ટ આગામી વર્ષોમાં કંપનીને દેવામુક્ત બનાવવાની કામગીરી હાથ ધરવાનો નિર્ણય કર્યો છે. કંપની તેની ઉત્પાદન પ્રક્રિયામાં ઉત્પાદન ખર્ચ ઘટાડવા કરકસરના પગલા હાથ ધરવાનો અભિયાન અપનાવ્યો છે. કંપની આ ઉપરાંત વર્કિંગ કેપિટલની તેની મહત્તમ ઉપયોગ કવા માટોનો આયોજન કરી રહી છે.

### પ.બંગાળમાં વિશાળ કદનું ગારમેન્ટ હબ મહેશતલામાં સ્થાપવા યોજના

પશ્ચિમ બંગાળમાં ગારમેન્ટ ઉદ્યોગના વિકાસને વધુ પ્રગતિશીલ બનાવવા માટે પશ્ચિમ બંગાળના મહેશતલાના વિસ્તારમાં 12 લાખ સ્કે.ફુટ વિસ્તારમાં ગારમેન્ટ હબ સ્થાપવાનું યોજન કવામાં આવશે. આ મહત્વપુર્ણ ગારમેન્ટ હબની સ્થાપનાથી 1 લાખથી વધુ રોજગારીની તકો ઉભી થશે. પશ્ચિમ બંગાળની સરકારે આ પ્રોજેક્ટ માટે પ્રાઈવેટ પાર્ટીની પસંદગી કરી છે. તેનાથી ગારમેન્ટસના, રો મટીરીયલના વિવિધ ભાગોનો વિકાસ કરવાનું શક્ય બનશે. આગામી ભવિષ્યમાં ગારમેન્ટ ઉત્પાદનમાં પશ્ચિમ બંગાળ મહત્વનું રાજ્ય બની જશે.

## સેન્સેક્સ ખૂલતાની સાથે 500 અંકથી વધુ તૂટ્યો

# ઘરેલૂ બજાર ઘટાડા સાથે બંધ થયા, આઈટી શેર લપસ્યા






ગુજરાત | વંદન

સપ્તાહના ત્રીજા દિવસે બુધવારે ભારતીય શેરબજારનું ઓપનિંગ અને ક્લોઝિંગ બંને નબળું રહ્યું હતું. સેન્સેક્સ 150.48 પોઈન્ટ (0.28 ટકા)ના ઘટાડા સાથે 53,026.97ના સ્તર પર બંધ થયો. જ્યારે નિફ્ટી 51.10 પોઈન્ટ (0.32 ટકા) તૂટીને 15,799.10ના સ્તર પર બંધ થયું હતું. વૈશ્વિક બજારોમાં નરમાઈ પાછળ ભારતીય શેરબજારો ખૂલતાની સાથે જ પછડાયા હતો. સન્સેકસમાં 531 અંકનું ગાબડું પડી ગયું હતું. તો નિફ્ટીમાં 151અંકનો કડાકો બોલાયો હતો.


જો કે મિડકેપ અને સ્મૉલકેપ શેરો મજબૂતી જોવાને મળ્યા છે. બીએસઈના મિડકેપ ઈન્ડેક્સ 0.70 ટકા લપસીને બંધ થયા છે, જ્યારે નિફ્ટીના મિડકેપ 100 ઈન્ડેક્સમાં 0.44 ટકાનો ઘટાડો દર્જ કરવામાં આવ્યો છે. બીએસઈના સ્મૉલકેપ ઈન્ડેક્સ 0.18 ટકા ઘટીને બંધ થયા છે.

બેન્કિંગ, ફાઈનાન્શિયલ સર્વિસ, એફએમસીજી, આઈટી, ફાર્મા, પીએસયુ બેન્ક, પ્રાઈવેટ બેન્ક, હેલ્થેકર અને કંઝ્યુમર ડ્યુરેબલ્સ 0.03-1.29 ટકા સુધી વેચવાલીનું દબાણ જોવામાં આવ્યુ. બેન્ક નિફ્ટી 1.11 ટકાના ઘટાડાની સાથે 32,269.90 ના સ્તર પર બંધ થયા છે. જ્યારે ઑટો, મેટલ, રિયલ્ટી અને ઑયલ એન્ડ ગેસ શેરોમાં મજબૂતી જોવા મળી.

દિગ્ગજ શેરોમાં એચડીએફસી લાઈફ, એચયુએલ, અપોલો હોસ્પિટલ, એક્સિસ બેન્ક, ટાટા કંઝ્યુમર, બજાજ ફિનસર્વ, યુપીએલ અને વિપ્રો 1.85-4.67 ટકા સુધી તૂટીને બંધ થયા છે. જ્યારે દિગ્ગજ શેરોમાં ઓએનજીસી, એનટીપીસી, રિલાયન્સ, સન ફાર્મા, કોલ ઈન્ડિયા, શ્રી સિમેન્ટ, અલ્ટ્રાટેક સિમેન્ટ અને ભારતી એરટેલ 0.71-2.85 ટકા સુધી વધીને બંધ થયા છે.

## કેનેરા બેંક રૂ. 9000 કરોડની માતબર રકમ ઉભી કરવા મુડી બજારમાં પ્રવેશશે

ગુજરાત | વંદન



જાહેર ક્ષેત્રની અગ્રણી બેંક તાજેતરમાં રૂ. 9000 કરોડની માતબર રકમની મુડીનું સર્જન કરવા માટેનો નિર્ણય કર્યો છે. આ માટે કંપની એડિશનલ ટાયર નં. 1 અને ટાયર નં. 2 શ્રેણીનાં બોન્ડ બહાર પાડશે. કંપની તેની ઈક્વીટી શેર મુડીને વિસ્તૃત કરવા માંગતી નથી. કેનેરા બેંક રૂ. 5500 કરોડ ની રકમ કોમ્પ્લીઅન્ટ એડિશનલ ટાયર નં. 1 ના બન્ડથી પ્રાપ્ત કરશે. જ્યેર 3500 કરોડ રૂ. ટાયર નં. 2 થી બોન્ડથી પ્રાપ્ત કરાશે. પરંતુ નાણાંકીય સાધનો ક્યારે મેળવવા તેનો નિર્ણય બજાનરી પરિસ્થિતિને ધ્યાનમાં લઈને લેવાશે.

કંપનીની પ્રવર્તમાન શેર મુડી 10 ટકાના ક્રેડિટ ગ્રોથમાં છે. તેમ બેંકના મેનેજીંગ ડિરેક્ટર પ્રભાકરે જણાવ્યું હતું. બેંકનો લોન પોર્ટફોલીયો 8 ટકાના દરે વિકાસ પામી રહ્યો છે. જ્યારે રિટેઈલ બિઝનેસનો પોર્ટફોલીયો 10 ટકાના ધોરમે વિસ્તૃત થઈ રહ્યો છે. ગયા નાણાંકી વર્ષમાં તેનો લોન પોર્ટફોલીયો 9.77 ટકા જેટલોવધીને રૂ. 7.41 લાખ કરોડની સપાટીએ પહોંચ્યો છે. મર્ચ 2022 ના અંતે બેંકનો કેપીટલ એડિક્વેસી રેશિયો 14.4 ટકા જેટલો રહેવા પામ્યો છે.

## ટાટા પાવર દ્વારા દેશમાં ફ્લોટીંગ સોલર પ્રોજેક્ટ શરુ કરાયો

ગુજરાત | વંદન

ટાટા પાવર સોલર સિસ્ટમ દ્વારા દેશમાં સૌથી મોટો ફ્લોટીંગ સોલર પાવર પ્રોજેક્ટ કે જેની ક્ષમતા 101.6 મેગા વોટ પીકની છે. તેનું કેરાલાના પછાત વિસ્તારમાં તેની સ્થાપના કરાઈ છે. કેરાલાના કાયાકુલમ ખાતે 350 એકર જળવિસ્તારમાં આ પ્લાન્ટ સ્થપાયો છે. મહત્વની બાબત એ છે કે આ પ્રોજેક્ટ નિર્ધારિત સમયમાં પરિપૂર્ણ કાયો છે. સોલર પાવરનું સર્જન કરતો આ પ્લાન્ટ શરુ થયો છે. દરિયાના જળમાં ઉંચા દરિયાઈ મોજાની હિલચાલ વચ્ચે ઉંડા જળમાં આ પ્રોજેક્ટ સ્થપાયો છે. આ કંપની ટાટા પાવર લિ. ની સંપુર્ણ માલિકીની કંપની છે. જે પ્રોજેક્ટમાં સોલર ફોટો વોલેટીક સિસ્ટમથી કામગીરી બજાવશે. આ પ્રોજેક્ટની ટેકનોલોજી ટાટા ગ્રુપમાં વિશિષ્ટ પ્રકારનાં ટેકનોલોજી ઈનોવેશન ડિપાર્ટમેન્ટ દ્વારા પ્રાપ્ત કરાઈ છે. તેમ કંપનીના મેનેજીંગ ડિરેક્ટર શ્રી પ્રવિર સિન્હાએ જણાવ્યું હતું.

## અમદાવાદનાં રિઅલ એસ્ટેટ માર્કેટમાં તેજીના વલણો

# 5 વર્ષમાં રિઅલ એસ્ટેટ ક્ષેત્રે 1.41 લાખ કરોડનું રોકાણની શક્યતા

■ રાજ્યના રિઅલ એસ્ટેટ માર્કેટમાં 31 ટકા હિસ્સા સાથે અમદાવાદ પ્રથમ ક્રમે છે

ગુજરાત | વંદન

રાજ્યના રિઅલ એસ્ટેટ ક્ષેત્રમાં 31 ટકા હિસ્સા સાથે અમદાવાદ ટોચ પર છે. ત્યાર બાદ વડોદરા 19 ટકા સાથે બીજા, રાજકોટ 14 ટકા સાથે ત્રીજા, સુરત 13 ટકા ચોથા ક્રમે છે. રિઅલ એસ્ટેટમાં રોકાણ મામલે પણ અમદાવાદ આગળ છે.

ગુજરાતમાં રિઅલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (રેરા) અમલમાં આવ્યા બાદ અમદાવાદીઓએ રિઅલ એસ્ટટમાં કુલ રૂ. 1.41 લાખ કરોડનું રોકાણ કર્યું છે. જ્યારે છેલ્લાં 12 મહિનામાં અમદાવાદમાં રોકાણ ક્ષેત્રે 15 ટકાની વૃદ્ધિ થઈ છે. 2017માં રેરા આવ્યા બાદ અમદાવાદમાં 3145 નવા પ્રોજેક્ટ નોંધાયા છે, જેમાંથી 187થી વધુ પ્રોજેક્ટ રૂ. 100 કરોડની કિંમતના છે, જે રાજ્યનાં અન્ય શહેરો કરતાં સૌથી વધુ છે.

રેસિડેન્શિયલ પ્રોજેક્ટના મામલે પણ અમદાવાદ આગળ છે. વર્ષ 2021-22માં શહેરમાં નોંધાયેલા કુલ 541 પ્રોજેક્ટમાંથી 50 ટકા કરતાં વધુ એટલે કે 219 તો રેસિડેન્શિયલ છે. આ જ સમયગાળામાં વડોદરામાં 159, સુરતમાં 62, રાજકોટમાં 109 રેસિડેન્શિયલ પ્રોજેક્ટ નોંધાયા છે.



### 41% હિસ્સા સાથે રેસિડેન્સીયલ પ્રોજેક્ટની મંજૂરી

રિઅલ એસ્ટેટમાં તમામ પ્રકારના પ્રોજેક્ટ્સમાંથી સૌથી વધુ 41 ટકા હિસ્સો રેસિડેન્શિયલ પ્રોજેક્ટનો છે, જે સૌથી વધુ છે. ત્યાર પછી કોમર્શિયલ પ્રોજેક્ટ્સનો હિસ્સો 20 ટકા છે. શહેરમાં મિક્સ્ડ પ્રોજેક્ટનો 38 ટકા વિકાસ થયો છે જ્યારે એક ટકા પ્લોટેડ પ્રોજેક્ટ છે. જોકે અમદાવાદનો પશ્ચિમનો કેટલોક વિસ્તાર એવો છે જ્યાં નવી બની રહેલી ઘણી સ્કીમોમાં ફ્લેટ કરોડોમાં વેચાઈ રહ્યા છે.

### રેસિડેન્શિયલ પ્રોજેક્ટમાં 75 ટકાની વૃદ્ધિ

અમદાવાદમાં વર્ષ 2020-21માં 125 રેસિડેન્શિયલ પ્રોજેક્ટ, જ્યારે 2021-22માં 219 રેસિડેન્શિયલ પ્રોજેક્ટ રજિસ્ટર્ડ થયા છે. આમ ગત વર્ષ કરતાં આ વર્ષે રહેણાક સ્કીમોમાં 75 ટકાનો વધારો નોંધાયો છે.

# ભારત ગોલ્ડ રિસાઈક્લિંગનાં વિશ્વમાં ચોથા ક્રમે: એક દાયકામાં પાંચ ગણી વૃદ્ધિ હાંસલ કરી

ગુજરાત | વંદન



ગોલ્ડ રિફાઈનિંગ, રિસાયકલ, વપરાશમાં વૈશ્વિક સ્તરે ભારત ઝડપભેર આગળ વધી રહ્યું છે. ગોલ્ડ જ્વેલરીમાં વૈશ્વિક સ્તરે ભારતની મોટા પાયે ડિમાન્ડ રહી છે. એટલું જ નહીં છેલ્લા કેટલાક વર્ષોથી ભારતના ગોલ્ડ રિફાઈનિંગ ઉદ્યોગમાં પણ ઝડપી વૃદ્ધિ સાધી રહ્યો છે. રિફાઈનીંગ ઉદ્યોગના ઝડપી વિકાસ સાથે સમગ્ર વિશ્વમાં સોનાના રિસાયકલિંગમાં પણ ભારત 4થા ક્રમે પહોંચ્યો છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના અહેવાલ અનુસાર 2013થી 2021 સુધીમાં ભારતના સોનાની રિફાઈનિંગ ક્ષમતા વધીને 1500 ટન થઈ છે. જે 8 વર્ષમાં પાંચગણી ક્ષમતા વધ્યાનું દર્શાવે છે. છેલ્લા 5 વર્ષથી સોનાના ભાવની હિલચાલ, ભવિષ્યના સોનાની કિંમતની અપેક્ષા અને વિશાળ આર્થિક આઉટલૂકને પગલે દેશના કુલ સોનાના પુરવઠામાંથી 11 ટકા જેટલો પૂરવઠો તો ‘જૂના સોના’માંથી આવી રહ્યો છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ (ડબ્લ્યુજીસી)ના અહેવાલ મુજબ ભારત વિશ્વમાં ચોથા સૌથી મોટા રિસાયકલર તરીકે ઉભરી આવ્યું છે અને દેશે 2021માં 75 ટન રિસાયકલ કર્યું છે. જ્યારે ચીન પહેલા ક્રમ સાથે 168 ટન, ઈટલી બીજા ક્રમે 80 ટન અને અમેરિકા 78 ટન સાથે ત્રીજા ક્રમે રહ્યું છે. એકંદર આયાતમાં ગોલ્ડ હિસ્સો 2013માં માત્ર 7 ટકાથી વધીને 2021માં લગભગ 22 ટકા થયો છે.ભારત એક સ્પર્ધાત્મક રિફાઈનિંગ હબ તરીકે ઉભરી શકવાની ક્ષમતા ધરાવે છે. સ્થાનિક રૂપિયાની કિંમતો અને ઈકોનોમિ સાયકલ દ્વારા સંચાલિત સ્થાનિક રિસાયક્લિંગ માર્કેટ પ્રમાણમાં ઓછું સંગઠિત છે પરંતુ તેને સરપ્લસ ગોલ્ડ મુખ્ય પ્રવાહ અને લિક્વિડિટી લાવવા માટે આકર્ષક બનાવવા વિવિધ નીતિ વિષયક પગલાં સમન્વય તરીકે સુધારેલ (ગોલ્ડ મોનેટાઈઝેશન સ્કીમ) જેવી પહેલોથી સમર્થન મેળવવું જોઈએ તેમ WGCના પ્રાદેશિક સીઈઓ સોમસુંદરમે જણાવ્યું હતું.

2013માં ગોલ્ડ રિફાઈનિંગ 300 ટન આસપાસ હતું જે વધીને 2021માં 1500 ટન પહોંચ્યું છે. છેલ્લા એક દાયકામાં દેશમાં ગોલ્ડ રિફાઈનિંગ લેન્ડસ્કેપ બદલાયો છે, જેમાં ઔપચારિક કામગીરીની સંખ્યા 2013માં પાંચથી ઓછી હતી તે વધીને 2021માં 33 થઈ ગઈ છે. અનૌપચારિક ક્ષેત્રનો હિસ્સો 300-500 ટન જેટલો વધારાનો છે.

# ઓએનજીસીએ એલએનજી ગેસનું ઉત્પાદન વધાર્યું

ગુજરાત | વંદન


ઓ.એન.જી.સી.એ ઝારખંડના કોલ બેન્ડમાં મિથેન (સીબીએ) ના બ્લોકમાંથી પ્રાપ્ત થતું નેચરલ ગેસ નું ઓક્શાન હાલ પ્રવર્તતા સંજોગોમાં ઓઈલના ભાવ કરતાં 17 ડોલરથી વધુ કિમંતથી તેનું ઓક્શાન કર્યું છે.ઓ.એન.જી.સી. અને ઈન્ડિયન ઓઈલ અનુક્રમે 80ટકા અને 20 ટકાનો હિસ્સાનો હક્ક ધરાવે છે. કોલ બેડ મિથેનનો પુરવઠો બોકારો ખાતે આવેલો છે. આમાંથી ઉપલબ્ધ થતું નેચરલ ગેસનું માર્કેટ ભાવથી વેચાણકરવાનો નિર્ણય કર્યો છે. આમાંથઈ ઉત્પન્ન થતો નેચરલ ગેસ માર્કટ ભાવથી વેચવાનો નિર્ણય કરાયો છે. આ માટે (0.22 મીલીયન ક્યુબીક મેટ્રીક મીટર માટેના ઈ-ટેન્ડરો 20 જુલાઈના રોજ બહાર પાડનાર છે. કંપની 15 મી ડિસેમ્બરથી ગેસના પરિવહનનું કાર્ય કરે છે.

વૈશ્વિક બજારમાં નેચરલ ગેસના ભાવો તાજેતરમાં ખુબ ઝડપી વધારાથી એલ એન્ડ જી લિક્વીડ નેચરલ ગેસના ભાવો એશિયન માર્કેટમાં ખુબ વધ્યા છે અને 22 ડોલરનો ભાવ એમએમબીટીયુ માટે દર્શાવાય છે. વૈશ્વિક બજારમાં એલ એન્ડ જી લિક્વીડ નેચરલ ગેસનાં ભાવમાં ખુબ વધ્યા હોવાથી સરકારે તેની આયાતમાં કાપ મુક્યો છે. તેને બદલે દેશના ઉત્પાદકો પાસેથી ખરીદવાનું પસંદ કર્યું છે.

## પ્રોત્સાહન BOB, કેનરા બેંક, PNB, બેંક ઓફ મહારાષ્ટ્રનો સમાવેશ થાય છે

# કચ્છના મુંદ્રા ખાતે અદાણી ગ્રુપ દ્વારા 6071 કરોડના ખર્ચે કોપર રિફાઈનીંગનો પ્રોજેક્ટ

ગુજરાત | વંદન



કચ્છના મુંદ્રા ખાતે અદાણી ગ્રુપ દ્વારા કંપની ગુજરાતમાં કચ્છ વિસ્તારમાં 1 મિલિયન ટન રિફાઈન્ડ કોપર (શુદ્ધ કરેલું તાંબુ)નું ઉત્પાદન બે તબક્કામાં શરુ કરનાર છે. કચ્છના મુંદ્રા ખાતે આ ગ્રીન ફીલ્ડ કોપર રીફાઈનરીનો પ્લાન્ટ વાર્ષિક 1 મિલિયન ટન કોપર રિફાઈનીંગનું કામ કરશે. આ પ્રોજેક્ટ માટેના નાણાંકીય સાધનો પ્રાપ્ત કવા માટે બેંકો સાથે કાર્યવાહી હાથ ધરી છે. જેના કારણે 6071 કરોડની લોન સુવિધા પ્રાપ્ત કરાઈ છે. જે બેંકો કંપનીની આ લોનની દરખાસ્ત બેંક મંજુર કરી તેનું એક કોન્સોટીયમ રચવામાં આવ્યું છે, જેમાં એસ.બી. આઈ. અગ્રણી બેંક છે. અન્ય બેંકોમાં બેક ઓફ બરોડા, કેનરા બેંક, પંજાબ નેશનલ બેંક, બેંક ઓફ મહારાષ્ટ્રનો સમાવેસ થાય છે. આ કોન્સોર્ટીયમ દ્વારા કચ્છના પ્રોજેકાટ માટે 6071 કરોડની લોન પ્રથમ તબક્કામાં પુરી પાડાવામા આવશે. આ પ્રોજેક્ટ સ્થાપપવાની પ્રક્રિયા ઝડપથી આગળ વધી રહી છે. અને તેનું ઉત્પાદન 2024 ના પ્રથમ અર્ધ વાર્ષિક ગાળામાં શરુ થશે તેવી ધારણા છે. આ માટે વિશ્વની જાણીતી કોપર રિફાઈનરીની જાણીતી કંપની સાથે ટેકનોલોજીકલ કરાર કરેલા છે. કચ્છનો આ રિફાઈનરીનો પ્રોજેક્ટનું સંકુલ વિશ્વમાં સૌથી મોટી એકમ બની રહેશે. કંપનીએ નક્કી કરેલા સમયપત્રકને અનુસરીને જરુરી નાણાંકીય સુવિધા પ્રાપ્ત કરીને પ્રઘતિ વધુ ઝડપી બનાવવા માટે અદાણી ગ્રુપ ખુબ પ્રયત્નશીલ છે. અદાણી ગ્રુપમાં કોપર મટીરીયલ અને મેટલ અને લાઈનીંગનો વર્ટીકલ એકમ બની રહેશે. એસ.બી.આઈની સબસીડરી એસ.બી.આઈ. કેપીટલ માર્કેટ લિમિટેડ ફાઈનાન્સ્યીલ એડવાઈઝર તરીકે કામગીરી બજાવી રહી છે.

## ક્રુડ ઓઈલના વૈશ્વિક ભાવમાં નરમાઈ તરફી ઝોક: મંદીની ભીતિની વાતોથી ઉત્પાદકો ચિંતાતુર

ગુજરાત | વંદન

વૈશ્વિક બજારમાં ક્રુડ ઓઈલના ભાવોની તેજની ભરમારને મંદીના ભયે અટકાવી છે અને ભાવો નરમાઈ તરફી વલણ દર્શાવવા માંડ્યું છે. માંગ ઘટવાના પરિબળોએ પણ તેની અસર ઉપજાવી છે. જેમાં ખાસ કરીને ચીનમાં કોવિડના અસરે લોકડાઉનથી માંગ ઘટી છે.

આ ઉપરાંત વૈશ્વિક કક્ષાની સેન્ટ્રલ બેંકો દ્વારા તેની મોનેટરીંગ પીલીસીને વધુ કડક બનાવતા તેની અસરે વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમીડીયેટ ક્રુડ ઓઈલના ફ્યુચરનો ભાવ બેરલ દિઠ 110 ડોલર બોલાયો હતો. જે તાજેતરમાં ભુતકાળમાં 123 ડોલરની સપાટીએ પહોંચ્યો હતો. નિરિક્ષકોનું એવું માનવું છે કે બેરલ દિઠ 98 ડોલર થાય તો જ નવી ખરીદી નિકળશે તેવું મનાય છે. જો 123 ડોલરની સપાટીએ ભાવ પહોંચશે તો ખરીદી અટકશે.

## અદાણી એન્ટર. અને 10 કંપનીઓએ કોલ ઈન્ડિયા દ્વારા બહાર પડેલા કોલસાના ટેન્ડરોમાં અરજી કરી

ગુજરાત | વંદન

કોલસાની વિદેશથી આયાત કરવા માટે ટેન્ડરનેપ્રાપ્ત કરવા માટે અદાણી ગ્રુપે રસ દાખવ્યો છે. આ સંબંધમાં કોલ ઈન્ડીયા આશાસ્પદ આયાતકારો પાસેથી બિડ મંજુર કરશે. 2416 મિલિયન ટન કોલસાની આયાત માટેના ટેન્ડરો બહાર પડાવામાં આવ્યા છે. ટેન્ડરો રજુ કરવામાં અગ્રણી કંપનીઓમાં અદાણી એન્ટરપ્રાઈસ લિમિટેડ, માહિ મિનરલ્સ, અને ચેટીયન લોજિસ્ટીક્સ પ્રા.લિ. મુખ્યત્વે છે. કોલ ઈન્ડિયાએ આ ટેન્ડરને એવી શરતોથી રજુ કર્યા છે કે બીડના પ્રાઈસ 90 દિવસના બદલે 60 દિવસ પુરતા જ માન્ય રહેશે. ટેન્ડર ના એવોર્ડ અપાયા પછીની તારીખથી 4 થી 6 સપ્તાહમાં પ્રથમ શીપમેન્ટ પુરુ પાડવાનું રહેશે. આયાતી કોલસાની ગઉમવત્તાની ચકાસણી અને તેના જથ્થાની બાબતનું એસેસમેટ કોલ ઈન્ડિયાએ નક્કી કરેલી થર્ડપાર્ટીને સોંપવામાં આવ્યું છે.

## રૂપિયાના ચલણનું અવમુલ્યન અટકાવવા RBI સક્રિય પગલા ભરશે

ગુજરાત | વંદન

રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ તાજેતરમાં રુપિયાના મુલ્યમાં થતી આંચકાજનક હિલચાલની પરિસ્થિતિ બાબતમાં સાવચેતીનું વલણ અપનાવ્યું છે. અને રુપિયાના ઓછા મુલ્ય માટે 600 ડોલરની ઉંચી વિદેશી હુંડિયામણનો ઉપયોગ કરવાની પ્રવૃત્તિ હાથ ધરવાનું નક્કી કર્યું છે. આનાથી ભારતીય રૂપિયાના અવમુલ્યન પર ઓછી અસર થશે. તેમ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ડેપ્યુટી ગવર્નર શ્રી માઈકલ ડી. પાત્રાએ દર્શાવ્યું હતું.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com


# વરસાદની સિઝનમાં ફરવા માટે બિલકુલ સેફ નથી આ સ્થળો

હાલ ચોમાસાએ દસ્તક આપી દીધી છે. ત્યારે લોકો આ મોસમમાં ફરવાનું વધારે પસંદ કરે છે. વરસાદ પહેલાં જ લોકો મોનસૂન વેકેશનની તૈયારીમાં લાગી જાય છે. દેશના વિવિધ સ્થળો જે ચોમાસામાં ફરવા લાયક છે ત્યાં પર્યટકો ઉમટી પડે છે. જો કે, અમુક એવા સ્થળો છે જ્યાં વધારે વરસાદ પડે છે અને પાણી ભરાવાના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ જાય છે. ત્યારે આવી જગ્યાએ ફરવાનું ટાળવું જોઈએ. ખાસ કરીને મુંબઈમાં વરસાદના કારણે જાણે અમુક સમય સુધી જીંદગી રોકાઈ જતી હોય તેવી હાલત થઈ જાય છે. લોકો પોતાના ઘરમાં બંધ રહેવા મજબૂર થઈ જાય છે. બહાર પાણી ભરાવાના કારણે વાહન વ્યવહારને અસર થાય છે. ત્યારે મુંબઈ સાથે એવા ઘણા સ્થળો છે જ્યાં વરસાદની સિઝનમાં ભૂલથી પણ ફરવા ન જઉં જોઈએ.


**મુન્નાર:** કેરળ પ્રાકૃતિક સૌંદર્યના કારણે ખુબ જ પ્રખ્યાત છે. આ રાજ્ય પોતાની સુંદરતાથી સૌ કોઈને પોતાના તરફ ખેંચે છે. ત્યારે વરસાદ પણ સૌથી પહેલાં કેરળમાં જ આવે છે. અને પછી દેશના બીજા ભાગોમાં વરસે છે. કેરળમાં ઘણા ધાર્મિક અને પર્યટન સ્થળ છે. તેમાંથી એક છે મુન્નાર. મુન્નાર ચાની ખેતી માટે પ્રખ્યાત છે. જો કે, વરસાદના દિવસોમાં મુન્નાર જવાનો પ્લાન બિલકુલ ન કરો. કેમ કે, વરસાદમાં તે સુરક્ષિત સ્થળ નથી.



**કુલ્લુ:** હિમાચલ પ્રદેશમાં આવેલું કુલ્લુ પર્યટકો માટે આકર્ષણનું કેન્દ્ર છે. મોટી સંખ્યામાં લોકો કુલ્લુ ફરવા માટે આવે છે. જો કે, ચોમાસામાં ત્યાં ભારે વરસાદ પડે છે અને તેથી કુલ્લુના લોકોનું જનજીવન અસ્તવ્યસ્ત થઈ જાય છે. સાથે જ ખતરો વધી જાય છે. એટલા માટે મોન્સૂન વેકેશન માટે કુલ્લુ ન જઉં જોઈએ.



**ઉત્તરાખંડ:** દેવોની ભૂમિ એટલે ઉત્તરાખંડ. ઉત્તરાખંડમાં વરસાદની સિઝનમાં ખતરો વધી જાય છે. વરસાદના દિવસોમાં અનેક વિસ્તારોમાં વાદળો ફાટવાની ઘટના સામે આવે છે. અને ત્યાનું જનજીવન પણ ખોરવાય જાય છે. માટે મોન્સૂન વેકેશન માટે ઉત્તરાખંડ બિલકુલ સેફ નથી. જો છતાં પણ તમે ઉત્તરાખંડ જવાનો પ્લાન કરી રહ્યા છો તો પૂરી સુવિધા સાથે જઉં જોઈએ.




## જ્યારે જવું હોય મિટીંગમાં

સમય હવે ધીમે ધીમે ઝૂમ મીટિંગમાંથી વાસ્તવિક બોર્ડ રૂમ મીટિંગ તરફ આગળ વધી રહ્યું છે. આવી મીટિંગમાં થ્રી ફોર્થ પલાઝો સાથેનો કોટ ખૂબ સરસ લાગશે. તે કેઝ્યુઅલ તેમજ ઓફિશિયલ લુક આપે છે અને પહેરવામાં પણ આરામદાયક છે. જો તમે ઈચ્છો તો ઓફિસની અગત્યની મીટિંગ માટે સમર કોટ અથવા લાઈટ ફેબ્રિકનું બ્લેઝર પણ પસંદ કરી શકો છો. આ પણ એક સારી પસંદગી છે.

# શું તમે પણ ઓફિસ આઉટફિટને લઈને રોજ થાઓ છો પરેશાન, તો ફોલો કરો આ ફેશન ટિપ્સ

દરેક વર્કિંગ વુમન એ વાત સાથે સહમત થશે કે સવારે સૌથી મોટો પ્રશ્ન એ છે કે આજે શું પહેરવું? ઓફિસમાં પાર્ટી, ગેટ-ટુગેધર કે કોઈનુ ફેરવેલ હોય તો આ સમસ્યા બેવડી થઈ જાય છે. વોર્ડરોબમાં કપડાના ઢગલામાંથી દરેક ડ્રેસ ઉપાડીને, એવું લાગે છે કે તે આ ઓકેશન માટે ફિટ બેસતુ નથી. આનું કારણ એ પણ છે કે જ્યારે શોપિંગનો સમય આવે છે, ત્યારે મનમાં ઓફિસ (Office wear ideas) નો વિચાર ઓછો હોય છે, અન્ય વસ્તુઓ વધુ રહે છે, તેથી શોપિંગથી કામની શરૂઆત કરવી જોઈએ. જો તમે શોપિંગની કેટલાક આઈડિયા ધ્યાનમાં રાખશો, તો તમારે સવારે ઉઠીને આજે શું પહેરવું તે વિશે વિચારવું પડશે નહીં.



**આરામદાયક વસ્તુ પસંદ કરો** | ઓફિસમાં પહેરવાના કપડા એવા હોવા જોઈએ કે જેના પર લાંબો સમય બેસી રહેવા પર બહુ કરચલીઓ ન પડે. આ કિસ્સામાં લાઈટવેઈટ અને સોફ્ટ ફેબ્રિકના પોશાક પહેરવા લોંગ સિટીંગ જોબ માટે યોગ્ય છે. ઉપરાંત, ઓફિસના કપડા કુદરતી શેડ્સના હોય તો તે વધુ સારું છે. તેઓ સરળતાથી કોઈપણ ઈવેન્ટમાં પહેરી શકાય છે.

- કાળા ટી-શર્ટ પર ટીલ કલરનો નેકલેસ અથવા બિડેસની માળા આઉટફિટમાં સુંદરતા ઉમેરે છે.
- જો તમે પલાઝો સૂટ પહેરો છો તો હેંગિંગ ઈયર રિંગ્સ સારી લાગશે. ઓફિસમાં ફંક્શન હોય તો નાની ઝુમકી પણ પહેરી શકાય છે.
- તમારે હાથમાં બંગડી અને ઘડિયાળ સિવાય બીજું કંઈ પહેરવાનુ અવોઈડ કરવુ જરૂરી છે.
- જો તમારે સાડી પહેરવી હોય તો સોના કે ચાંદીના ઘરેણાં ટાળો. તેના બદલે સ્ટોન કે થ્રેડ જ્વેલરી પહેરો.
- ઓફિસમાં લોફર્સ પહેરવું સૌથી આરામદાયક છે. જો તમારે વધુ હલનચલન કરવું હોય તો પગમાં દુખાવાની ફરિયાદ રહેતી નથી.

# ગણિતના શિક્ષકે બનાવી પહેલી સોલાર કાર

બિલાલ અહેમદ દ્વારા સોલર કારનો આવિષ્કાર કરવામાં આવ્યો છે. ગણિતના શિક્ષક એવા જમ્મુ તથા કાશ્મીરના પાટનગર શ્રીનગરના બિલાલ અહેમદે એક સસ્તી ઈલેક્ટ્રિક કાર બનાવી છે જે સોલાર ઉર્જાથી ચાલે છે. શ્રીનગરના સનતનગરના રહીશ અહેમદે 11 વર્ષની આકરી મહેનત અને રિસર્ચ બાદ પોતાનું આ સપનું પૂરું કર્યું. અહમદનું આ ઈનોવેશન હાલ સોશિયલ મીડિયા પર ખુબ ઝડપથી વાયરલ થઈ રહ્યું છે.


**પૂર્વ મુખ્યમંત્રીએ પણ કરી પ્રશંસા** | જમ્મુ અને કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લાએ પણ અહમદની ઉપલબ્ધિ અંગે ટ્વીટ કરીને કહ્યું કે એવું લાગે છે કે કાર એક દિવસ ઉડી પણ શકે છે. કારના બોડી પર સોલર પેનલ અને અંદર એક ચાર્જીંગ પોઈન્ટ છે.

**ક્યાંથી મળી પ્રેરણા** | અહદમની ઈચ્છા એક શાનદાર કાર બનાવવાની હતી પરંતુ લોકો માટે સસ્તી કારની શોધે તેમને 50ના દાયકાથી બનેલી કારોનો અભ્યાસ કરવા માટે પ્રેરિત કર્યા. તેઓ અમેરિકામાં ડેટ્રોઈટના એક એન્જિનિયર અને નવપ્રવર્તનકના કામથી પ્રેરિત હતા જે ઓટોમોબાઈલ કંપની ડીએમસીના માલિક હતા. અહમદે વિભિન્ન વીડિયો જોયા અને તેમાં નવી સુવિધાઓ જોયા બાદ કારમાં સંશોધન કરવાનું કામ શરૂ કર્યું.




**ક્યાંથી શરૂ થયું બિલાલનું સપનું** | શરૂઆતમાં વિકલાંગો માટે બિલાલે એક કાર બનાવવાની યોજના ઘડી. પરંતુ પૈસાની અછતના કારણે આ પ્રોજેક્ટ આગળ વધી શક્યો નહીં. બિલાલ અહેમદે 2009માં સોલર રન લક્ઝરી કાર બનાવવા માટે એક પ્રોજેક્ટ શરૂ કર્યો અને આ વર્ષ પ્રોજેક્ટ પૂરો કર્યો.

**ગાડીની ખાસિયતો** | આ કારમાં અન્ય લક્ઝરી કારો જેવી ખાસિયતો છે. કાર સંપૂર્ણ રીતે ઈલેક્ટ્રિસિટી પર ચાલે છે જે મોનોક્રિસ્ટલાઈન સોલર પેનલ દ્વારા ઉત્પન્ન થાય છે. બિલાલ અહમદે તેમા વિશિષ્ટ પ્રકારની સોલર પેનલોનો ઉપયોગ કર્યો છે કારણ કે તે ઓછામાં ઓછી સોલર ઉર્જામાં પણ વધુમાં વધુ વીજળી પેદા કરે છે. કાર સંપૂર્ણ રીતે સ્વચાલિત છે અને તેમાં જગ્યાની કમીને પૂરી કરવા માટે દરવાજા છે. બિલાલનું માનવું છે કે જો કોઈએ તેની મદદ કરી હોત તો તેઓ ક્યારનાય કાશ્મીરના એલોન મસ્ક બની જાત.



# તુલસી સાથે સાથે લગાવો આ 4 શુભ છોડ, આ ચોમાસામાં માતા લક્ષ્મી કરશે ધનવર્ષા

વાસ્તુશાસ્ત્ર પ્રમાણે જીવનમાં પોઝિટિવિટી વધારવા માટે ઘરમાં તુલસીનો છોડ જરૂર લગાવવો જોઈએ, કારણ કે તુલસીની આસપાસ પસાર થતી હવા સ્વાસ્થ્ય માટે શુદ્ધ અને ફાયદાકારક સાબિત થાય છે. હકારાત્મક ઊર્જા તરંગો હંમેશા પૂર્વથી પશ્ચિમ, ઉત્તરથી દક્ષિણ અને ઉત્તરપૂર્વથી દક્ષિણ પશ્ચિમ તરફ વહે છે. તેથી આવા વૃક્ષો અને છોડને પૂર્વ અને ઉત્તર દિશામાં લગાવો, જેથી ઘરમાં પોઝિટિવ એનર્જિ આવવાના માર્ગમાં કોઈ અડચણ ન આવે. ચાલો આજે જોઈએ કે તુલસીની સાથે સાથે અન્ય બીજા કયા છોડ પણ ઉગાડવા જોઈએ....

1 **તુલસી :** તુલસીનો છોડ હંમેશા ઘરની પૂર્વ કે ઉત્તર દિશામાં લગાવો. આ દિશામાં તુલસીનું વાવેતર કરવાથી ખૂબ જ શુભ ફળ મળે છે. તુલસીના છોડને દેવી લક્ષ્મીનું સ્વરૂપ માનવામાં આવે છે. ઘરમાં તુલસીનો છોડ લગાવવાથી શ્રી હરિ વિષ્ણુની વિશેષ કૃપા પ્રાપ્ત થાય છે.

2 **શમી :** વાસ્તુશાસ્ત્ર અનુસાર ઘરમાં શમીનો છોડ લગાવવો ખૂબ જ શુભ હોય છે. શમીના છોડની પૂજા કરવાથી શનિદેવના આશીર્વાદ મળે છે, કારણ કે શમીના છોડનો સંબંધ શનિવાર અને શનિદેવ સાથે છે. જો શમીના છોડને તુલસી સાથે લગાવવામાં આવે તો તેનાથી બેવડો ફાયદો થાય છે.

3 **કેળા:** કેળાનું ઝાડ ઘરમાંથી નકારાત્મક ઉર્જાને દૂર કરે છે. અને ઘરમાં સુખ શાંતિ લાવે છે. તેથી ઘરમાં કેળાનું ઝાડ લગાવવું ખૂબ જ શુભ માનવામાં આવે છે. માન્યતા અનુસાર જો તુલસી અને કેળાનો છોડ લગાવવામાં આવે તો ઘરમાં સમૃદ્ધિ આવે છે અને આર્થિક સમસ્યાઓ દૂર થાય છે.

માત્ર એક વાતનું ધ્યાન રાખો કે બંને છોડ એકસાથે વાવવામાં ન આવે. જો તમે ઘરના મુખ્ય દરવાજાની ડાબી બાજુ તુલસીનો છોડ અને ઘરના મુખ્ય દરવાજાની જમણી બાજુએ કેળાનો છોડ લગાવો તો તે ખૂબ જ શુભ માનવામાં આવે છે.

4 **ધતૂરા:** nમાન્યતા અનુસાર કાળા ધતુરાના છોડમાં ભગવાન શિવનો વાસ હોય છે. અને ધતૂરા ભગવાન શિવને અર્પણ કરવામાં આવે છે, જે તેમની પૂજામાં ખૂબ જ શુભ માનવામાં આવે છે અને શિવને પ્રિય પણ છે. તેથી મંગળવારે ઘરમાં ધતૂરાનો છોડ લગાવવો ખૂબ જ શુભ માનવામાં આવે છે. જો ઘરમાં તુલસીની સાથે કાળા ધતુરાનો છોડ લગાવવામાં આવે તો ભગવાન શિવની વિશેષ કૃપા પ્રાપ્ત થાય છે.

5 **ચંપો :** વાસ્તુશાસ્ત્ર અનુસાર ઘરમાં તુલસી, કેળા, ચંપા, કેતકી વગેરે વૃક્ષો અને છોડ લગાવવા ખૂબ જ શુભ છે. એવું માનવામાં આવે છે કે આ છોડને ઘરમાં લગાવવાથી ઘરમાં ક્યારેય પૈસાની કમી નથી આવતી. માર્ગ દ્વારા, વાતાવરણને શુદ્ધ કરવા માટે મંદિર પરિસરમાં ચંપાનું વૃક્ષ વાવવામાં આવે છે. વાસ્તુની દૃષ્ટિએ ચંપાનો છોડ સૌભાગ્યનું પ્રતિક માનવામાં આવે છે. પરંતુ જ્યારે પણ તમે ચંપાનો છોડ લગાવો ત્યારે દિશાનું ધ્યાન રાખો. આ માટે ઉત્તર-પશ્ચિમ દિશા શ્રેષ્ઠ માનવામાં આવે છે. આ સિવાય તેને દક્ષિણ-પૂર્વ દિશામાં પણ રાખી શકાય છે. ચંપાના ફૂલનો ઉપયોગ પૂજા દરમિયાન પણ કરવામાં આવે છે, તેથી તે સકારાત્મકતાનું પ્રતીક છે. એટલા માટે તમે તેને ઘરે લગાવી શકો છો.

# કોલેસ્ટ્રોલ ઘટાડવા માટે કરો આ દેશી ઉપચાર

શરીરમાં કોલેસ્ટ્રોલની માત્રા વધી જવાથી હાર્ટ એટેક, ધમનીના રોગ તેમજ સ્ટ્રોકની શક્યતા વધી જાય છે. કોલેસ્ટ્રોલ બે પ્રકારના હોય છે HDL અને LDL, એટલે કે ગુડ કોલેસ્ટ્રોલ અને બેડ કોલેસ્ટ્રોલ. ખરાબ કોલેસ્ટ્રોલ ચીકણું અને જાડું હોય છે જે શરીરમાં વધે તો અનેક સમસ્યાઓ થાય છે. હાઈ પ્રોટીન ડાયટ લેવાથી શરીરમાં તેની માત્રા વધે છે. પરંતુ કેટલાક ખાસ પ્રકારના ફૂડ લેવાથી આ કોલેસ્ટ્રોલને ઘટાડી શકાય છે.



- કોલેસ્ટ્રોલની તકલીફ હોય તેમણે પોતાના ખોરાકમાં આ વસ્તુઓનો સમાવેશ કરવો જોઈએ. અંકુરિત અનાજ, સફરજન, નાશપતી, દલિયા, અળસી, જવ જેવી વસ્તુઓ પણ કોલેસ્ટ્રોલના દર્દી માટે લાભકારી સાબિત થાય છે.
- **લસણ:** લસણ ઔષધીય ગુણ ધરાવે છે. તે બ્લડ પ્રેશરને કાબુમાં રાખે છે અને કોલેસ્ટ્રોલને પણ ઘટાડે છે.
- **આમળા:** આમળા હૃદયને સ્વસ્થ રાખવાની સાથે કોલેસ્ટ્રોલ લેવલને પણ નિયંત્રણમાં રાખે છે. એટલા માટે જ ડાયટમાં આમળાનું સેવન જરૂરી છે.
- **સુકા મેવા:** અખરોટ, બદામ, મગફળી, પિસ્તા જેવા સુકા મેવા હાઈ કોલેસ્ટ્રોલને કાબૂમાં રાખવા માટે લાભકારી હોય છે. રીસર્ચ અનુસાર નિયમિત રીતે અખરોટ ખાવાથી કોલેસ્ટ્રોલનું સ્તર ઘટે છે.
- **પાલક:** પાલકમાં વિટામિન, આયરન અને અન્ય ખનિજ તત્વો હોય છે. આ તત્વો ધમનીઓમાં કોલેસ્ટ્રોલ જામવા નથી દેતા. કોલેસ્ટ્રોલના દર્દીએ રોજ અડધો કપ પાલક ખાવી જોઈએ.
- **લીલા ધાણા:** રિસર્ચ અનુસાર લીલા ધાણામાં પણ કોલેસ્ટ્રોલને ઘટાડવાની શક્તિ છે. તે શુગરને પણ કંટ્રોલ કરે છે.
- **ડુંગળી:** લાલ ડુંગળીનું સેવન હાઈ કોલેસ્ટ્રોલના દર્દીઓ માટે લાભકારક છે.

# લાઈફસ્ટાઈલમાં કરો આ બદલાવ અને ચોમાસામાં પણ રહો તરોતાજા



ચોમાસું આવતા જ ગરમીથી રાહત મળે છે, પરંતુ વરસાદની સાથે સાથે બીમાર પડવાનું અને સંક્રમણ થવાનું જોખમ પણ વધે છે. શિયાળો અને ઉનાળાની સરખામણીએ ચોમાસામાં વાયરસ અને બેક્ટેરિયાના સંપર્કમાં આવવાનું જોખમ બમણું થઈ જાય છે.

વાતાવરણ ભેજયુક્ત થઈ જવાને કારણે હાનિકારક બેક્ટેરિયામાં વૃદ્ધિ થાય છે. જેના કારણે આરોગ્ય સંબંધિત અનેક મુશ્કેલીઓ થવા લાગે છે. જ્યાં સુધી સામાન્ય બિમારીના કોઈ વધુ લક્ષણ જોવા ના મળે અથવા આરોગ્ય પર ગંભીર અસર જોવા ના મળે ત્યાં સુધી બિમારી વિશે જાણી શકાતું નથી. આ કારણોસર ચોમાસામાં પ્રાથમિક નિદાન તથા સ્વચ્છતાના ઉપાયો અપનાવીને સુરક્ષિત રહી શકાય છે.

**રોગ પ્રતિકારક શક્તિ મજબૂત બનાવો** | જો વ્યક્તિની રોગ પ્રતિકારક શક્તિ મજબૂત ના હોય તે વ્યક્તિને ખૂબ જ જલ્દી ઈન્ફેક્શન લાગી જાય છે. આ કારણોસર દૈનિક આહારમાં ફળ, શાકભાજી અને અનાજ સહિત સંતુલિત આહાર શામેલ કરો. ગ્રીન ટીનું સેવન કરવાથી રોગ પ્રતિકારક શક્તિ મજબૂત થાય છે. ચોમાસામાં વાયરલ તાવ, બેક્ટેરિયરલ તથા અન્ય પેરેસિટીક ઈન્ફેક્શન થવાના કેસ સામે આવે છે. રોગ પ્રતિકારક શક્તિ મજબૂત હોય તો ચોમાસામાં થતી આ પ્રકારની બિમારીઓથી બચી શકાય છે.



**સ્વચ્છતા અપનાવો** | સ્વચ્છતાનું ધ્યાન રાખો. ત્વચા ડ્રાય રહે તેવા પ્રયાસ કરો અને સ્વચ્છતા પ્રત્યે સજાગ રહો. જો ત્વચા ભીની હોય તો સરળતાથી બેક્ટેરિયા તમારા શરીર પર હુમલો કરી શકે છે, જેના કારણે રોગ પ્રતિકારક શક્તિ નબળી પડી જાય છે.

**હાઈડ્રેટ રહો** | ચોમાસા દરમિયાન તરસ ઓછી લાગે છે જેના કારણે વ્યક્તિ પાણી પીવાનું ઓછું કરી છે. કોઈપણ ઋતુ હોય શરીર હાઈડ્રેટ રહે તે જરૂરી છે. પેટ સંબંધિત બિમારીઓના જોખમને ઓછું કરવા માટે ખૂબ જ વધુ માત્રામાં પાણી પીવું જોઈએ. સવારે આદુવાળી ચા, કેમોમાઈલ ચાનું સેવન કરવાથી રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય છે.

**સ્ટ્રીટ ફૂડનું સેવન ના કરવું** | રસ્તા પર વેચાતા શાકભાજી અને ફળોથી દૂર રહેવું જોઈએ. સામાન્ય રીતે રસ્તાઓ પર પાણી અને કીચડ હોય છે. જે અનેક પ્રકારના બેક્ટેરિયા માટે ઈન્ક્યૂબેટર બનાવે છે. રસ્તાઓ પર ખુલ્લા પડેલા ખાદ્ય પદાર્થમાં સંક્રામક બેક્ટેરિયા ઉત્પન્ન થવા લાગે છે. આ કારણોસર તે ખાદ્ય પદાર્થનું સેવન ન કરવું જોઈએ.

# કેસરમાં છુપાયો છે સુંદરતાનો ખજાનો..! સ્કિન કેર માટે કરો તેનો ઉપયોગ



સુંદરતા નિખારવા અને સ્વાસ્થ્ય સંભાળવા માટે કેસરનો ઉપયોગ વર્ષોથી કરવામાં આવી રહ્યો છે. આજે પણ ઘણા બધા બ્યૂટી પ્રોડ્કટ્સમાં તેનો ઉપયોગ કરવામાં આવે છે. ત્યારે તેનો દવા તરીકે પણ ઉપયોગ કરવામાં આવે છે. વાનગીની રંગત અને સ્વાદ વધારવું હોય અથવા તો પ્રેઝન્ટેશનને આકર્ષક કરવું હોય તો કેસરનો રોલ તેમાં ખાસ છે. સુંદરતાના નિખારમાં તેની મહત્ત્વની ભૂમિકા છે. કેસરના વિષયમાં કહેવું ખોટું નથી કે તેમાં સુંદરતાનો ખજાનો છુપાયો છે. જાણો, તેનો ઉપયોગ કેવી રીતે કરવો જોઈએ.

ત્વચામાં નિખાર માટે | ત્વચામાં નિખાર એટલે કે ગ્લો લાવવા માટે ચતુર્થાંશ ચમચી કેસરને એક ચમચી ગુલાબ જળમાં દસ મિનિટ માટે પલાળીને રહેવા દો. હવે તેમાં એક ચમચી ચંદન પાઉડર મિક્સ કરીને પેસ્ટ તૈયાર કરી લો. આ પેસ્ટને ચહેરા અને ડોક પર સારી રીતે લગાઓ અને સુકાઈ જવા પર ધોઈ નાંખો. ત્વચામાં નિખાર લાવવા માટે કેસરને દૂધમાં પલાળીને પણ ચહેરા પર લગાવી શકો છો.

ત્વચાના ડાઘ-ધબ્બા દૂર કરવા માટે | ચહેરા પર ડાર્ક સર્કલ્સ અથવા ટેનિંગ હોય અથવા તો કોઈ અન્ય પ્રકારના ડાઘ-ધબ્બા હોય તો તેને દૂર કરવા માટે તમે કેસરને તુલસીમાં મિક્સ કરીને ઉપયોગમાં લઈ શકો છો. તેના માટે આઠ-દસ તુલસીના પાંદડાંને ધોઈને દળી લો. હવે તેમાં ચતુર્થાંશ ચમચી કેસર મિક્સ કરીને દસ મિનિટ માટે રહેવા દો. જેનાથી કેસર તુલસીમાં મિક્સ થઈ શકે. ત્યારબાદ આ પેસ્ટને ચહેરા અને ડોક પર લગાવીને વીસ મિનિટ માટે રહેવા દો. ત્યારબાદ સાફ પાણીથી ધોઈ નાંખો.

સ્કિનને સૉફ્ટ એન્ડ ક્લીન બનાવવા માટેશુષ્ક બેજાન સ્કિનને સૉફ્ટ એન્ડ ક્લીન બનાવવા માટે કેસરનો ટોનર તરીકે ઉપયોગ કરી શકો છો. તેના માટે એક નાની શીશી ગુલાબજળમાં ચતુર્થાંશ ચમચી કેસર મિક્સ કરીને રહેવા દો. જ્યારે કેસર ગુલાબ જળમાં સારી રીતે પલળી જાય ત્યારે તેને ક્રશ કરીને ગાળી લો અને સ્પ્રે બોટલમાં ભરીને રાખી દો. આ મિક્સચરને ચહેરા પર સવાર સાંજ સ્પ્રે કરો અને એક મિનિટ પછી હળવા હાથેથી કોટન બૉલની મદદથી લૂછી લો.

# લોર્ડ્સમાં આ ઈતિહાસ રચનારો પ્રથમ ભારતીય બન્યો હતો ગાંગુલી

ગુજરાત | વંદન

ભારતીય ક્રિકેટ જ નહીં પરંતુ ક્રિકેટ જગતમાં સૌરવ ગાંગુલી એક આક્રમક સુકાની તરીકે જાણીતો છે. તેમાં પણ લોર્ડ્સ મેદાનમાં તેની બે ઘટના ભારતીય ક્રિકેટ પ્રેમીઓના દિલમાં ઘર કરી ગઈ છે. 2002માં નેટવેસ્ટ સીરિઝની ઈંગ્લેન્ડ સામેની ફાઈનલ જીત્યા બાદ લોર્ડ્સની ગેલેરીમાંથી ટીશર્ટ કાઢીને હવામાં લહેરાવીને અંગ્રેજોનો ઘંમડ તોડ્યો તે એક ઐતિહાસિક ઘટના હતી. જોકે, તે પહેલા ગાંગુલીએ લોર્ડ્સ ખાતે જ પોતાની કારકિર્દીની પ્રથમ ટેસ્ટ રમી હતી. આ પ્રથમ ટેસ્ટમાં જ સૌરવ ગાંગુલીએ એક ઈતિહાસ રચી દીધો હતો. ભારતીય ટીમ 1996માં ઈંગ્લેન્ડના પ્રવાસે ગઈ હતી. જેમાં 20-24 જૂન દરમિયાન લોર્ડ્સ ખાતે બીજી ટેસ્ટ રમાઈ હતી. આ ટેસ્ટ દ્વારા ભારતના બે મહાન ક્રિકેટર્સે પોતાની ટેસ્ટ કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો. જેમાં એક હતો સૌરવ ગાંગુલી અને બીજો હતો રાહુલ દ્રવિડ. ગાંગુલીએ 22 જૂન એટલે કે મેચના ત્રીજા દિવસે લોર્ડ્સના મેદાન પર સદી ફટકારી હતી.

આ ટેસ્ટમાં સુકાની મોહમ્મદ અઝહરૂદ્દીને ટોસ જીતીને પ્રથમ બોલિંગ લીધી હતી. ઈંગ્લેન્ડે પ્રથમ દાવમાં 344 રનનો સ્કોર ખડક્યો હતો. જેમાં ગ્રેહામ થોર્પે 89 રન ફટકાર્યા હતા. જ્યારે વિકેટકીપર બેટર જેક રસેલે અદ્દભુત બેટિંગ કરતા 124 રનની શાનદાર ઈનિંગ્સ રમી હતી. 44 વર્ષ બાદ લોર્ડ્સના મેદાન પર ઈંગ્લેન્ડના વિકેટકીપરે સદી ફટકારી હતી. ભારત માટે વેંકટેશ પ્રસાદે 76 રન આપીને પાંચ વિકેટ ઝડપી હતી. જ્યારે જવાગલ શ્રીનાથે 76 રન આપીને ત્રણ વિકેટ પોતાના નામે કરી હતી. સૌરવ ગાંગુલીએ બે વિકેટ ખેરવી હતી.



## સૌરવ ગાંગુલીએ ઈતિહાસ રચ્યો, રાહુલ દ્રવિડ ચૂકી ગયો

ભારતે તેના પ્રથમ દાવમાં 429 રનનો સ્કોર ખડકીને સરસાઈ મેળવી હતી. જેમાં વન-ડાઉન આવેલા સૌરવ ગાંગુલીએ 301 બોલમાં 20 ચોગ્ગા સાથે 131 રનની ઐતિહાસિક ઈનિંગ્સ રમી હતી. આ સાથે જ લોર્ડ્સના મેદાન પર ટેસ્ટ ડેબ્યુમાં સદી ફટકારનારો સૌરવ ગાંગુલી પ્રથમ ભારતીય બેટર બન્યો હતો. જોકે, રાહુલ દ્રવિડ પાંચ રન માટે આ સિદ્ધિથી ચૂકી ગયો હતો. રાહુલ દ્રવિડ 95 રનના સ્કોર પર આઉઠ થયો હતો. તેણે 363 બોલ રમ્યા હતા. વિકેટકીપર રસેલે તેનો કેચ કર્યો હતો. આમ લોર્ડ્સના મેદાન પર બે ડેબ્યુ ખેલાડી સદી ફટકારે તે ઘટના બનતા-બનતા રહી ગઈ હતી. ઈંગ્લેન્ડ માટે ક્રિસ લૂઈસ અને એલન મૂલાલેએ ત્રણ-ત્રણ વિકેટ ઝડપી હતી.

### મેચ ડ્રો, અમ્પાયર ડિકી બર્ડની અલવિદા

ઈંગ્લેન્ડે નવ વિકેટે 278 રનના સ્કોર પર દાવ ડિક્લેર કર્યો હતો અને અંતે મેચ ડ્રો રહી હતી. આ મેચ જાણીતા અમ્પાયર ડિકી બર્ડની 66મી અને અંતિમ ટેસ્ટ મેચ હતી. તેઓ જ્યારે અમ્પાયરિંગ માટે મેદાનમાં ઉતર્યા ત્યારે ભારત અને ઈંગ્લેન્ડ બંને ટીમે તેમને ગાર્ડ ઓફ ઓનર આપ્યું હતું. ત્યારે ડિકી બર્ડની આંખોમાં આંસુ આવી ગયા હતા. જોકે, તેની બે મિનિટ બાદ તેમણે મેચની પ્રથમ ઓવરમાં જ ઈંગ્લેન્ડના સુકાની માઈક આર્થટનને એલબીડબલ્યુ આઉટ આપ્યો હતો. ડિકી બર્ડે 66 ટેસ્ટમાં અમ્પાયરિંગ કર્યું તે ત્યારે એક રેકોર્ડ હતો. તેના બે વર્ષ બાદ 1998માં તેમણે પોતાની અંતિમ કાઉન્ટી મેચમાં અમ્પાયરિંગ કર્યું હતું.

# ઈંગ્લેન્ડે ભારત સામેની પાંચમી ટેસ્ટ માટે ટીમની જાહેરાત કરી

ગુજરાત | વંદન

ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડ (ECB) એ ભારત સામેની એકમાત્ર ટેસ્ટ માટે ટીમની જાહેરાત કરી છે. ટીમમાં એ જ ખેલાડીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેઓ ન્યૂઝીલેન્ડ સામે તાજેતરમાં સમાપ્ત થયેલી ટેસ્ટ શ્રેણીમાં રમી રહ્યા હતા. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે 1 જુલાઈથી એજબેસ્ટન, બર્મિંગહામ ખાતે ટેસ્ટ મેચ રમાશે. બેન સ્ટોક્સ ટીમનું નેતૃત્વ કરશે.




એજબેસ્ટન ખાતે શુક્રવારથી શરૂ થઈ રહેલી ભારત સામેની પાંચમી ટેસ્ટ માટે કેન્ટના વિકેટકીપર બેટ્સમેન સેમ બિલિંગ્સનો ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તે ન્યુઝીલેન્ડ સામેની ત્રીજી ટેસ્ટમાં બેન ફોક્સના કોવિડ રિપ્લેસમેન્ટ તરીકે રમ્યો હતો. ફોક્સ હાલમાં કોરોના સામે લડી રહ્યું છે. આમ છતાં તેને ભારત સામેની ટેસ્ટ મેચ માટે ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. ફોક્સ ત્યાં સુધીમાં ઠીક થવાની અપેક્ષા છે.

ન્યુઝીલેન્ડ સામે ત્રીજી ટેસ્ટ ન રમનાર જેમ્સ એન્ડરસનનો પણ ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ભારતીય ટીમ હાલમાં શ્રેણીમાં 2-1થી આગળ છે. ગયા વર્ષે, ભારતીય ટીમમાં કોરોનાના ઘણા કેસ નોંધાયા બાદ પાંચ મેચોની ટેસ્ટ શ્રેણીની છેલ્લી મેચ સ્થગિત કરવામાં આવી હતી અને ફરીથી શેડ્યૂલ કરવામાં આવી હતી. આ મેચ હવે રમાશે. ભારતે તાજેતરમાં લિસેસ્ટરશાયર સામે માત્ર એક વોર્મ-અપ મેચ રમી હતી, જે ડ્રોમાં સમાપ્ત થઈ હતી. તે જ સમયે, નવા કેપ્ટન બેન સ્ટોક્સના નેતૃત્વમાં ઈંગ્લેન્ડની ટીમ શાનદાર ફોર્મમાં ચાલી રહી છે. ઈંગ્લેન્ડે ન્યૂઝીલેન્ડને ત્રણ મેચની ટેસ્ટ શ્રેણીમાં 3-0થી હરાવ્યું હતું. ઈંગ્લેન્ડે ત્રણેય ટેસ્ટમાં 250થી વધુના લક્ષ્યનો સફળતાપૂર્વક પીછો કર્યો હતો. જેમ્સ એન્ડરસન પણ ભારત સામે રેકોર્ડ બનાવી શકે છે. તે ટેસ્ટમાં 650 વિકેટ લેવાથી માત્ર એક વિકેટ દૂર છે, જ્યારે સ્ટુઅર્ટ બ્રોડ ક્રિકેટના સૌથી લાંબા ફોર્મેટમાં 550 વિકેટનો આંકડો પાર કરી ચૂક્યો છે. ભારતીય ટીમ આ ટેસ્ટ જીતીને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલ માટે પોતાનો દાવો મજબૂત કરવા ઈચ્છશે.

**ભારત સામે ટેસ્ટ માટે ઈંગ્લેન્ડની ટીમઃ** બેન સ્ટોક્સ (સી), જેમ્સ એન્ડરસન, જોની બેરસ્ટો, જો રૂટ, સેમ બિલિંગ્સ (વિકેટમાં), સ્ટુઅર્ટ બ્રોડ, હેરી બ્રુક, જેક ક્રોલી, બેન ફોક્સ (વિકેટમાં), જેક લીચ, એલેક્સ લીગ, ક્રેગ ઓવરટોન, જેમી ઓવરટોન, મેથ્યુ પોટ્સ, ઓલી પોપ.

**ભારતીય ટેસ્ટ ટીમઃ** રોહિત શર્મા (કેપ્ટન), શુભમન ગિલ, વિરાટ કોહલી, શ્રેયસ અય્યર, હનુમા વિહારી, ચેતેશ્વર પૂજારા, ઋષભ પંત (વિકેટમેન), કેએસ ભરત (વિકેટકીન), રવિન્દ્ર જાડેજા, રવિચંદ્રન અશ્વિન, શાર્દુલ ઠાકુર, મોહમ્મદ શમી, જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ, ઉમેશ યાદવ, ફેમસ ક્રિષ્ના, મયંક અગ્રવાલ.

# બજરંગબલીનો પાક્કો ભક્ત છે આફ્રિકાનો ક્રિકેટર કેશવ મહારાજ

ગુજરાત | વંદન

ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચની T20 સિરીઝની અંતિમ મેચ વરસાદના કારણે ધોવાઈ ગઈ છે. ભારતે પહેલી બે મેચ ગુમાવ્યા પછી કમબેક કરીને સિરીઝ 2-2ની બરાબરી પર લાવી દીધી હતી. આ પછી રવિવારે બેગ્લોરમાં પાંચમી T20 રમાઈ હતી પરંતુ વરસાદના લીધે મેચ ધોવાઈ ગઈ હતી અને સિરીઝ ડ્રો રહી હતી. આ મેચ દરમિયાન સાઉથ આફ્રિકાના કેશવ મહારાજ ને કેપ્ટનશિપ કરવાની તક મળી હતી. નામ સાંભળીને જ કેશવ ભારતીય મૂળનો હશે તેમ માનવામાં આવતું હતું, આ ખેલાડીનું ભારત સાથે કનેક્શન પણ છે.

7 ફેબ્રુઆરી 1990માં ડરબનમાં જન્મેલા કેશવ મહારાજ લેફ્ટ આર્મ સ્પિનર છે. જોકે કેશવે પેસર તરીકે પોતાના કરિયરની શરુઆત કરી હતી, એક સમયે કેશવ મહારાજના પૂર્વજ ભારતમાં જ રહેતા હતા, જેઓ 1874માં ઉત્તરપ્રદેશના સુલ્તાનપુરથી મજૂરી કામ કરવા માટે દક્ષિણ આફ્રિકા ગયા હતા. કેશવના પરિવારમાં ચાર સભ્યો છે. જેમાં ક્રિકેટર કેશવ સિવાય માતા-પિતા અને બહેન પણ છે, જેમના લગ્ન શ્રીલંકામાં રહેતી એક વ્યક્તિ સાથે થયા હતા.

## પિતા અને દાદા પણ રમતા હતા ક્રિકેટ



કેશવ મહારાજના પિતા આત્માનંદ પણ ક્રિકેટર હતા, જેઓ સાઉથ આફ્રિકા માટે ઘરેલુ મેચ રમ્યા હતા. જોકે, આત્માનંદને ક્યારેય ટેસ્ટ ક્રિકેટ રમવાની તક નહોતી મળી. દાદા પણ ક્રિકેટર હતા. કેશવ મહારાજ હનુમાનજીનો ભક્ત છે. ભલે તે સાઉથ આફ્રિકામાં રહે છે પરંતુ તે પોતાના રીત-રિવાજ ભૂલ્યો નથી. કેશવ મહારાજ આજે પણ ભારતીય તહેવાર મનાવે છે.

ભારત સામેની અંતિમ T20 મેચના દિવસે કેશવ મહારાજે ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ મૂકી છે જેમાં ટીમના તમામ ખેલાડીઓ જોવા મળે છે. આ પોસ્ટના કેપ્શનમાં કેશવે લખ્યું છે કે, "ભારત હંમેશા માટે ખાસ સ્થળ રહ્યું છે." કેશવે પોતે પણ હનુમાનજીનો ભક્ત હોવાનું માન્યું છે. તે ભગવાન હનુમાન વિશે માને છે કે, તેના માટે હનુમાનજી શક્તિ, ઉર્જા અને રક્ષણ કરનારા દેવ છે. કેશવે હનુમાન ચાલીસા અને તુલસીમાળા કરવાની વાત પણ અગાઉ કરી છે. કેશવે ભગવાન રામ અને ગણેશજી પ્રત્યે પણ પોતાનો પ્રેમ છતો કર્યો છે.

# રોમાંચક મેચમાં ભારતે 4 રનથી આયર્લેન્ડને હરાવ્યું




ગુજરાત | વંદન

ટીમ ઈન્ડિયાએ બીજી T20 મેચમાં આયર્લેન્ડને 4 રનથી હરાવી સીરીઝ 2-0થી જીતી લીધી છે. ભારતે પહેલી ઈનિંગમાં દીપક હુડાની શાનદાર સદી અને સંજુ સેમસનના 77 રનની મદદથી 225/7નો સ્કોર કર્યો હતો. જેના જવાબમાં આયરલેન્ડે 20 ઓવરમાં 5 વિકેટના નુકસાને 221 રન કર્યા હતા. જેથી ભારતે આ રોમાંચક મેચ જીતી લીધી છે. આ દરમિયાન ઉમરાન મલિકે શાનદાર છેલ્લી ઓવર ફેંકી ભારતને મેચ જિતાડી દીધી છે.

**બલબર્નીને જીવનદાન મળ્યું|** આયર્લેન્ડની બેટિંગ દરમિયાન 8મી ઓવરમાં આયરલેન્ડનો કેપ્ટન બલબર્ની સ્ટમ્પિંગ થઈ ગયો હતો. પરંતુ રવિ બિશ્નોઈનો નો-બોલ હોવાના કારણે તેને જીવનદાન મળ્યું હતું. જેના પરિણામે તેને વધુ એક તક મળી હતી.

દીપક હુડા ટી20 ઈન્ટરનેશનલમાં સદી ફટકારનારો ભારતનો ચોથો બેટર બની ગયો છે. તેના પહેલા રોહિત શર્મા (4 સદી), કેએલ રાહુલ (2 સદી) અને સુરેશ રૈના (1 સદી) નોંધાવી ચુક્યા છે. લગભગ ચાર વર્ષ બાદ કોઈ ભારતીય બેટરે T20 ઈન્ટરનેશનલમાં સદી ફટકારી છે. આ પહેલા ભારત માટે છેલ્લી સદી રોહિત શર્માએ નવેમ્બર 2018માં ફટકારી હતી.

**ભારત માટે સર્વોચ્ચ ભાગીદારીનો રેકોર્ડ|**દીપક અને સંજુએ બીજી વિકેટની ભાગીદારીમાં 176 રન જોડ્યા હતા. આ T20 ઈન્ટરનેશનલમાં ભારત દ્વારા કોઈપણ વિકેટ માટે સૌથી વધુ ભાગીદારીનો રેકોર્ડ છે. અગાઉનો રેકોર્ડ કેએલ રાહુલ અને રોહિત શર્માના નામે હતો. 2017માં ઈન્દોરમાં શ્રીલંકા સામે 165 રનની ભાગીદારી થઈ હતી.

પહેલી મેચની વાત કરીએ તો રવિવારે ભારત અને આયરલેન્ડ વચ્ચે પહેલી T20 મેચ ડબલિન ખાતે રમાઈ હતી. જેમાં વરસાદના કારણે 12-12 ઓવરની મેચનું આયોજન થયું હતું. કેપ્ટન હાર્દિક પંડ્યા એન્ડ ટીમ સામે 109 રનનો ટાર્ગેટ હતો. જેને INDએ 16 બોલ પહેલા ચેઝ કરી પહેલી મેચ જીતી લીધી છે. આ દરમિયાન દીપક હુડાએ 29 બોલમાં અણનમ 47 રનની ઈનિંગ રમી હતી. જ્યારે આયરલેન્ડના બોલર ક્રેગ યંગે 2 વિકેટ લીધી હતી. તમને જણાવી દઈએ કે અત્યારે ભારત 2 મેચની T20 સિરીઝમાં 1-0થી આગળ છે.

T20 વિશ્વકપ બાદ

# ન્યૂઝીલેન્ડના પ્રવાસે જશે ટીમ ઈન્ડિયા, કાર્યક્રમ જાહેર કરાયો

- સિરીઝની શરૂઆત 7 ઓક્ટોબરથી થશે, તો ફાઈનલ 14 ઓક્ટોબરે રમાશે

ગુજરાત | વંદન

વર્ષ 2022માં ભારતીય ટીમનો કાર્યક્રમ ખુબ વ્યસ્ત રહેવાનો છે. ટી20 વિશ્વકપ પહેલા ટીમ ઈન્ડિયા વિદેશ પ્રવાસ કરવાની છે, તો આ વૈશ્વિક ટૂર્નામેન્ટ બાદ ભારતીય ટીમ ન્યૂઝીલેન્ડના પ્રવાસે જશે. મંગળવારે ન્યૂઝીલેન્ડ ક્રિકેટે પોતાના ઘરેલૂ શેડ્યૂલની જાહેરાત કરી છે, જેમાં ભારત વિરુદ્ધ લિમિટેડ ઓવરની સિરીઝ પણ છે. ભારતના ન્યૂઝીલેન્ડ પ્રવાસની શરૂઆત 18 નવેમ્બરથી થશે તો અંતિમ મુકાબલો 30 નવેમ્બરે રમાશે. ન્યૂઝીલેન્ડના પ્રવાસ પર ટીમ ઈન્ડિયા ત્રણ મેચોની વનડે અને ત્રણ મેચોની ટી20 સિરીઝ રમશે.

ટી20 વિશ્વકપ 2022ની તૈયારીઓ માટે ન્યૂઝીલેન્ડે પાકિસ્તાન અને બાંગ્લાદેશની સાથે ત્રિકોણીય સિરીઝનું આયોજન કરવાનો પણ નિર્ણય કર્યો છે. આ સિરીઝની શરૂઆત 7 ઓક્ટોબરથી થશે, તો ફાઈનલ 14 ઓક્ટોબરે રમાશે. ભારત વિરુદ્ધ નવેમ્બરમાં લિમિટેડ ઓવરની સિરીઝ બાદ ન્યૂઝીલેન્ડની ટીમ સીધી 2023 ફેબ્રુઆરીમાં ઈંગ્લેન્ડ વિરુદ્ધ બે મેચની ટેસ્ટ સિરીઝ રમશે. ત્યારબાદ કીવી ટીમે શ્રીલંકાની યજમાની કરવાની છે.

**ભારતના ન્યૂઝીલેન્ડ પ્રવાસનો કાર્યક્રમ**

- પ્રથમ ટી20- 18 નવેમ્બર
- બીજી ટી20- 20 નવેમ્બર
- ત્રીજી ટી20- 22 નવેમ્બર
- પ્રથમ વનડે- 25 નવેમ્બર
- બીજી વનડે- 27 નવેમ્બર
- ત્રીજી વનડે- 30 નવેમ્બર

# મધ્ય પ્રદેશે ઈતિહાસ રચ્યો

- ફાઈનલમાં મુંબઈને હરાવી પહેલીવાર રણજી ટ્રોફી જીતી



ગુજરાત | વંદન

મધ્ય પ્રદેશની ટીમે શાનદાર પ્રદર્શન કરતા રણજી ટ્રોફી 2021-22નો ખિતાબ પોતાના નામે કરી લીધો છે. બેંગ્લુરુના એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાયેલી ફાઈનલ મેચમાં એમપીએ મુંબઈને 6 વિકેટે હરાવ્યું. મધ્ય પ્રદેશે પહેલીવાર રણજી ટ્રોફી જીતી. આ અગાઉ વર્ષ 1999માં ચંદ્રકાંત પંડિતની કેપ્ટનશીપમાં એમપીની ટીમ ફાઈનલ સુધી પહોંચી હતી. જ્યાં કર્ણાટકે તેને 96 રનથી હરાવી. ચંદ્રકાંત પંડિત હાલ એમપીના હેડ કોચ પણ છે.

**મુંબઈએ આપ્યો હતો 108 રનનો ટાર્ગેટ**

પાંચમા દિવસના શરૂઆતના સત્રમાં જ મુંબઈએ પોતાની બાકીની આઠ વિકેટ પણ ગુમાવી દીધી. જેના પગલે મુંબઈની બીજી ઈનિંગ 269 પર સમેટાઈ ગઈ. મુંબઈ માટે બીજી ઈનિંગમાં સુવેદ પારકરે સૌથી વધુ 51 રન કર્યા. જ્યારે સરફરાઝે 45 રન અને કેપ્ટન પૃથ્વી શોએ 44 રન કર્યા. એમપી તરફથી કુમાર કાર્તિકેયે સૌથી વધુ ચાર વિકેટ લીધી.

108 રનનો ટાર્ગેટ એમપીએ સરળતાથી મેળવી લીધો. એમપી માટે બીજી ઈનિંગમાં હિમાંશુ મંત્રીએ સૌથી વધુ 37 રનનું યોગદાન આપ્યું. જ્યારે શુભમ શર્મા અને રજત પાટીદારે 30-30 રનની ઈનિંગ રમી.

**ટોસ જીતીને મુંબઈએ લીધી હતી બેટિંગ**

ટોસ જીતીને મુંબઈએ પહેલા બેટિંગ કરતા પ્રથમ દાવમાં 374 રન કર્યા હતા. સરફરાઝ ખાને શાનદાર બેટિંગ કરીને 134 રન ખડક્યા. આ ઉપરાંત યશસ્વી જયસ્વાલે 78 અને પૃથ્વી શોએ 47 રનનું યોગદાન આપ્યું હતું. એમપી તરફથી ગૌરવ યાદવે ચાર અને અનુભવ અગ્રવાલે 3 વિકેટ લીધી હતી.

# રાજકોટમાં સ્પોર્ટસ કોમ્પ્લેક્સ બનશે

- 1200 પ્રેક્ષકો બેસી શકે તેટલું વિશાળ ઈન્ડોર સ્ટેડિયમ હશે, 19.80 કરોડનો ખર્ચ થશે

ગુજરાત | વંદન

રાજકોટ મહાનગરપાલિકાએ વેસ્ટ ઝોનમાં વોર્ડ નં. 12માં મવડી વિસ્તારમાં સ્પોર્ટસ કોમ્પ્લેક્સ બનાવવાની જાહેરાત કરી હતી. આખરે તે માટે તમામ વહીવટી પ્રક્રિયાઓ પૂરી થયા બાદ ટેન્ડર બહાર પાડ્યું છે જેમાં અંદાજિત બાંધકામ ખર્ચ 19.80 કરોડ બતાવ્યો છે. સ્પોર્ટસ કોમ્પલેક્સનો થ્રીડી વ્યૂ તેમજ વિગતો જાહેર કરાઈ છે જે મુજબ ત્રણ જગ્યાએ રમતો રમાશે જેમાં ખુલ્લા મેદાનમાં કોર્ટ પર 4 રમતો, પહેલા માળે 1200 પ્રેક્ષકો સમાઈ શકે તેટલું વિશાળ સ્ટેડિયમ તેમજ રમતો માટે કોર્ટ બનશે. પહેલા માળે શૂટિંગ રેન્જ તેમજ ચેસ કેરમ અને જીમ રહેશે.

## આવું હશે સ્પોર્ટસ કોમ્પ્લેક્સ




- 11831 ચો.મી. પ્લોટનું ક્ષેત્રફળ
- 9500 ચો.મી. બાંધકામ ક્ષેત્રફળ
- 10 મીટર આર્ચરી હોલ (મહિલા અને પુરુષોમાં અલગ-અલગ)
- 06 બેડમિન્ટન કોર્ટ બનશે
- ઓપન ગ્રાઉન્ડમાં સુવિધા
- પાર્કિંગ, બે ટેનિસ કોર્ટ, એક બાસ્કેટ બોલ કોર્ટ, એક વોલીબોલ કોર્ટ, સ્કેટિંગ રિંગ

**ગ્રાઉન્ડ ફ્લોરઃ** એડમિનિસ્ટ્રેશન એરિયા, વેઈટિંગ એરિયા, 1200 લોકોની ક્ષમતાનું ઈન્ડોર સ્ટેડિયમ, 6 બેડમિન્ટન કોર્ટ, એક મલ્ટીગેમ કોર્ટ, સ્કવોશ હોલ જેમાં બે કોર્ટ, છ ટેબલ ધરાવતો ટેબલ ટેનિસ હોલ, 10 મીટર આર્ચરી હોલ (મહિલા અને પુરુષોમાં અલગ-અલગ)

**પહેલો માળઃ** મહિલા અને પુરુષો માટે અલગ જીમ (21X8 મી.), મહિલા અને પુરુષો માટે અલગ યોગ હોલ (20x8 મી.), 28x8 મીટરની બે શૂટિંગ રેન્જ , 14x8 મીટરના ચેસ-કેરમ માટે બે હોલ

**સંઘર્ષ** તેજ રફતારના કારણે તેમને 'પય્યોલી એક્સપ્રેસ' પણ કહેવામાં આવે છે

# દેશભરની મહિલાઓનું મનોબળ વધારનાર રફતારની રાણી પીટી ઉષા પર સાઇનાની જેમ બાયોપિક બનશે

ગુજરાત | વંદન

ભારતના ટ્રેક એન્ડ ફીલ્ડના ઈતિહાસમાં મહિલા વર્ગમાં પીટી ઉષાનું નામ ખૂબ જ સન્માનપૂર્વક લેવામાં આવે છે. તેમની તેજ રફતારના કારણે તેમને 'પય્યોલી એક્સપ્રેસ' પણ કહેવામાં આવે છે. 80 અને 90નાં દાયકામાં પોતાના શાનદાર ખેલથી આખા દેશનું નામ રોશન કર્યુ હતુ. કેરળના કોઝિકોડીમાં આવેલા પય્યોલી ગામમાં 27 જૂન 1964નાં રોજ તેમનો જન્મ થયો. પરિવારની ગરીબીના કારણે એથ્લીટ બનવા માટે પીટી ઉષાને ખૂબ સંઘર્ષ કરવો પડ્યો. પરંતુ તમામ મુશ્કેલીઓને પાર કરીને તેઓ એક મહાન એથ્લીટ બન્યા અને દેશનું નામ રોશન કર્યુ.



## વર્ષ 2020માં તેમણે આપી હતી માહિતી

બાયોપિકની જાહેરાત થયાના 3 વર્ષ બાદ ફિલ્મ વિશે કોઈ મોટી માહિતી બહાર આવી ન હતી. પરંતુ વર્ષ 2020માં કોરોના મહામારી દરમિયાન જ્યારે પીટી ઉષાએ પોતે આ ફિલ્મ વિશે માહિતી આપી ત્યારે લોકોને ફરી આશા જાગી. જૂનમાં એક ઈન્ટરવ્યુ દરમિયાન તેમણે કહ્યું હતું કે ફિલ્મનું શૂટિંગ વર્ષના અંત સુધીમાં શરૂ થઈ જશે. તેમણે એમ પણ કહ્યું કે જો સ્પર્ધાઓ શરૂ થશે તો તેની પાસે ઘણો ઓછો સમય હશે. જેથી જે-તે અભિનેત્રીને પોતાના કેરેક્ટર અંગેની યોગ્ય તાલીમ નહીં આપી શકે. આ બાયોપિકનું શૂટિંગ ક્યારે શરૂ થશે તે અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

**લાંબા સમયથી બાયોપિક બનવાની ચર્ચા |** બોલીવુડમાં બાયોપિક બનાવવાનો રિવાજ ખૂબ જ જૂનો છે. છેલ્લા થોડા વર્ષોમાં અનેક ખેલાડીઓની બાયોપિક બની ચૂકી છે. આ લિસ્ટમાં પીટી ઉષાના નામની પણ ઘોષણા કરવામાં આવી. આ મહાન એથ્લીટ પર ફિલ્મ બનાવવાની વાત 2017માં સાંભળવા મળી હતી. પરંતુ કોઈને કોઈ કારણોસર આ ફિલ્મનું શૂટિંગ ટાળી દેવામાં આવ્યું.

# એક સમયનો જાણીતો અમ્પાયર અસદ રઉફ હવે નાનકડી દુકાનમાં વેચે છે જૂતા

ગુજરાત | વંદન

એક સમયે આઈસીસીની એલિટ પેનલમાં સામેલ પાકિસ્તાનના જાણીતા અમ્પાયર અસદ રઉફ હવે લાહોરના બજારમાં એક નાનકડી દુકાનમાં જૂતા વેચી રહ્યા છે.રઉફે એક પાક ચેનલ સાથે વાત કરતા કહ્યુ હતુ કે, 2013 પછી મેં ક્રિકેટ સાથે કોઈ નાતો રાખ્યો નથી. કારણકે હું જે કામ છોડુ છુ તેને કાયમ માટે છોડી દઉં છું. જોકે મહેનત કરવી મારા લોહીમાં છે અને જીવતો રહીશ ત્યાં સુધી કામ કરીશ. હું અત્યારે 66 વર્ષનો છું અને મારા પગ પર ઉભો છું. લોકોએ કામ કરતા રહેવુ જોઈએ.



રઉફ પર ભ્રષ્ટાચારમાં સામેલ હોવાનો આરોપ મુકીને ભારતના ક્રિકેટ બોર્ડે તેમના પર પાંચ વર્ષનો પ્રતિબંધ લગાવ્યો હતો. તેમના પર સટોડિયાઓ પાસેથી ગિફ્ટ લેવાનો આરોપ હતો. 2013માં આઈપીએલના ફિક્સિંગ કાંડમાં પણ તેમની સંડોવણી બહાર આવી હતી. રઉફ પર 2012માં મુંબઈની એક મોડેલે પણ યૌન શોષણ કરવાનો આરોપ રઉફ પર મુકયો હતો અને કહ્યુ હતુ કે, રઉફે મારી સાથે લગ્ન કરવાનો વાયદો કર્યો હતો અને બાદમાં ફરી ગયા હતા. 49 ટેસ્ટ, 98 વન ડે મેચોમાં અસદ રઉફ અમ્પાયરિંગ કરી ચુકયા છે.

## બાઈડન સામેથી મળવા આવ્યાં, ખડખડાટ હસ્યા..

# G-સેવનમાં મોદી નંબર વન, મેક્રોન સાથે ચાય પે ચર્ચા...





ગુજરાત | વંદન

વડાપ્રધાન નરેન્દ્ર મોદી જી-7 સમિટમાં ભાગ લેવા માટે જર્મનીના એલમાઉ પહોંચ્યા છે. અહીં પીએમ નરેન્દ્ર મોદીનો દબદબો જોવા મળ્યો હતો. તેમના પ્રવાસની ઘણી તસવીરો સામે આવી હતી. સમિટ દરમિયાન એવી ઘણી ક્ષણો આવી હતી જેને ભારતના વધતા કદ તરીકે જોવામાં આવી રહી છે. આ દરમિયાન એવું પણ જોવા મળ્યું હતું કે યુએસ પ્રેસિડેન્ટ જો બાઈડન પીએમ મોદી સાથે હાથ મિલાવવા પાછળ દોડી આવ્યા હતા. પીએમ મોદીએ તેમની સાથે ખૂબ જ ઉષ્મા સાથે હાથ મિલાવ્યા હતા. તેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.


પી.એમ.નરેન્દ્ર મોદી જર્મનીના શ્લોસ એલમાઉમાં જી-7 સમિટ દરમિયાન ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન સાથે ચા પર ચર્ચા કરતા જોવા મળ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી જી-7 સમિટમાં ભાગ લેવા માટે જર્મની પહોંચતા જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝે તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. આ પછી, જી-7 ના સભ્યો અને મુલાકાતી દેશોના રાષ્ટ્રાધ્યક્ષોએ પણ સાથે ફોટા પડાવ્યા.

વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે પીએમ નરેન્દ્ર મોદીએ ક્લાઈમેટ, એનર્જી અને હેલ્થ પર જી-7 સત્રમાં ગ્રીન ડેવલપમેન્ટ, ક્લીન એનર્જી, સસ્ટનેબલ જીવનશૈલી અને વૈશ્વિક સુખાકારી તરફ ભારતના પ્રયાસો પર પ્રકાશ પાડ્યો હતો. નરેન્દ્ર મોદીએ જી-7 સમિટ દરમિયાન મ્યુનિકમાં આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ સાથે વાતચીત કરી. આ દરમિયાન બંને દેશોના નેતાઓએ ભારત અને આર્જેન્ટિના વચ્ચે વ્યાપારી અને સાંસ્કૃતિક સંબંધોને ગાઢ બનાવવાના માર્ગો પર ચર્ચા કરી હતી.

## ગળુ કાપી હત્યા કરવાના ત્રણ ઈ-મેઈલ મળ્યા હોવાનો દાવો

# નવીન જિંદાલને કન્હૈયાલાલની જેમ જાનથી મારી નાખવાની મળી ધમકી

ગુજરાત | વંદન



નુપૂર શર્માની પયગંબર મોહમ્મદ પર વિવાદાસ્પદ ટિપ્પણી બાદ બીજેપીમાંથી હાંકી કાઢવામાં આવેલા નવીન જિંદાલને જાનથી મારી નાખવાની ધમકી મળી છે. તેમણે કહ્યું કે ધમકીભર્યા 3 ઈ-મેલ મળ્યા છે, જેમાં ઉદયપુરના કન્હૈયા લાલની જેમ ગળું કાપીને હત્યા કરી દેવાની ધમકી આપી છે. મારા પરિવારને પણ મારી નાખવાની ધમકી આપવામાં આવી છે. રાજસ્થાનના ઉદયપુરના ધનમંડી વિસ્તારમાં દરજી કન્હૈયાની ગળું કાપીને ક્રૂરતાપૂર્વક હત્યા કરવામાં આવી હતી. પોલીસે હત્યામાં સામેલ રિયાઝ મોહમ્મદ અને ગોસ મોહમ્મદની રાજસમંદ જિલ્લાથી ધરપકડ કરી હતી. રાજસ્થાનમાં ઘટના બાદ સમગ્ર દેશમાં હાલ પોલીસ અલર્ટ થઈ ચૂકી છે. આખા રાજસ્થાનમાં 144 લાગૂ કરી દેવામાં આવ્યું છે. તો બીજી તરફ રાજ્ય સરકાર દ્વારા કનૈયાલાલના પરિવારને 31 લાખ રૂપિયાની આર્થિક મદદ આપવામાં આવશે. સાથે જ પરિવારના બે સભ્યોનો નોકરી આપવાની પણ જાહેરાત કરવામાં આવી છે. સરકારે આ મામાલે આરોપી સાથે સમાધાન કરનારા ASI ભંવર લાલને સસ્પેન્ડ કરી દીધા છે.

### ઉદયપુર દરજી હત્યાકાંડની તપાસ NIA કરશે, આતંકવાદી કનેક્શનની આશંકા

ઉદયપુર હત્યાકાંડની તપાસ NIAની ટીમ કરશે. એવું કહેવાય છે કે, તપાસ એજન્સીઓને આ સમગ્ર કેસમાં આતંકવાદી ષડયંત્રની ગંધ આવી રહી છે. NIAની ટીમ બન્ને આરોપીઓની પ્રોફાઈલ ચકાસી રહી છે કે, આ લોકો કોના-કોના સંપર્કમાં હતા. બન્ને આરોપીઓનું પાકિસ્તાન કનેક્શન પણ સામે આવી શકે છે.

# સોનિયા ગાંધીના અંગત સચિવ સામે દુષ્કર્મની ફરિયાદથી સનસનાટી મચી

■ મહિલાનો દાવો લગ્નની લાલચ આપી અનેક વખત જાતીય શોષણ કર્યું

ગુજરાત | વંદન

કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીના અંગત સચિવ પીપી માધવન પર 26 વર્ષીય મહિલાએ દુષ્કર્મનો આરોપ લગાવ્યો છે. પોલીસે મહિલાની ફરિયાદ પર 25 જૂને કેસ નોંધીને તપાસ શરૂ કરી દીધી છે. ઉત્તર નગર પોલીસ સ્ટેશનમાં મહિલાએ ફરિયાદમાં જણાવ્યુ છે કે માધવને નોકરી અને લગ્નની લાલચ આપી હતી. હાલ પોલીસ આરોપીની શોધખોળ કરી રહી છે. પીડિતાના જણાવ્યા અનુસાર 21 જાન્યુઆરી 2022એ આરોપીએ પીડિતાને ઈન્ટરવ્યુ માટે સુંદર નગર સ્થિત એક મકાનમાં બોલાવી. આરોપ છે કે પીડિતાની સાથે ઘણીવાર દુષ્કર્મ કરવામાં આવ્યુ.

સોનિયા ગાંધીના અંગત સચિવ પીપી માધવન સામે દુષ્કર્મનો આરોપ લગાવનારી પીડિતાએ કહ્યુ છે કે આરોપીએ તેનાથી સત્ય છુપાવ્યુ. માધવનના ફોન કોલથી જ તેને તે પરિણીત હોવાની જાણકારી મળી. પીપી માધવને પહેલા પોતાને છુટાછેટા લીધા હોવાનુ જણાવ્યુ હતુ. તપાસ દરમિયાન પીડિતાએ પોલીસને આપવામાં આવેલા નિવેદનમાં જણાવ્યુ છે કે પીપી માધવને તેની સાથે લગ્ન કરવાનુ વચન આપ્યુ હતુ. તેમણે પોતે છુટાછેટા લીધેલા હોવાનુ જણાવ્યુ હતુ. એક દિવસ પીપી માધવન પીડિતા સાથે ફોન પર વાત કરી રહ્યા હતા તો અચાનક તેમણે કહ્યુ કે તેમની પત્નીને પીડિતા વિશે જાણ થઈ ગઈ છે. પત્નીથી આ વાત છુપાવવા માટે તેઓ હવે ફોનમાં તેનુ નામ બદલીને લખશે, જેથી આ સંબંધનો ખુલાસો પત્નીની સામે ના થાય. જોકે આ ઘટના બાદથી પીડિતાએ માધવનનો વિરોધ કરવાનુ શરૂ કરી દીધુ હતુ.

## 24 કલાકમાં નવા 14,000થી વધારે કેસ, 30ના મોત

ગુજરાત | વંદન

ભારતમાં કોરોનાના કેસો ફરી એક વાર રફ્તાર પકડતા દેખાઈ રહ્યા છે. દેશમાં છેલ્લા 24 કલાકમાં 14506 નવા કેસ સામે આવ્યા છે. તેની સાથે જ કોરોનાના એક્ટિવ કેસોની સંખ્યા 99,602 થઈ ગઈ છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, ભારતમાં સંક્રમણથી વધુ 30 લોકોના મોત થયા છે. મૃત્યાંક વદીને 5,25,077 થઈ ગઈ છે. દેશમાં કોવિડ 19ની સારવાર લઈ રહેલા કેસોની સંખ્યા વધીને 99,602 થઈ ગઈ છે.

## પ્રથમ તબકકે સ્ટાર હોટલ તથા ચેઈન રેસ્ટોરાં-કાફેમાં અમલ

# હોટલ રેસ્ટોરાંના મેનુ કાર્ડમાં કેલેરી દર્શાવી ફરજિયાત બનાવાશે

ગુજરાત | વંદન



મોટી-જાણીતી હોટલ-રેસ્ટોરાંમાં પીરસાતુ સારૂ- સ્વાદિષ્ટ ભોજન આરોગ્યપ્રદ જ હોવાની માન્યતા ભુલ ભરેલી છે. ગ્રેવી તથા તેલમાં તળેલા ભોજન માટે સ્વાદિષ્ટ લાગે પરંતુ આરોગ્યની દ્રષ્ટિએ કદાચ યોગ્ય ન હોય પરંતુ હવે 1લી જુલાઈથી તેમાં મોટું પરિવર્તન આવી રહ્યું છે. રેસ્ટોરાં-કાફેમાં અપાતા ભોજનમાં કેટલી કેલેરી છે તે દર્શાવવાનું ફરજીયાત બની રહ્યું છે. હોટલ-રેસ્ટોરાં ઉદ્યોગના સૂત્રોએ કહ્યું કે ફુડ સેફટી એન્ડ સ્ટાંડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડીયા દ્વારા તમામ સ્ટાર હોટલ, રેસ્ટોરાં-કાફે ચેઈન માટે મેનૂની દરેક ખાદ્યચીજમાં કેલેરીની માત્રા દર્શાવવાનું ફરજીયાત બનાવવામાં આવી રહ્યું છે.

ફુડ નિયમનકાર દ્વારા 'મેનુ લેબલીંગ' માર્ગદર્શિકા આપી દેવામાં આવી છે. અમદાવાદમાં આ માટે ખાસ વર્કશોપ પણ યોજવામાં આવ્યો હતો અને તેમાં જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મેનુ કાર્ડમાં પ્લેટમાં પીરસાનારી ખાદ્યચીજનું વજન, ભાવની સાથે તેની કેલેરી માત્રા પણ દર્શાવવાની રહેશે..

ફુડ સેફટી એન્ડ સ્ટાંડર્ડ ઓથોરીટીના આસીસ્ટંટ ડાયરેકટર (ટેકનીકલ) સુકન્યા પોન્ડુગાલાએ કહ્યું કે 1લી જુલાઈથી દેશભરમાં 'મેનુ લેબલીંગ' કાયદો અમલમાં આવી રહ્યો છે. પ્રથમ તબકકે સ્ટાર હોટલ તથા રેસ્ટોરાં-કાફે ચેઈનમાં લાગુ પડશે. 10થી વધુ ચેઈન રેસ્ટોરાં હોય તેનો અમલ કરવો પડશે. આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત તે અમલી બનાવવામાં આવી રહ્યો છે. લોકોને આરોગ્યપ્રદ- યોગ્ય ભોજન લેવા તથા શારીરિક રીતે ફીટ રાખવાનો ઉદેશ છે. 1લી જુલાઈથી લાગુ થતો હોવા છતાં પ્રારંભીક મુશ્કેલીઓ અપેક્ષિત છે અને એટલે થોડો 'સમય' આપવામાં આવશે.

હોટલ-રેસ્ટોરાં નિયમોનો અમલ ન કરે તો ગ્રાહકો ઓનલાઈન ફરિયાદ કરી શકે છે અને તેના આધારે પેનલ્ટી જેવી જોગવાઈઓ છે. નિયમ લાગુ પડી શકે તેવી સેંકડો હોટલ તથા હજારો રેસ્ટોરાં કાફે છે તેમાં ખાસ કરીને યુવા વર્ગ આડેધડ ખાદ્યચીજો આરોગતો હોય છે. સ્ટાર હોટલ સંચાલકોએ કહ્યું કે આરોગ્યપ્રદ ભોજન સારી વાત છે. પરંતુ મુખ્ય ચિંતા 'શેફ'ની છે.

ભોજન બનાવનારા અલગ-અલગ હોય છે. તેઓ કેલેરીની માત્રા જાળવી શકે કે કેમ તે સવાલ છે. 25 ટકા ફેરફારની છુટ્ટ આપવામાં આવી હોવાથી વાંધો નહીં આવે પરંતુ મોટી ચિંતા અધિકૃત વેપારીઓ પાસેથી જ ખરીદી કરવાના નિયમની છે તેનો અમલ મુશ્કેલ છે અને તેનાથી પડતર ખર્ચ વધી શકે તેમ છે. કારણ કે ઘણા કિસ્સામાં ખેડૂતો કે હોલસેલ વેપારીઓ પાસેથી જ સીધી ખરીદી થતી હોય છે.

# કોંગ્રેસશાસિત રાજસ્થાન પર અંબાણી-અદાણી થયા મહેરબાન

■ 1.68 લાખ કરોડના રોકાણની તૈયારી

ગુજરાત | વંદન


રાહુલ ગાંધી સહિતના તમામ કોંગ્રેસી નેતાઓ કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર પર નિશાન સાધવા માટે મુકેશ અંબાણી તથા ગૌતમ અદાણીનું નામ લે છે. કોંગ્રેસીઓ દ્વારા આ સરકાર પર અંબાણી-અદાણીની સરકાર હોવાનો આરોપ લગાવવામાં આવે છે. ત્યારે રાજસ્થાનમાં અશોક ગેહલોતના નેતૃત્વવાળી કોંગ્રેસ સરકારને 'ઈન્વેસ્ટ રાજસ્થાન' અંતર્ગત જે સૌથી મોટા રોકાણ પ્રસ્તાવો મળ્યા છે તેમાં ગૌતમ અદાણીના નેતૃત્વવાળા અદાણી જૂથ તથા મુકેશ અંબાણીની અધ્યક્ષતાવાળી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના પ્રસ્તાવનો સમાવેશ થાય છે.

આ અંગે કરવામાં આવેલી એક આરટીઆઈ (RTI)ના જવાબમાં બ્યુરો ઓફ ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન (BOIP)દ્વારા કહેવામાં આવ્યું છે કે, બંને કોર્પોરેટ હાઉસે ડિસેમ્બર 2021 અને માર્ચ 2022 દરમિયાન લેટર ઓફ ઈન્ટેટ (LOI)/ MOUમાં 1.68 લાખ કરોડ રૂપિયાથી પણ વધારેના રોકાણનું વચન આપ્યું હતું. તે 9,40,453 કરોડ રૂપિયાના આશરે 18 ટકા છે.

તેમ છતાં કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કેન્દ્રની ભાજપ સરકાર પર ક્રોની કેપિટલિઝમનો આરોપ લગાવ્યો છે. તેમણે ફેબ્રુઆરી મહિના દરમિયાન લોકસભામાં અદાણી તથા અંબાણીને ભારતીય અર્થતંત્રના ફેલ રહેલા 'ડબલ એ વેરિએન્ટ' તરીકે પરિભાષિત કર્યા હતા. અગાઉ પણ તેમણે કેન્દ્રની ભાજપના નેતૃત્વવાળી સરકાર પર આ પ્રકારના કટાક્ષ કર્યા હતા.

# સરકારે દુનિયાનો સૌથી વધુ વજનદાર સોનાના સિક્કાની શોધ શરૂ કરી

ગુજરાત | વંદન



લગભગ ચાર દશક સુધી એક સિક્કો શોધવાના નિષ્ફળ પ્રયાસ પછી સરકારે ફરી એકવાર આ કલાકૃતિની ખોજ શરુ કરી છે. તમને જણાવી દઈએ કે આ કોઈ સામાન્ય સિક્કો નથી. સરકારને 12 કિલો વજનના એક સોનાના સિક્કાની શોધ છે. કહેવામાં આવે છે કે તે દુનિયાનો સૌથી મોટો સિક્કો છે. આ સિક્કો અંતિમ વાર હૈદરાબાદના આઠમા નિઝામ મુકર્રમ જાહ પાસે જોવા મળ્યો હતો. કહેવામાં આવે છે કે કથિત રીતે તેમણે આ સિક્કાને સ્વિસ બેન્કને વેચવાનો પ્રયત્ન કર્યો હતો. નિઝામને આ સિક્કો તેમના દાદા તેમજ હૈદરાબાદના અંતિમ નિઝામ મિર ઓસમાન અલી ખાને આપ્યો હતો. CBI આ સિક્કાને શોધવામાં નિષ્ફળ સાબિત થઈ છે.

ઉલ્લેખનીય છે કે હૈદરાબાદના અંતિમ નિઝામને આ સોનાનો સિક્કો બાદશાહ જહાંગીર પાસેથી મળ્યો હતો. મૌલાના આઝાદ નેશનલ ઉર્દુ યુનિવર્સિટીના એચકે શેરવાની સેન્ટર ફોર ડેક્કન સ્ટડીઝના ઈતિહાસકાર સલમા અહમદ ફારુકી જણાવે છે કે, આ સિક્કો અમૂલ્ય છે અને હૈદરાબાદનું ગૌરવ છે. નોંધનીય છે કે સલમા ફારુકીએ દુનિયાના સૌથી મોટા સોનાના સિક્કાના ઈતિહાસ અને વારસા પર સંશોધન કર્યું છે.

# મુકેશ અંબાણીનું જિયોના ડાયરેક્ટરપદેથી રાજીનામું, 30 વર્ષીય આકાશ અંબાણી ચેરમેન

ગુજરાત | વંદન



દેશના સૌથી મોટા ટેલિકોમ સર્વિસ પ્રોવાઈડર રિલાયન્સ જીયોના ડાયરેક્ટર પદેથી રિલાયન્સ ગ્રુપના ચેરમેન મુકેશ અંબાણીએ રાજીનામું આપી દીધું છે. મુકેશ અંબાણીએ રાજીનામું આપ્યા બાદ રિલાયન્સ જીયોના નવા ડાયરેક્ટર તરીકે મુકેશ અંબાણીના પુત્ર આકાશ અંબાણીની નિમણૂંક કરવામાં આવી છે. આ નવી નિમણૂંકને કંપનીના બોર્ડે મંજૂરી આપી દીધી છે. મહત્વનું છે કે, રિલાયન્સ જીયો દેશની ટોચની ઈન્ટરનેટ અને ટેલિકોમ સુવિધા આપતી દિગ્ગજ કંપની છે.

## ઉદયપુરની ઘટના પર ભડક્યા ડચ સાંસદ, કહ્યું- 'જેહાદીઓથી હિન્દુત્વને બચાવો'

ગુજરાત | વંદન

ઉદયપુરમાં કન્હૈયાલાલની ધોળે દિવસે તાલિબાન સ્ટાઈલમાં કરાયેલી નિર્મમ હત્યાથી માત્ર દેશની અંદર જ નહીં પરંતુ વિદેશમાં પણ ખળભળાટ મચી ગયો છે અને વિરોધ શરૂ થયો છે. નેધરલેન્ડના સાંસદ ગિર્ટ વિલ્ડર્સે આકરા શબ્દો આ ઘટનાની ટીકા કરી છે. અત્રે જણાવવાનું કે જે સમયે દુનિયાભરના દેશ નુપુર શર્માના નિવેદનની ટીકા કરી રહ્યા હતા ત્યારે ગિર્ટે નુપુરના સમર્થનમાં પોસ્ટ કરી હતી. હવે તેમણે કહ્યું કે કટ્ટરવાદ, આતંકવાદ અને જેહાદીઓથી હિન્દુત્વને બચાવવું જરૂરી છે.

ઉદયપુરની ઘટના બાદ એક ટ્વીટમાં ગિર્ટ વિલ્ડર્સે કહ્યું કે 'ભારત, હું તમને એક મિત્ર માનીને કહી રહ્યો છું, અસહિષ્ણુતા પ્રત્યે સહિષ્ણુ થવાનું બંધ કરી દો. જેહાદીઓ, આતંકવાદીઓ અને કટ્ટરપંથીઓ સામે હિન્દુત્વની રક્ષા કરો. ઈસ્લામના તૃષ્ટિકરણ ન કરો નહીં તો તેની કિંમત ચૂકવવી પડશે. હિન્દુઓને એવા નેતાઓની જરૂર છે જે તેમની સો ટકા રક્ષા કરે.'

અત્રે જણાવવાનું કે ગિર્ટ વિલ્ડર્સે નુપુર શર્માના સમર્થનમાં ટ્વીટ કરીને કહ્યું હતું કે આ ખુબ હાસ્યાસ્પદ છે કે જ્યારે નુપુર શર્માએ સાચુ કહ્યું તો અરબ અને ઈસ્લામિક દેશો ભડકેલા છે.

## 1950 પછીના 6 સૌથી ભયંકર ભૂકંપની વિનાશકારી ગાથા, જો કે તેમાં કચ્છનો સમાવેશ નથી

# 10 લાખના મોત-લાખો ઘાયલ, લાખો મકાનો ધરાશાયી

ગુજરાત | વંદન

22 જૂન, 2022ના રોજ અફઘાનિસ્તાનમાં 5.9ની તીવ્રતાવાળા ભૂકંપમાં 1100 કરતાં વધારે માર્યા ગયા છે. 1600 ઘાયલ થયા છે અને અંદાજે 3 હજાર મકાનો નાશ પામ્યા છે. આ અગાઉ 2005માં અફઘાન સહિત કાશ્મિરમાં ભારે ભૂકંપ આવ્યો હતો.

ગુજરાત 26 જાન્યુ.2001ના કચ્છના વિનાશકારી ભૂકંપને હજુ ભૂલ્યુ નથી કચ્છમાં હજુ પણ હજારો ભૂકંપગ્રસ્તો તેને યાદ કરતા હશે. ગુજરાતમાં તે દિવસે સવારે 8.46 વાગે 7.7ની તીવ્રતાવાળો ભૂકંપ આવ્યો હતો ગુજરાત અને સમગ્ર દેશ તે વખતે 52માં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરી રહ્યું હતું ત્યારે આ વિનાશકારી ભૂકંપે તબાહી મચાવી હતી. તેની તીવ્રતાને લઈને વિશ્વના 1950 પછીના જે ભારે ઘાતક અને વિનાશકારી ભૂકંપોમાં તેનો કદાજ સમાવેશ કરાયો નહીં હોય. તેમ છતાં તેમાં 13 હજાર કરતાં વધારે લોકો માર્યા ગયા હતા અને હજારો મકાનો-ઈમારતોને અસર થઈ હતી. કચ્છમાં તો કેટલાય ગામો ધરતીમાં સમાઈ ગયા હતા.ભૂકંપ નિષ્ણાતોની દ્રષ્ટિએ સામાન્ય રીતે નોંધાયેલા સૌથી ભયંકર ધરતીકંપો સૌથી મજબૂત ધરતીકંપો હોતા નથી. જાનહાનિ એ ઘણીવાર ભૂકંપની ઊંડાઈ (છીછરા ભૂકંપો વધુ નુકસાન પહોંચાડે છે), વસ્તીની ગીચતા અને ઢળી પડે તે પહેલાં ઈમારતો અને અન્ય માળખાં કેટલુ સહન કરી શકે છે તેનાં પરથી માપદંડ નક્કી કરવાની એક ગણતરી રહેલી છે. આ ગણતરીના આધારે નિષ્ણાતોએ 1950 પછીના વિનાશકારી ભૂકંપોની યાદી તૈયાર કરી છે. જેમાં કુલ મળીને અંદાજે 10 લાખ સકરતાં વધારે લોકો માર્યા ગયા હતા અને લાખોની સંખ્યામાં ઘાયલ થયા હતા.કેટલાક ધરતીકંપો, જેમ કે 2004નો હિંદ મહાસાગરનો ભૂકંપ અને 2011માં જાપાનનો ગ્રેટ સેન્ડાઈ ધરતીકંપ, જેના કારણે સુનામી આવ્યું અને વધારાનનું નુકસાન અને જાનહાનિ થઈ હતી. તેનાથી વિપરીત, 1960 અને 2010 ના ચિલી ધરતીકંપ જેવા અત્યાર સુધી નોંધાયેલા બે સૌથી શક્તિશાળી ભૂકંપમાં મૃત્યુઆંક પ્રમાણમાં ઓછો હતો.

**કાશ્મીર ભૂકંપ (પાકિસ્તાન પ્રશાસિત કાશ્મીર)-2005**| 8 ઓક્ટોબર, 2005ના રોજ કાશ્મીર પ્રદેશ અને પાકિસ્તાનના ઉત્તર-પશ્ચિમ સરહદી પ્રાંત (NWFP)ના પાકિસ્તાન પ્રશાસિત ભાગમાં 7.6 ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો; તેની અસર ભારત અને અફઘાનિસ્તાનના નજીકના ભાગોને પણ થઈ. કાશ્મીરમાં ઓછામાં ઓછા 79,000 લોકો માર્યા ગયા અને 32,000 થી વધુ ઈમારતો ધરાશાયી થઈ હતી, ભારત અને અફઘાનિસ્તાનમાં વધારાની જાનહાનિ અને વિનાશ નોંધાયો, જે સમકાલીન સમયના



### વિનાશકારી ભૂકંપ સામે માનવી આજે પણ લાચાર અને વામણો, આગાહી થઇ શકતી નથી

સૌથી વિનાશક ધરતીકંપોમાંનો એક છે. ભૂકંપનો સમય કમનસીબીમાં ઉમેરાયો કારણ કે તેનાથી બચી ગયેલા લાખો લોકોને તે પછીના કાતિલ શિયાળાના હવામાનમાં ભારે સહન કરવુ પડ્યું હતું.

**સિયુઆન ધરતીકંપ (સિયુઆન પ્રાંત, ચીન)-2008**| 2008 ના સિચુઆન ધરતીકંપને કારણે સમગ્ર પ્રદેશમાં 5 મિલિયન(50 લાખ)થી વધુ લોકો બેઘર થઈ ગયા હતા, અને પ્રારંભિક ધરતીકંપની ઘટના અને નજીકના સરોવરમાંથી પાણી છોડવાથી બેઇચુઆન શહેરનો અડધો ભાગ નાશ પામ્યો હતો. 12 મે, 2008ના રોજ આવેલા ભૂકંપે દક્ષિણ-પશ્ચિમ ચીનના સિચુઆન પ્રાંતના પર્વતીય મધ્ય પ્રદેશમાં ભારે વિનાશ લાવ્યો હતો. પ્રાંતિય રાજધાની ચેંગડુથી ઉત્તર-ઉત્તરપશ્ચિમમાં આશરે 60 માઈલ (100 કિમી) દૂર વેનચુઆન શહેરમાં -7.9ની તીવ્રતાના ભૂકંપ (ચીની વૈજ્ઞાનિકો દ્વારા 8.0ની તીવ્રતા તરીકે માપવામાં આવેલ)નું કેન્દ્ર હતું; તે વિસ્તારના કેટલાક ચાર-પાંચમા ભાગના બાંધકામો સપાટ થઈ ગયા હતા. પહાડો પરના આખા ગામો અને નગરો નાશ પામ્યા હતા.

**ગ્રેટ પેરુવિયન ધરતીકંપ (પશ્ચિમ પેરુ)1970**| આ ધરતીકંપ 31 મે, 1970 ના રોજ પેરુના દરિયાકિનારે ઉદ્ભવ્યો હતો, અને મોટા પ્રમાણમાં ભૂસ્ખલન થયું હતું જેના કારણે ઘણી નબળી બાંધવામાં આવેલી ઈમારતો પડી ગઈ હતી. અંદાજે 70,000 લોકો મૃત્યુ પામ્યા. સૌથી વધુ નુકસાન એપી સેન્ટરની નજીકના દરિયાકાંઠાના નગરોમાં અને સાંતા નદીની ખીણમાં થયું હતુ. સૌથી વિનાશક ભૂસ્ખલન પેરુના સૌથી ઊંચા પર્વત, માઉન્ટ હુઆસ્કારન પરથી પડ્યો હતો, જે પશ્ચિમ-મધ્ય એન્ડીસમાં સ્થિત છે. ઝડપથી આગળ વધતા બરફના તોફાનોએ યુંગે ગામને ગળી લીધું હતું, રાનરાહિરકાનો ઘણો ભાગ દફનાવ્યો અને વિસ્તારના અન્ય ગામોને તબાહ કરી નાખ્યા હતા.

**હિંદ મહાસાગર ભૂકંપ અને સુનામી (ભારત મહાસાગર બેસિન)-2004**| 26, ડિસેમ્બર, 2004 ના રોજ, સ્થાનિક સમય મુજબ સવારે

...અનુસંધાન પાના નં.06

# હિના ખાને ફરી બતાવ્યો પોતાનો બોલ્ડ અંદાજ

## બીચ પર લીલા રંગની બિકીનીમાં કરાવ્યું હૉટ ફોટોશૂટ



ટીવી સ્ટાર હિના ખાન સૌથી ફેશનેબલ અને સુંદર એક્ટ્રેસમાની એક ગણાય છે. તે પોતાની સુંદરતાની તસવીરો અને વીડિયો ફેન્સ સાથે શેર કરતી રહે છે. તાજેતરમાં જ એક્ટ્રેસે પોતાના ઈન્સ્ટા પર કેટલીક ખાસ તસવીરો શેર કરીને ફેન્સના દિલ જીતી લીધા છે. હિના ખાન હાલમાં બીચ પર વેકેશન મનાવવા પહોંચી હતી, ત્યાંથી તેને બિકીની તસવીરો શેર કરી છે, આ તસવીરોમાં તે એકદમ હૉટ અને સેક્સી લાગી રહી છે. હિના લીલી મોનોકિનીમાં જબરદસ્ત પૉઝ આપતી દેખાઈ રહી છે. હિનાએ લીલી રંગના સ્ટાઈલિશ સ્વિમસૂટ બિકીની પહેરી છે, અને પોતાના કર્લી વાળને ખુલ્લા રાખ્યા છે. તેને પોતાનુ સેક્સી ફિગર એવી રીતે ફ્લૉન્ટ કર્યુ છે કે લોકો તેના પર ફિદા થઈ ગયા છે. હિના ખાન બીચ પર બિકીની પહેરીને ફરી રહી છે, અને તેના બેકગ્રાઉન્ડમાં તેની મોનોકનીનો કલર કૉન્ટ્રાસ્ટ કરી રહ્યો છે. એટલુ જ નહીં તેને પોતાના લૂકને વધુ ખાસ બનાવવા માટે ફન્કી સનગ્લાસીસ પહેરેલા છે, આમાં તે ખુબ એટ્રેક્ટિવ લાગી રહી છે. હિના કલરફૂલ દુપટ્ટા પણ વીંટાળ્યો છે, આ તસવીરો તેના દુબઈ ટ્રિપની છે.

# અમેરિકી અભિનેત્રી એમ્બર હર્ડ દુનિયાની સૌથી ખૂબસુરત મહિલા



## વૈજ્ઞાનિક ટેકનિકની ચકાસણીમાં ચહેરો 91.85 ટકા 'એક્યુરેટ'

એમ્બર હર્ડ પોતાના ભૂતપૂર્વ પતિ જોની ડેપ સાથેના વિવાદ અને મુકદમાને કારણે ચર્ચામાં છે. એક રિપોર્ટ અનુસાર, અમેરિકન એક્ટ્રેસ એમ્બર હર્ડ વિશ્વનો સૌથી સુંદર ચહેરો ધરાવતી મહિલા છે. વૈજ્ઞાનિકનું માનવું છે કે, એક્ટ્રેસ એમ્બર હર્ડનો. ચહેરો બધી રીતે પરફેક્ટ છે. યુકે સ્થિત કોસ્મેટિક સર્જનની સ્ટડી મુજબ, મેપિંગમાં અંબરની આંખો, નાક, હોઠ, હડપચી અને ફેશિયલ શેપનુ મેઝરમેન્ટ લેવામાં આવ્યુ હતુ.

ડૉ.જુલિયન સિલ્વાનુ કહેવુ છે કે, અમે એક કોમ્પ્યુટર મેપિંગ ટેકનિકનો ઉપયોગ કરીએ છે અને તેના આધારે સચોટ તારણ કાઢી શકાય છે. સુંદરતાના મામલામાં બીજા ક્રમે કિમ કાર્દશિયન અને ત્રીજા ક્રમે બ્રિટિશ મોડેલ કેટ મોસ રહી છે. જેના આધારે ખબર પડી છે કે, અંબરનો ચહેરો આ ધારાધોરણ પ્રમાણે 91.85 ટકા સુધી એક્યુરેટ છે. તેણીએ 2016માં પોતાના ચહેરાની સુંદરતા માપવા માટે ગ્રીક ગોલ્ડન રેશિયોનો ઉપયોગ કર્યો હતો. જેને બ્યુટી ફી પણ કહેવામાં આવે છે. હજારો વર્ષથી પરફેક્ટ ચહેરાને માપવા માટે આ ફોર્મ્યુલા વપરાય છે.

# 'હું ભીખારી છું, મને કામ આપો', છેલ્લા બે વર્ષથી નવરી બેઠી છે નિયા શર્મા



એક્ટ્રેસ નિયા શર્માએ 2010માં એક્ટિંગ કરિયરની શરૂઆત કરી હતી. 'એક હજારો મેં મેરી બહેના હૈ', 'જમાઈ રાજા', 'ઈશ્ક મેં મરજાવાં', 'નાગિન 4' જેવી સીરિયલોમાં કામ કરીને નિયા ટીવીની ટોચની અભિનેત્રી બની ગઈ હતી. પરંતુ નિયા શર્મા છેલ્લા બે વર્ષથી એક્ટિંગથી દૂર છે. ફેન્સ તેના કમબેકની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. નિયા છેલ્લે ટીવી શો 'નાગિન 4'માં જોવા મળી હતી. જે બાદ તેણે એકાદ મ્યૂઝિક વિડીયો અને વેબ સીરીઝમાં કામ કર્યું હતું. નિયા શર્માએ હાલ એક્ટિંગથી કેમ દૂરી બનાવી લીધી છે અને ઓફર મળવામાં કેવી મુશ્કેલી નડી રહી છે તે અંગે વાત કરી છે.નિયા શર્મા હાલ મ્યૂઝિક વિડીયો 'હેરાન'ને લઈને ચર્ચામાં છે. મ્યૂઝિક વિડીયોના પ્રમોશન દરમિયાન આપેલા એક ઈન્ટરવ્યૂમાં નિયાએ જણાવ્યું કે, ઘણાં લોકોને લાગે છે કે તેણે એક્ટિંગમાંથી બ્રેક લીધો છે. પરંતુ એવું નથી. નિયાએ કહ્યું, "અમે બ્રેક લેનારા લોકોમાં નથી આવતા. હાલ હું એ પોઝિશન પર નથી. હું અત્યારે એવી ભીખારી છું જેને કામ જોઈએ છે, રૂપિયા જોઈએ છે. હું ક્યારેય ના કહી શકું કે મારે બ્રેક જોઈએ છે. મને લાઈફમાં ક્યારેય બ્રેકની જરૂર નહીં પડે. મારે કામ જોઈએ છે."જોકે, નિયાનું એમ પણ કહેવું છે કે, તે કોઈ સારા પ્રોજેક્ટમાં જ કામ કરવા માગે છે અને તેના માટે તે રાહ જોવા પણ તૈયાર છે. આ ઈંતેજારી ક્યારેક છ મહિનાની તો ક્યારેક વર્ષો સુધી તો કદી ચાર વર્ષ સુધી લંબાય છે. જે દુર્ભાગ્યની વાત છે. ક્યારેક નિયાને આ વાતનું જ દુઃખ થાય છે.




# 'હેરા ફેરી'ની સિક્વલ બનશે, જૂના કલાકારો ફરી મચાવશે ધૂમ

આઈકોનિક કોમેડી-ડ્રામા ફિલ્મ 'હેરા ફેરી' હજી પણ ચાહકોની પ્રિય ફિલ્મોમાંની એક છે. અક્ષય કુમાર, પરેશ રાવલ અને સુનીલ શેટ્ટીની આ ફિલ્મનું ત્રીજું ચેપ્ટર આવવાનું છે. હેરા ફેરીની સિક્વલની ચાહકો આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. ટૂંક સમયમાં ફિલ્મ હેરાફેરી 3 આવશે. ફિલ્મના નિર્માતા ફિરોઝ નડિયાદવાલાએ આ વાતની પુષ્ટિ કરી હતી. ફિરોઝે એક ઈન્ટરવ્યુમાં કન્ફર્મ કર્યું હતું કે હેરા ફેરી 3 આવશે અને જૂના કલાકારો ફરી ધૂમ મચાવશે.

ફિરોઝ નડિયાદવાલાએ બોલિવૂડ હંગામાને આપેલા ઈન્ટરવ્યુમાં હેરા ફેરી 3 વિશે વાત કરી હતી. ફિરોઝે કહ્યુ હતુ કે ટૂંક સમયમાં તમે જૂના કલાકાર અક્ષય, પરેશ ભાઈ અને સુનીલ સાથે હેરા ફેરી 3 જોવા મળશે. અમારી પાસે વાર્તા છે અને તેના પર કામ ચાલી રહ્યું છે. આ ફિલ્મ પહેલાના પાત્ર પર જ બનશે. અમારે વાર્તા, સામગ્રી, પટકથાના સંદર્ભમાં વધુ સાવચેતી રાખવી પડશે.

# અક્ષયની રક્ષાબંધન પાકિસ્તાની ફિલ્મની ઉઠાંતરી હોવાનો આરોપ

## બીલ કુરેશીની લોડ વેડિંગ પરથી સ્ટોરી ઉઠાવી



ઓરિજિનલ સ્ટોરીઓની તાણ ધરાવતું બોલીવુડ રિજિયોનલ, હોલીવુડ કે કોઈપણ વિદેશી ફિલ્મોની ઉઠાંતરી માટે બદનામ છે. આવતા ઓગસ્ટમાં રજૂ થનારી અક્ષય કુમારની રક્ષાબંધન ફિલ્મ પણ એક પાકિસ્તાની ફિલ્મ પરથી ઉઠાવવામાં આવી રહી હોવાનો આરોપ પાકિસ્તાનના સોશિયલ મીડિયા યૂઝર્સ લગાવી રહ્યા છે. અક્ષયની ફિલ્મમાં પોતાની બહેનોનાં લગ્ન માટે સંઘર્ષ કરતા ભાઈની વાત છે. તેનું ટ્રેલર જોયા બાદ સંખ્યાબંધ પાકિસ્તાની નેટિઝન્સ દ્વારા જણાવાયું છે કે આ તો પાકિસ્તાની ફિલ્મ સર્જક નબીલ કુરેશીની ફિલ્મ લોડ વેડિંગની બેઠી ઉઠાંતરી છે. બંને ફિલ્મનો પ્લોટ લગભગ એકસરખો છે. અગાઉ શાહીદ કપૂરની બત્તી ગુલ , મીટર ચાલુ પણ નબીલ કુરેશીની જ એક ફિલ્મની ઉઠાંતરી હોવાનો આરોપ લાગ્યો હતો.

# 'સ્ત્રી' બનીને ફરી ડરાવશે શ્રદ્ધા કપૂર



શ્રદ્ધા કપૂર અને રાજકુમાર રાવ અભિનિત ફિલ્મ 'સ્ત્રી'ને દર્શકોએ ખૂબ પસંદ કરી હતી. 2018માં 'સ્ત્રી' ફિલ્મ રિલિઝ થઇ હતી અને એ વર્ષમાં સૌથી હિટ ફિલ્મોમાંની એ એક હતી. હવે સમચાર છે કે, શ્રદ્ધા કપૂર ટૂંક સમયમાં ફિલ્મ 'સ્ત્રી'ની પ્રિક્વલનું શૂટિંગ પણ શરૂ કરશે. ફિલ્મ 'સ્ત્રી'ની સફળતા બાદ મેકર્સ હોરર કોમેડી ફિલ્મો બનાવવા પર વધારે ફોક્સ કરી રહ્યા છે. ફિલ્મ પ્રોડ્યૂસર દિનેશ વિજને ફિલ્મ 'સ્ત્રી' બનાવ્યાં બાદ રાજકુમાર રાવ અને જાહ્નવી કપૂર સાથે ફિલ્મ 'રુહી' બનાવી હતી. વરૂણ ધવન અને ક્રીતિ સેનન સાથે ફિલ્મ 'ભેડિયા'ની પણ જાહેરાત કરી છે. હવે તેઓ અન્ય એક હોરર ફ્રેન્ચાઇઝીની ફિલ્મ પર કામ કરવાની યોજના બનાવી રહ્યાં છે અને એ હોરર ફિલ્મ 'સ્ત્રી' પ્રિક્વલ છે, સમાચાર છે કે શ્રદ્ધા કપૂરે આ ફિલ્મનો ભાગ બનવાની હા પાડી દીધી છે. સમાચાર એ પણ છે કે આ વર્ષના ઓગસ્ટ મહિના સુધીમાં ફિલ્મનું શૂટિંગ શરૂ કરવામાં આવશે.


# 'પઠાણ'માં શાહરૂખનો લુક જોઈને ફેન્સ થયા ઉત્સાહિત



હમણા જ ફિલ્મ 'પઠાણ'નું મોશન પોસ્ટર રિલીઝ થયું હતું. જેમાં શાહરૂખનો ફર્સ્ટ લુક જોવા મળ્યો હતો. ફિલ્મ 'પઠાણ'માં શાહરૂખ ખાને ભારતીય એજન્ટનો રોલ કર્યો છે. શાહરૂખને આ પહેલા ભાગ્યે જ કોઈએ આવા લુકમાં જોયો હશે. કિંગ ખાને સોશિયલ મીડિયા પર પોતાનું મોશન પોસ્ટર શેર કર્યું છે. જેમાં તે લાંબા બૂટ અને પેન્ટ- શર્ટ પહેર્યા છે. આ સાથે જ હાથમાં ખૂબ જ ખતરનાક દેખાતી બંદૂકો સાથે ઉભો છે. તેના ચહેરા અને હોઠ પર પણ લોહી જોઈ શકાય છે.

લુક શેર કરતા શાહરુખ ખાને લખ્યું હતું કે, 30 વર્ષ થઇ ગયા અને હજુ પણ આગળ વધીશું, તમારું હાસ્ય અને પ્રેમ અવિરત છે. 'પઠાણ' સાથે આ જર્નીને આગળ વધારીએ છીએ. 25 જાન્યુઆરી 2023ના રોજ 'પઠાણ' આવી રહી છે. બોલિવૂડના કિંગખાન તરીકે જાણીતા SRK લાંબા સમયથી ફિલ્મમાં જોવા મળ્યો નથી. SRK છેલ્લે નિર્દેશક આનંદ એલ રાયની ફિલ્મ 'ઝીરો'માં જોવા મળ્યો હતો. 5 વર્ષ બાદ SRK રી-ડેબ્યું કરી રહ્યો છે.

# ઓટીટી ફિલ્મ -સીરિઝમાં ક્યારેય કામ નહી કરવાની જ્હોન અબ્રાહમની જાહેરાત



બોલીવુડના ભલભલા ખેરખાં અભિનેતા અને ફિલ્મ સર્જકોએ ઓટીટીને માધ્યમ તરીકે સ્વીકારી લીધું છે અને ખાસ ઓટીટી માટે ફિલ્મો બનાવવા માંડી છે. તેવા સમયે અભિનેતા જ્હોન અબ્રાહમે જાહેર કર્યું છે કે પોતે ખાસ ઓટીટી માટે જ બનાવાઈ હોય તેવી ફિલ્મ કે પછી વેબ સીરિઝમાં ક્યારેય કામ નહીં કરે. જ્હોન અબ્રાહમે કહ્યું હતું કે હું મોટા પડદાનો સ્ટાર છું. હું ૨૯૯ કે ૪૦૦ રુપિયા ભાડાંમાં લોકોના ડ્રોઈંગ રુમમાં ટીવી પર અવેલેબલ રહું એવી સ્થિતિ મારે નથી સર્જવી. મને એ સ્થિતિ સામે વાંધો છે. અભિનેતાએ એમ પણ કહ્યું હતું કે હું મોટા પડદા માટે સર્જાયો છે અને ત્યાં જ એક્ટિંગ કરવાનું ચાલુ રાખીશ. કોઈ ટેબ્લેટ પર મારી ઓટીટી ફિલ્મ જોઈ રહ્યું હોય અને અચાનક વોશરુમ જેવી કોઈ ઈમરજન્સીમાં એ શટડાઊન કરીને ચાલવા માંડેએ સ્થિતિ મારે માટે અસહ્ય હશે. જોકે, જ્હોને જણાવ્યું હતું કે તેને એક ફિલ્મ સર્જક તરીકે ઓટીટી માધ્યમ માટે કોઈ ધિક્કાર પણ નથી. તે ડિજિટલ સ્પેસ માટે ફિલ્મો કે અન્ય શો બનાવવાનું ચાલુ રાખશે. પરંતુ, એક એક્ટર તરીકે તે હંમેશાં ડિજિટ માધ્યમથી અંતર જાળવી રાખશે. જ્હોનની જોકે, પાછલી બંને ફિલ્મો સત્યમેવ જયતે ટૂ અને એટેક ટિકિટબારી પર બહુ ખરાબ રીતે નિષ્ફળ રહી છે. હવે જ્હોનને દીપિકા અને શાહરુખ સાથેની પઠાણ ફિલ્મ માટે બહુ આશા છે. જોકે, આ ફિલ્મ હજુ આવતાં વર્ષે આવવાની છે.

ગુજરાત

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com







## પહેલી જુલાઈ અષાઢી બીજે જગતના નાથ ફરી એકવાર નગરચર્યા માટે નિકળશે, વર્તમાન સીએમ માટે પહેલી રથયાત્રા

# 145મી રથયાત્રા માટે અમદાવાદમાં અનેરો થનગનાટ

ગુજરાત | વંદન

ઐતિહાસિક અમદાવાદ શહેરની આગવી ઓળખ ભગવાન જગન્નાથજીની રથયાત્રા છે, ગુજરાતના રાજકારણમાં એવી લોકવાયકા છે કે, રથયાત્રા સાંગોપાંગ પાર ઉતરે તો સરકાર કસોટીમાંથી પાર ઉતરી..ભૂતકાળમાં રથયાત્રાને રોકવાના બનાવો બન્યા છે. દર વર્ષે રથયાત્રા પર હુમલાની આશંકા વ્યક્ત કરી તેની સુરક્ષામાં નવા નવા ઉપકરણો ટેકનોલોજી અને માનવબળમાં વધારો થાય છે. આ વર્ષે 145મી રથયાત્રા વર્તમાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પહેલી રથયાત્રા છે. જોકે તેઓ કોરોનાગ્રસ્ત થતા હાલ પોતાના નિવાસ સ્થાને આઈસોલેટ છે ગઈ કાલે સાંજે કોરોના ટેસ્ટ કરતા હળવા લક્ષણો જોવા મળ્યા હતા. ત્યારે હવે પરિંદવિધિ કોના હસ્તે થશે તે હજુ નક્કી નથી થયું. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ મંગળા આરતીના દર્શન માટે મંદિરની મુલાકાતે આવશે. કોરોનાકાળમાં ભગવાન જગન્નાથજી બહેન સુભેદ્રા અને મોટા ભાઈ બલરામ રથોમાં બેસીને નગરચર્યાએ નિકળી શક્યા નહોતા. આ વર્ષે ભક્તજનો પણ જગતના નાથને વધાવી લેવા ભારે ઉત્સુક અને ઉત્સાહી છે. પોલીસ દ્વારા ભારે બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

અમદાવાદમાં 145મી રથયાત્રાને લઈ DGP આશિષ ભાટીયાએ પત્રકાર પરિષદ સંબોધી હતી. તેમને જણાવ્યુ હતું કે, રથયાત્રામાં 4 DIG, 20 SP, 38 DCP, 60 DYSPનો કાફલો બંદોબસ્તમાં જોડાશે. 150 PI, 300 PSI, 2 હજાર પોલીસ કર્મચારીઓ તૈનાત રહેશે. આ સાથે SRPની 21 કંપની અને પેરા મિલિટરી ફોર્સની 25 ટીમ તૈનાત રહેશે. તો સેન્ટ્રલ પેરા મિલ્ટ્રી ફોર્સની 22 કંપની બંદોબસ્તમાં જોડાશે.

અમદાવાદની રથયાત્રામાં દર વર્ષે 10 લાખથી વધુ લોકો રથયાત્રામાં ભાગ લેતા હોય છે. જોકે 2020માં કોરોનાના કારણે રથયાત્રા નહોતી નીકળી. આ તરફ હવે આ વર્ષે 145મી રથયાત્રાને લઈ પોલીસ તંત્ર દ્વારા તમામ તૈયારી કરી દીધી હોય રથયાત્રામાં લોખંડી સુરક્ષા ગોઠવવામાં આવી છે. આશિષ ભાટીયાએ જણાવ્યુ હતું કે, 19 કિમીની રથયાત્રામાં 3 રથ અને 101 ટ્રક જોડાશે. જેને લઈ RTO, મનપા, ST તમામનો સહકાર લેવામાં આવ્યો છે. સાથે સાથે ટ્રાફિક ડાયવર્જનની માહિતી પણ જાહેર કરવામાં આવી છે.

રથયાત્રા મહોત્સવ અંગે માહિતી આપતા મંદિરના ટ્રસ્ટી મહેન્દ્ર ઝાએ જણાવ્યું હતું કે રથયાત્રામાં 18 શણગારેલા ગજરાજો, 101 ભારતીય સંસ્કૃતિની ઝાંખી કરાવતા ટ્રકો, 30 અખાડા, 18 ભજન મંડળીઓ, 3 બેન્ડવાજા રહેશે. હરિદ્વાર, અયોધ્યા, નાસિક, ઉજ્જૈન, જગન્નાથપુરી અને સૌરાષ્ટ્રમાંથી 2000 જેટલા સાધુસંતો રથયાત્રામાં ભાગ લેવા આવશે. કોરોનાના કેસો વધ્યા છે જેથી કોરોનાના નિયમો છે જેથી લોકો માસ્ક પહેરી અને દર્શન કરવા આવે. મંદિરમાં પણ ત્રણ દિવસ ઉત્સવોમાં લોકો આવે ત્યારે માસ્ક પહેરીને આવે. રથયાત્રાનો રૂ. 1.5 કરોડનો વીમો લેવામાં આવશે.

આજે અષાઢી સુદ એકમના દિવસે સવારે ભગવાન જગન્નાથ બહેન સુભદ્રાજી અને ભાઈ બલરામનો

...અનુસંધાન પેજ નં. 6 પર

### રથયાત્રા ક્યારે, ક્યાં પહોંચશે

- સવારે 4:00 વાગ્યે : મંગળા આરતી જેમાં મુખ્ય અતિથિ અમિત શાહ રહેશે.
- સવારે 4:30 વાગ્યે : વિશિષ્ટ ભોગ (ખિચડી) ભગવાનને ધરાવાશે.
- સવારે 5:00 વાગ્યે : ભગવાન શ્રી જગન્નાથજીનો અતિપ્રિય આદિવાસી નૃત્ય અને રાસ ગરબા, ભગવાનને આંખે બાંધેલા પાટા ખોલવાની વિધિ.
- સવારે 5:45 વાગ્યે : રથમાં ભગવાનનો પ્રવેશ
- સવારે 7:05 મંદિરથી રથયાત્રાનો શુભારંભ
- સવારે 9:00 મ્યુનિસિપલ કોર્પોરેશન
- સવારે 9:45 રાયપુર ચકલા
- સવારે 10:30 ખાડીયા ચાર રસ્તા
- સવારે 11:15 કાલુપુર સર્કલ
- બપોરે 12:00 સરસપુર
- બપોરે 1:30 સરસપુરથી પરત
- બપોરે 2:00 કાલુપુર સર્કલ
- બપોરે 2:30 પ્રેમ દરવાજા
- બપોરે 3:15 દિલ્હી ચકલા
- બપોરે 3:45 શાહપુર દરવાજા
- બપોરે 4:30 આર. સી. હાઈસ્કુલ
- સાંજે 5:00 ઘી કાંટા
- સાંજે 5:45 પાનકોર નાકા
- સાંજે 6:30 માણેકચોક
- સાંજે 8:30 નીજ મંદિરે પરત

## વિનોદસિંહ રાજપૂત એક હરતાં ફરતાં શાદીડોટકોમ, 300 લગ્નો કરાવ્યાં..!

# ગુજરાતમાં પરપ્રાંતના સમાજ માટે વિનોદસિંહ રાજપૂત એટલે- જરૂર કોઇ રિશ્તા લેકે આયે હૈ..! શુભ મંગલ..

ગુજરાત | વંદન

એમ કહેવાય છે કે, લગ્ન સ્વર્ગમાં નક્કી થાય છે પરંતુ અમદાવાદમાં રહેતા યુપી અને બિહારના પરપ્રાંતિય સમાજના વિનોદસિંહ રાજપૂતની ખાસિયત કે વિશેષતા એ છે કે તેઓ ‘હરતાંફરતાં શાદી ડોટ કોમ’ સમાન છે અને અત્યાર સુધીમાં પોતાના પ્રયાસોથી પરપ્રાંતિય સમાજના 300 જણોના લગ્ન કરાવ્યા છે..!

અમદાવાદ, સુરત અને અન્ય શહેરોમાં ખૂબ મોટી સંખ્યામાં યુપી અને બિહારના લોકો વસે છે. રોજીરોટી માટે વર્ષો પહેલાં આવેલા આ સમાજના લોકોએ ગુજરાતને પોતાનું બીજુ ઘર બનાવ્યું છે અને સમય જતાં તેમના સંતાનો મોટા થતાં પોતાના સમાજમાં જ લગ્નની પરંપરા માટે કન્યા શોધવાનું અઘરૂ અને સમય માંગી લે એવુ કામ વિનોદસિંહ રાજપૂત પર છોડ્યું છે. અથવા એમ કહી શકાય કે ગુજરાતમાં રહેતાં પરપ્રાતના સમાજના સંતાનોને કન્યા કે વર શોધી આપવાનું કામ વિનોદસિંહે પોતાના માથે લઈ લીધુ હોય તેમ છેલ્લાં 15 વર્ષમાં ગુજરાતમાં ફરી ફરીને 300 જેટલા લગ્નો કરી આપ્યાં છે..

સંતાન મોટા થાય એટલે મા-બાપને તેના માટે સારો વર કે સારી કન્યાની શોધ કરવી પડે અને



તે સમય માંગી લે તેવુ કામ છે. વિનોદસિંહ કહે છે કે તેમણે આવા જ એક ચિંતિત પરિવારની મદદ કરીને જોઈતુ પાત્ર લાવી આપ્યું અને ખૂબ સારી રીતે લગ્ન થયાં, તે જોઈને તેંમના મનમાં એવો વિચાર આવ્યો કે ગુજરાતમાં રહેતાં પરપ્રાંતના લોકો એકબીજાને ઓલખતા પણ ના હોય અને શાદી-બ્યાહના મામલામાં સામેવાળાનું ઘર જોવુ પડે, પરિવારનો થોડોક ઈતિહાસ પણ જોવો પડે. અને એમ વિચારીને તેમણે મોબાઈલ શાદીડોયકોમની જેમ હરતાં ફરતાં ઘર-પરિવારો જોવાનું શરૂ કર્યું અને લગ્નના સુપાત્રોની તપાસ કરીને તેની નોંધ રાખવા માંડી અને જે સમાજના હોય તે સમાજમાં કન્યા કે લગ્નને પાત્ર છોકરાઓ ક્યાં કેટલા અને કોને ત્યાં છે તેની જાણકરી મેળવી મેળવીને 300 જોડાં બનાવી આપ્યા છે..!

“ગુજરાત વંદન” અખબાર સાથેની ખાસ મુલાકાતમાં તેઓ કહે છે કે 15 વર્ષ પહેલાં તેમણે એક કે બે લોકોની આ રીતે શાદી કરાવી અને પછી લોકો તેમને સામેથી શોધતા આવવા લાગ્યા કે તેમંની દિકરી માટે કોઈ સારો છોકરો હોય તો જોજો તો કોઈ વળી દિકરા માટે કન્યા શોધવાની વાત કરતા હતા અને તે માટે તેઓએ ત્યારબાદ આખા ગુજરાતમાં જ્યાં જ્યાં યુપી-બિહાર અને પૂર્વાંચલના લોકો રહે છે તેની વિગતો એકત્ર કરીને આ કામ પાછળ રોજના 5-6 કલાક આપે છે.

માંગુ પાકુ કરવા બદલ અને લગ્ન બાદ તેમંને જે તે પરિવાર તરફથી ફી પેટે શું મળે છે તેવા એક સવાલના જવાબમાં વિનોદસિંહે કહ્યું કે તેઓ કોઈ મોટી ફી લેતા નથી. પણ સમાજસેવાની લાગણી સાથે કામ કરતાં હોવાથી જે તે પરિવાર રાજી થઈને જે આપે તે લઈ લે છે. તેમને સંતોષ એ છે કે તેમના સમાજના સંતાનોને લગ્ન માટે સુપાત્ર શોધવામાં મુશ્કેલી પડતી નથી. તેમના પ્રયાસોથી જોડા બની રહ્યાં છે.

તેમણે એમ પણ કહ્યું કે તેમનુ કામ જોઈને ઘણાં સંગઠનોએ તેમને પોતાની સાથે મળીને આ શુભકાર્ય કરવાની ઓફરો કરી છે પરંતુ તેઓ કોઈના બેનર હેઠળ કામ કરવા માંગતા નથી. તેમને મોટી રકમની ઓફર પણ થઈ પરંતુ તેમણે એમ કહીને ના પાડી કે લગ્ન એક એવો પવિત્ર સંબંધ છે કે જેને પૈસાથી ખરીદી શકાતો નથી.

### થોડી ઈધર કી થોડી ઉધર કી

# તાલીબાની ખતરનાક ખૂની ખેલ ખત્મ હો...શાંતિ અમન-ચમન કાયમ હો..!



દેશ- દુનિયાએ અફઘાનમાં તાલીબાનોના અત્યાચારો અને હત્યાકાંડો જોયા છે. વિરોધીઓને મારીને જાહેરમાં લટકાવી દેવા, જાહેરમાં માથુ વાઢી નાંખવુ અને તેને લાઈવ બતાવવુ એ બધુ જોઈને આપણે કહેતા હતા કે આ બધુ ના ચાલે. પણ હવે ભારતમાં તાલીબાની જેવી એક ઘટનાને લઈને જો હજુ પણ સ્થિતિ કાબુમાં નહીં આવે તો અને કાબુમાં લાવવામાં નહીં આવે તો શું થશે તેની કલ્પના જ કરવી રહી..

પર્યટન સ્થળ ઉદેપુરમાં કનૈયાલાલ તેલી નામના દરજીની તેની દુકાનમાં ઘૂસીને બે કટ્ટરપંથીઓએ નિર્દયતાથી ગળુ કાપીને હત્યા કરી અને તેનો વિડિયો બનાવીને વાઈરલ પણ કર્યો. અસ્સલ તાલીબાની કૃત્ય આચરીને એવો સંદેશો આપવાનો પ્રયાસ કર્યો કે નુપૂર શર્માની જેમ જે કોઈ અમારા ધર્મના વડીની વિરૂધ્ધ જે કોઈ આડુઅવળુ બોલશે તો તેના આવા હાલ થશે..!

આ ઘટનાને માત્ર વખોડી કાઢવાથી વાતનો અંત નહીં આવે. નુપૂર શર્માને જાનથી મારી નાંખવાની ધમકીઓ મળેલી જ છે અને તેને સુરક્ષિત સ્થાને રાખવામાં આવી હોવાથી તેના જાન ઉપર કોઈ જોખમ નથી પણ નુપૂર શર્માને ટેકો આપનારા બીજાઓની સલામતીનું શું..? એમ કહેવાય છે દરજીને પણ ધમકીઓ મળતી હતી અને જાનનું જોખમ હતું. તેમ છતાં તાલીબાની માનસિકતાએ જે કરવાનું હતું તે કર્યુ. પણ આવુ ફરી ના થાય તેવા પ્રયાસો કરવા જ પડશે. નહીંતર આજે કનૈયાનો વારો તો કાલે કોઈ બીજાનો વારો...? ખતરનાક તાલીબાની ખૂની ખેલ ખત્મ હો...શાંતિ અમન-ચમન કાયમ હો..!

### ગાંધીજી, તમો મિડિયામાં ચમકવાનો શોર્ટકટ બની ગયા, હવે સુભાષબાબુના હત્યારા પણ બનાવી દેવાયા..! હે રામ...



અખબારોમાં ચમકવા માટે કોઈ મુદ્દો ના મળે તો ગાંધીજીને ભાંડો, ગાંધીજીને વગોવો, ગાંધીજીના નામે મન ફાવે તેમ બોલો અને અખબારોમાં પહેલા પાને જગ્યા મળે જ મળે. કેમ કે તેમાં કેન્દ્ર સ્થાને ભાંડનાર, બોલનાર નહીં પણ મહાત્મા છે.

તો વાત એમ છે કે ભાજપના રાજસ્થાન ઝુનઝુનાના સાંસદ (રીપીટ સાંસદ) નરેન્દ્રકુમાર ખીચડે ક્યા ખૂબ કહા હૈ..તેઓ કહે છે આઝાદ હિન્દ ફૌજની રચના કરનાર સુભાષચંદ્ર બોઝની ગાંધીજીએ હત્યા કરાવી હતી...! જેથી સુભાષબાબુ વડાપ્રધાન ન બની શકે...! ભારે ઉહાપોહ બાદ સાંસદ ન.ખી.એ અન્ય નેતાઓની જેમ કહ્યું-મેરા કહેના કા મતલબ યે નહીં થા...! ચાકૂ માર કે નહીં લેકિન પોલીટીકલ મર્ડર કરવાયા થા..?!

તુમ મુઝે ખૂન દો મૈં તુમ્હે આઝાદી દૂંગા..નું આહવાન કરનાર બંગાળી બાબુમોસાય દેશના પહેલા વડાપ્રધાન બન્યા હોત તો...? મન બહેલાને કે લિયે ગાલિબ ખ્યાલી પુલાવ અચ્છા હૈ..

...અનુસંધાન પેજ નં. 6 પર

## સિધ્ધુ મુસેવાલાની હત્યામાં પકડાયેલ

# ત્રણ શાર્પ શૂટરને મકાન ભાડે આપનાર આધેડ વિરુદ્ધ ગુનો નોંધાયો

ગુજરાત | વંદન

પંજાબી ગાયક સિધ્ધુ મુસેવાલાની હત્યા કરી કચ્છના મુન્દ્રામાં ભાગી આવનાર ત્રણ ઈસમોને મકાન ભાડે આપનાર વિરૂદ્ધ પોલીસે ગુનો નોંધ્યો હતો. મુસેવાલાની હત્યા બાદ સમગ્ર કચ્છમાં પોલીસ સતર્ક થઈ ભાડે મકાન આપતા લોકો પર કાર્યવાહી શરૂ કરી છે. જેમાં સિધ્ધુ મુસેવાલાની હત્યા કરનાર ત્રણ શાર્પ શૂટરને મકાન ભાડે આપનાર મુન્દ્રા બારોઈના વતની વિરૂદ્ધ પોલીસે ગુનો નોંધ્યો હતો.

ગુનાની હકીકત મુજબ, ગત 19 તારીખે દિલ્હી પોલીસે મુન્દ્રાના બારોઇ ગામના ખારીમીઠી રોડ પર આવેલા એક ઘરમાંથી ત્રણ લોકોને ગાયક મુસેવાલાની હત્યાના ગુનામાં ધરપકડ કરતાં સમગ્ર કચ્છમાં ચકચાર મચી હતી. દિલ્હી પોલીસના અંડરકવર ઓપરેશનની જાણ થતાં જ કચ્છ પોલીસ પણ સતર્ક બની ગઈ હતી. તો દિલ્હી પોલીસે ધરપકડ બાદ દિલ્હી ખાતે કરેલી પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, કચ્છના મુન્દ્રા મધ્યેથી પકડાયેલા ત્રણ આરોપીઓએ જ સિધ્ધુ મુસેવાલાની હત્યા કરી હતી. પંજાબમાં હત્યા કર્યા બાદ ત્રણેય ઈસમો કચ્છ ભાગી આવ્યા હતા અને મુન્દ્રાના બારોઇ મધ્યે ભાડાના મકાનમાં રહેતા હતા.

# એહમદ પટેલની રાજ્યસભાની ચૂંટણી સમયે મને 40 કરોડની ઓફર હતી: હર્ષદ રીબડીયા

ગુજરાત | વંદન

રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે, તેમ રાજકારણમાં ગરમાવો જોવા મળી રહ્યો છે. થોડા દિવસ પહેલા ગુજરાતમાં વિધાનસભા ચૂંટણી પહેલા કોંગ્રેસના કદાવર નેતા અને ધારાસભ્ય કોંગ્રેસ છોડવાની તૈયારીમાં છે તેવા એક સમાચાર વહેતા થયા હતા. પરંતુ જૂનાગઢમાં એક બેઠક દરમિયાન



કોંગ્રેસ ધારાસભ્ય હર્ષદ રીબડીયાએ ખુલાસો કરીને મોટું નિવેદન આપ્યું છે.

કોંગ્રેસ ધારાસભ્ય હર્ષદ રીબડીયાએ જૂનાગઢમાં મળેલી એક બેઠકમાં હુંકાર કરીને ભાજપને મૂંહતોડ જવાબ આપ્યો છે. તેમણે હુંકાર કરતા જણાવ્યું છે કે, મારી ભાજપમાં જોડાવાની વાત અફવાહ માત્ર છે. વિસાવદર તાલુકાના ભલગામે એક કાર્યક્રમમાં ભાજપમાં જોડાવાનો સ્પષ્ટ ઈન્કાર કરીને તેમણે અફવાહ પર પૂર્ણવિરામ મૂક્યું છે.

કોંગ્રેસ ધારાસભ્ય હર્ષદ રીબડીયાએ વિસાવદર તાલુકાના ભલગામે એક કાર્યક્રમમાં એક વાતનો ખુલાસો કરીને ખળભળાટ મચાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, એહમદ પટેલની રાજ્ય સભાની ચૂંટણી સમયે આજ લોકોએ મને ક્રોસ વોટિંગ કરીને તેમને વોટ નહીં આપવા માટે મને 40 કરોડની ઓફર કરી હતી. પરંતુ મેં સ્વીકારી નહોતી. સિંહ કોઈ દિવસ ખડ નો ખાઈ. આ નિવેદન બાદ બેઠકમાં હાસ્ય ફેલાઈ ગયું હતું.

## દહેગામનાં નાંદોલમાં આવેલાં ઔષધવન વનમાં તસ્કરો ત્રાટક્યા

# ચંદનનાં છ વૃક્ષો કાપીને ચોરી કરી ફરાર

ગુજરાત | વંદન

દહેગામના નાંદોલ ગ્રામ પંચાયતની ગૌચરની જમીનમાં આવેલા ઔષધવનમાંથી રાત્રીના અંધકારમાં પુષ્પા સ્ટાઈલમાં તસ્કરો આરામથી ચંદનના છ વૃક્ષો કાપીને વાહનમાં ભરીને નાસી ગયાની ઘટના પ્રકાશમાં આવતા તાલુકા વિકાસ અધિકારી, મામલતદાર તેમજ પોલીસ દોડતી થઈ ગઈ હતી. તસ્કરો લાખો રૂપિયાની કિંમતના ચંદનના છ વૃક્ષો ચોરીને નાસી જતાં અંદરના કોઈ માણસની સંડોવણી હોવાની શક્યતા વર્તાઈ રહી છે.

ગાંધીનગરમાં છેલ્લા ઘણા સમયથી ચંદન ચોર સક્રિય થઈને આરક્ષિત ચંદનના વૃક્ષો કાપી ચોરીને સિફતપૂર્વક પલાયન થઈ રહ્યા છે. હમણાં ગયા મહિને મહુડીથી ફતેપુરા ત્રણ રસ્તા પરથી કારમાંથી પોલીસે તપાસ કરતાં 178 કિગ્રા સુખડ અને ચંદનના લાકડા સાથે 9.34 લાખનો મુદામાલ ઝડપી પાડી પાંચ ઈસમોની ધરપકડ કરી લેવાઈ હતી. ત્યારે દહેગામના નાંદોલનાં ઔષધવન માંથી લાખોની કિંમતના ચંદનના વૃક્ષોની ચોરીની ઘટના પ્રકાશમાં આવી છે.

નાંદોલ ગ્રામ પંચાયતની ગૌચરની જમીનમાં ઔષધવન ઊભું કરવામાં આવ્યું છે. અહીં વિવિધ જાતના ઔષધીય વૃક્ષોની સાથે ચંદનના વૃક્ષો પણ ઉછેરવામાં આવ્યા છે. ત્યારે રાત્રીના સમય દરમ્યાન ચંદન ચોર ટોળકી ઔષધવનમાં ત્રાટકી હતી. અને રાત્રીના અંધકારમાં આરામથી ચંદનના છ વૃક્ષોની ડાળીઓ કાપી નાખીને લાખોની કિંમતના આખે આખા થડ કોઈ વાહનમાં ભરીને પલાયન થઈ ગયા હતા.

સવારે થતાં જ તાલુકા વિકાસ અધિકારી, મામલતદાર, ગામના તલાટી કમ મંત્રી તેમજ સ્થાનિક પોલીસ ઔષધવન દોડી ગયા ગયા હતા. ચંદનનું ઝાડ કાપી નાખ્યાં બાદ તેને સ્થળ ઉપર મૂકીને તસ્કરો નાસી છુટયા હોવાનું પોલીસને જાણવા મળ્યું હતું. ચંદન ચોર ગેંગ વાહન તેમજ કટર લઈને આવ્યા હોવાનું બહાર આવ્યું છે. ચંદનના વૃક્ષો કાપતા પહેલા ચંદન ચોર ગેંગે ઉક્ત સ્થળની રેકી કરી ચોરીની ઘટનાને અંજામ આપવામાં આવ્યો ઉપરાંત કોઈ અંદરના માણસની સંડોવણી હોવાની શક્યતા વર્તાઈ રહી છે.